
અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈના
દિવ્ય જીવનના પ્રેરક પ્રસંગો

# પ્રસંગમાળા



સર્વજીવહિતાવહ ગ્રંથમાળા-૫૬

ભાગ-૧

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

અમદાવાદ-૧૩

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં
સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છેઃ

## જમણા ચરણકમળમાં નવ ચિહ્નો

**સ્વસ્તિકઃ** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણઃ** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઇશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખાઃ** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશઃ** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજઃ** અથવા **કેતુ** સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર :** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મઃ** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ:** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ:** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

## ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો

**મીન:** સામા પ્રવાહે વહી ઉદ્ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ:** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ:** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

**ગોપદ:** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ:** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર:** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ:** ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિ:સ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ;
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ.

બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહ ધરી આઈ;
જે જન આઈ રહે ઈન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ.

કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ.

અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ.



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

॥ સહજાનંદ સુખદાઈ ભજ મન, સહજાનંદ સુખદાઈ. ॥

॥ શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, ધ્યાન ધરો ઉર લાઈ. ॥

॥ સુંદર બોલની સુંદર હસની, મુશકની બરની ન જાઈ. ॥

॥ શોભા ધામ સુખ સૂરત, સંત મુક્ત સંગત આઈ. ॥

॥ અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં ઠહરાઈ. ॥




જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(ભાઈઓ)

સુંદર શ્રી ઘનશ્યામ સદાઇ, શરનાગત સુખકારી રે;
એહી છબી અંતરમેં ધરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે.

અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે;
એસેં હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે.

જેહી જન આઇ રહે ઇન શરને, હો ગયે ભવજન પારી રે;
અવધપ્રસાદ થાનકી છબીપેં, વાર વાર બલિહારી રે.



જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(બહેનો)

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી

અને સદા સાકાર

દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ

**શ્રી સ્વામિનારાયણ ભગવાન**ના

ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા,

એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું

સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની

સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા

- આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ

પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ

**અનાદિ મહામુક્તરાજ**

**પ. પૂ. શ્રી અબજીબાપાશ્રી**ના

ચરણકમળોમાં સાદર સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

# અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના

સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત

કરી આધ્યાત્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,

અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને

ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઊર્ધ્વીકરણ

કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ

સંસ્થા **'શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન'**નું

સ્થાપન કરનાર કરુણામૂર્તિ સદ્‌ગુરુવર્ય

**અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈ**ના

ચરણકમળમાં શતકોટિ વંદન!

સંસ્થાપક



અનાદિ મુક્તરાજ

પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઉઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માવનજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ

પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઇ દૂર થઇ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ
**નારાયણભાઈ ગી. ઠક્કર**
સ્થાપક પ્રમુખ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સં. ૨૦૪૨, શ્રીહરિજયંતી
એપ્રિલ ૧૮, ૧૯૮૬
અમદાવાદ

श्री स्वामिनारायण डिवाइन मिशन

सर्वजीवहितावह

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

# પ્રસંગ માળા
## ભાગ-૧

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૫૯

: સંસ્થાપક:

• અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર •

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
અમદાવાદ - ૩૮૦ ૦૧૩

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

❄ **પ્રકાશન સમિતિ** ❄

*: પ્રેરક - માર્ગદર્શક :*

❄ **અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર** ❄

© શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ
(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)
ઈન્કમટેક્ષ એક્ષેમ્પશન u/s 80(G)5

***દ્વિતીય આવૃત્તિ***
પ્રત : ૩૦૦૦
૨૦૧૩, ૧૬, ફેબ્રુઆરી
સં. ૨૦૬૯ મહા સુદ છઠ

***સેવા મૂલ્ય*** : રૂ.૧૫/-

***પ્રકાશક***
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ
નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩ ✆ : ૨૭૬૮૨૧૨૦
E-mail : info@shriswaminarayandivinemission.com
Website : www.shriswaminarayandivinemission.org

***: મુદ્રક :***
મુદ્રણ સંસ્કાર;
મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઑફસેટ
આંબલી ગામ, અમદાવાદ.

# દ્વિતીય આવૃત્તિનું નિવેદન

જેમનું જીવન જ એક સદ્ઉપદેશકની ગરજ સારે એવું ઉત્કૃષ્ટ હતું, એવા અનાદિમુક્ત પૂજ્ય શ્રી નારાયણભાઈના અલૌકિક સામર્થ્ય, પ્રતાપ અને સદ્ગુણોને ઉજાગર કરતા તેમના જીવનપ્રસંગોમાંથી કેટલાક ચૂંટેલા પ્રસંગો 'પ્રસંગ માળા' શિર્ષક હેઠળ 'શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન' દ્વારા સંસ્થાના રજત જયંતિ પ્રસંગના ઉપલક્ષે પ્રકાશિત થાય તેમાં સહજ આનંદ ને ગૌરવની લાગણી સમાયેલાં છે.

જેમ માળાના એક એક મણકામાં વૃત્તિ એકાગ્ર થવાથી પરમાત્માના સ્વરૂપની સ્મૃતિ થાય છે, તેમ મુક્તરાજના એક એક પ્રસંગો જાણવાથી તેમના અદ્ભુત સામર્થ્ય, પ્રતાપ અને ઈશ્વરીય કલ્યાણકારી ગુણોની ઝાંખી થાય છે. સાથે સાથે મુક્તપુરુષનું જીવન કેવું આદર્શ ને અનુકરણીય હોય છે તે વાત પણ સ્પષ્ટ થાય છે.

આ પુસ્તકના વાંચન દ્વારા મુક્તપુરુષના કલ્યાણકારી ગુણોને પોતાના જીવનમાં આત્મસાત્ કરવાની અખૂટ પ્રેરણા અને બળ મળી રહે અને જીવનનું પરમ લક્ષ્ય એવી પ્રભુપ્રાપ્તિ માટે ઉત્કંઠા જાગે ને તે અંગે પુરુષપ્રયત્ન કરવાની ધગશ ઉદ્ભવે એવી અમારી શુભ ભાવના છે. વાંચનની સરળતા માટે આ ગ્રંથને બે ભાગમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે.

સિદ્ધ મુક્તના પ્રેરણાદાયી જીવનપ્રસંગો

જીવનઘડતરમાં કેવા ઉપયોગી થતા હોય છે તેવા વાચકોના સ્વાનુભવરૂપ પ્રતિભાવોને લઈને તેની પિપાસા અનેકને જાગૃત થઈ હોવાથી હવે તેની દ્વિતીય આવૃત્તિ પ્રકાશિત કરતાં હર્ષની ઊર્મિ ઉદ્‌ભવે તે સ્વાભાવિક છે.

અંતમાં પરમકૃપાળુ શ્રીહરિ, અનાદિ મહામુક્તરાજ બાપાશ્રી, સમર્થ સદ્‌ગુરુશ્રીઓ અને આપણા પ્રેરણાસ્રોત સમા સદ્‌ગુરુવર્ય અ. મુ. પૂજ્ય શ્રી નારાયણભાઈની નિઃસીમ કૃપા પ્રકાશન કાર્યમાં મદદરૂપ થનાર તથા વાંચકવૃંદ ઉપર વરસે એવી હાર્દિક અભ્યર્થના!

સં. ૨૦૬૯, મહા સુદ છઠ
ઈ. સ. ૨૦૧૩, ૧૬ ફેબ્રુઆરી

**પ્રકાશન સમિતિ**
**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

# ૧

પ્રાત:કાળે ચાર વાગ્યાનો સમય હશે. લોકો હજી ચિર નિદ્રામાં સ્વપ્ન સેવતા પથારીમાં પોઢ્યા હતા. મુક્તરાજ મામાના ઘરમાં આટલી વહેલી સવારમાં લાઈટ સળગી રહી હતી, જે ઘરમાં પ્રવૃત્તિ ચાલતી હોવાના એંધાણ આપી રહી હતી. મામા આટલા વહેલા ઊઠી નિત્યવિધિથી પરવારી ઉપર જ્ઞાનભવનમાં ગયા અને સ્વયં ત્યાંના બાથરૂમ-સંડાસ ચીવટપૂર્વક સાફ કરી, પાણી ગરમ કરી નાહવા માટે સરસ રીતે બાથરૂમ તૈયાર કર્યું. દરેક વસ્તુનું મામા પોતે ધ્યાન રાખતા હતા. કોઈ સેવકને પણ કાર્ય સોંપતા નહિ. આ બધું પોતે એટલા માટે કરતા કે ઉપર જ્ઞાનભવનમાં સદ્‌ગુરુવર્ય પુરાણી મુની સ્વામીશ્રી પધાર્યા હતા. અને તેમની દરેક જરૂરિયાતનું મામા સ્વયં ધ્યાન રાખતા. મુનિ સ્વામીને નાહવાની વ્યવસ્થા કરી દઈ, પોતે નીચે આવી બીજી વખત સ્નાન કરી ઝડપથી બધી ક્રિયા પતાવી સ્વામી નિત્યવિધિથી પરવારે તે પહેલા સેવામાં પહોંચી જાય. સ્વામીની દરેક જરૂરિયાતનું ધ્યાન રાખી સ્વામી કહે તે પહેલા હાજર કરી આપે. સવારથી રાત સુધી સ્વામીની સેવામાં વિતાવે. રાત્રે પણ સ્વામીના પગ દબાવી સ્વામી વિશ્રામ કરે ત્યાર બાદ જ પોતે આરામ કરે. જ્યાં સુધી સ્વામી આરામ ન કરે, ત્યાં સુધી પોતે તેમની સેવામાં રત રહે. સ્વામી ના પાડે, “ભાઈ, તમારે કયાં કર્મો

ઘસવાના બાકી છે? તમે પૂર્ણ મુક્ત છો. આટલો બધો શ્રમ તમે ન લો. તમારાથી આમ મારી સેવા ન થાય. બીજાને થોડું કામ કરવા દો તો તેમને પણ લાભ મળે." મામા કહે, "તેમને લાભ મળે તેટલા માટે જ હું કરું છું. હું કરું તે જોઈને તેઓ પણ શીખશે કે આપ જેવા સદ્‌ગુરુની સેવા કેટલી ચીવટ રાખી કરવી જોઈએ." સ્વામી કહે, "સેવા તો તમારી કરે તો તેમને ઘણો લાભ મળે." આમ બંને મુક્ત સેવા કરવાનું કહેતા હતા. આ સાંભળી હાજર રહેલા સેવકોએ પૂછયું કે, "મામા સેવાનો મહિમા કેટલો? તે કરવાથી શું અને કેટલો લાભ થાય?"

મામા કહે, "**સેવા પરમો ધર્મ**" સેવા કરવાથી દરેક કાર્ય સિદ્ધ થાય. બાપાશ્રીએ કહ્યું છે કે, જેને ભગવાન ભજતાં ન આવડતું હોય, ધ્યાન કરતાં ન આવડતું હોય તેણે મોટાની સેવા કરવી. એમ સેવા એ પ્રભુજીની નજીક પહોંચવાનો સૌથી સરળ ઉપાય છે. દરેકે સેવા કરવાનો ગુણ તો કેળવવો જ જોઈએ. સેવા કરવાથી કર્મો ઘસાય છે. સેવા ગમે તે પ્રકારની હોઈ શકે. શારીરિક, માનસિક, આર્થિક ગમે તે. અગત્યનું છે મનમાં સેવા કરવાનો ભાવ હોવો. આર્થિક સેવા કરવાનું દરેકનું સામર્થ્ય ન હોય તો તેઓ શારીરિક સેવા કરે. પણ સેવા અવશ્ય કરવી. હવે સેવા જરૂરિયાતવાળા દરેકની કરવાથી લાભ તો થાય, પરંતુ મુક્તપુરુષની સેવા કરવાથી અદ્‌ભુત લાભ પ્રાપ્ત થાય છે. અને તેમાંય પૂર્ણ અનાદિમુક્તની સેવા કરવાથી તો વાત જુદી જ બને છે.

સામાન્ય જીવોની સેવાથી માત્ર પુણ્ય ભેગું થાય બસ. જ્યારે મુક્તપુરુષની સેવાથી કર્મો ઘસાય છે, ચેતનાની ઊર્ધ્વગતિ થાય છે, મનોવાંછિત ફળ પ્રાપ્ત થાય છે. મુક્તપુરુષનો રાજીપો પ્રાપ્ત થવાથી આધ્યાત્મિક ઉન્નતિ થાય છે. આધ્યાત્મિક ઉન્નતિ માટે કેટલોય પુરુષાર્થ કરવો પડે છે, જ્યારે સેવાથી તે સહજ બને છે. મુક્તપુરુષની સેવા કરવાથી અંત:શત્રુઓ પીડતા નથી, ખોટા સંકલ્પો વિરામ પામે છે, મન અનેરી શાંતિનો અનુભવ કરે છે. એવા ઘણા દાખલાઓ પણ છે કે, મુક્તની સેવા કરવાથી જીવની પ્રકૃતિ સાવ બદલાઈ ગઈ હોય. તેના જીવનમાં આમૂલ પરિવર્તન આવી ગયું હોય. હૃદયના ખરા ભાવથી પૂર્ણ મુક્તની સેવા કરી તેમનો રાજીપો મેળવ્યો હોય તો તેઓ જીવને પાત્ર કરી શ્રીજીના દિવ્યસ્વરૂપના દર્શન પણ કરાવે છે. આ છે પૂર્ણ મુક્તની સેવાનું ફળ. અને આ છે સેવાનું મહત્ત્વ.

સેવાનો ગુણ જીવનમાં અગત્યનો ગુણ છે. દરેકે તે કેળવવો જ જોઈએ. સેવાના ગુણના અદ્‌ભુત તેમ જ અલૌકિક ફાયદા છે. અને જીવનમાં આગળ વધવા મહત્ત્વનો ગુણ હોવાથી જ હું હંમેશા તમને બધાને એ ગુણ કેળવવાનો આગ્રહ રાખું છું. અત્યારે પુરાણી સ્વામીની સેવા કરવાથી પણ અનેરો લાભ મળે તેમ છે.” સ્વામી કહે, “ભાઈને તો દરેક ગુણ કેળવાયેલા જ છે. તેઓ પૂર્ણ મુક્ત છે. તેમને સેવા કરી કોઈ લાભ મેળવવાની ગરજ નથી. તેઓ તો સેવા કરવાના પોતાના સહજ સ્વભાવને લઈને નાના હતા ત્યારથી સેવા કરતા

આવ્યા છે. તમારે તેમની પાસેથી એ શીખવાનું છે. અત્યારે પણ તેઓ જે ચીવટ રાખી મારી સેવા-ચાકરી કરે છે તે જોઈ તમારે બધાયે શીખ લેવાની છે. અને તમે બધા તેઓની આથી વિશેષ ચીવટ રાખી સેવા કરશો તો મહારાજનો રાજીપો તમારા પર ઉતરશે. મારી વાત યાદ રાખજો.” સેવકોએ સંમતિ આપતાં માથું હલાવ્યું. સેવકો મામાને કહે, “હવેથી સ્વામીની અને આપની સેવા અમે કરીશું.” મામા કહે, “તમને આવડે તેવી તમે કરજો. અત્યારે તો સ્વામી મારે ત્યાં પધાર્યા છે. આથી હું તેમની સેવાનો લાભ લઈશ.” આમ કહી મામાએ એ પણ શીખવ્યું કે પોતાને ત્યાં આવનાર મુક્તની પોતે જ સેવા કરવી એ પોતાની ફરજ છે. મામાએ અ. મુ. પૂ. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામીની એક મહિનો ખંતપૂર્વક સેવા કરી.

સેવાનો આવો ઉત્તમ મહિમા જાણી સેવકોને સેવા કરવાનો અનેરો ઉત્સાહ વધ્યો. તેઓ બેવડા ઉત્સાહથી સ્વામી તથા મામાની સેવા કરવા લાગ્યા. આજે જ તો તેમને સેવા કરવાનું રહસ્ય ખરા અર્થમાં સમજાયું હતું.

❋❋❋

## ૨

મુંબઈના એક ભાઈ, તેમને ભગવાનમાં બહુ શ્રદ્ધા નહિ. નાસ્તિક જેવા કે આપણે ક્યાં ભગવાન જોયા છે? એમ કઈ રીતે મનાય કે આ બધું ભગવાનનું કર્યું થાય છે? આવું બધું બોલ્યા કરે અને લોકો સાથે ચર્ચા કર્યા કરે. ચર્ચા એવી કરે કે સામી વ્યક્તિ પાસે ઘણી વખત તેનો પ્રત્યુત્તર ન હોય. તેથી તે પોતાને સાચા માને અને વધુ દૃઢતાથી કહે કે હું માનું છું તે સાચું અને યોગ્ય જ છે. આવા નાસ્તિક જેવા હોવા છતાં તેમને મામાને વિશે દિવ્યભાવ હતો. મામાને મોટા પુરુષ માને અને મામાના વચનોમાં વિશ્વાસ પણ રાખે. મામાના આશીર્વાદથી તેમના કેટલાક કામો પાર પડ્યા હતા. એક વખત તેઓ તેમના પુત્રને લઈને અમદાવાદ મામાના દર્શને આવ્યા. મામાને મળ્યા પછી પોતાની ટેવ પ્રમાણે મામાને કહે, "મામા, ભગવાન છે કે નહિ એ અમારા જેવાને કઈ રીતે ખબર પડે? અમે ક્યાં તેમના દર્શન કર્યા છે? અમે તો તમને પ્રાર્થના કરીએ અને તમે કહો એટલે અમારું કામ થાય છે, એટલે તમે અમારા ગુરુ. બીજી વધારે કંઈ ખબર ન પડે." મામા કહે, "હું ભગવાનને પ્રાર્થના કરું છું અને ભગવાન તમારું કાર્ય પાર પાડે છે. હું કાંઈ કરતો નથી. મારી પ્રાર્થના સાંભળી ભગવાન કાર્ય કરે છે."

ભાઈ કહે, "જ્યારે અમે ભગવાનને પ્રાર્થના કરીએ,

ત્યારે ભગવાન અમારી પ્રાર્થના સાંભળતા હોય એમ લાગતું નથી. તમારા આશીર્વાદથી જ બધું થાય છે.” મામા કહે, “એવું નથી. તમને ભગવાનમાં શ્રદ્ધા જ નથી પછી ભગવાન તમારી પ્રાર્થના કઈ રીતે સાંભળે? ભગવાનમાં સંપૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા રાખી પ્રાર્થના કરીએ તો ભગવાન જરૂરથી પ્રાર્થના સાંભળે.” ભાઈ કહે, “એ બધામાં મને બહુ સમજ પડતી નથી. તમે કહો છો તમને અખંડ ભગવાનના દર્શન થાય છે, તેમનું દિવ્ય સુખ અખંડ ભોગવો છો, તો એ ભગવાનના દર્શન મને ન કરાવી શકો? તમે મને દર્શન કરાવો તો હું માનું અને મને ભગવાન પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ બેસે. મારી પાસે કોઈ વસ્તુ હોય અને એ વસ્તુ મારે બીજાને આપવી હોય તો મારી મરજી મુજબ હું તે બીજાને આપી જ શકું ને? તો આપની પાસે મહારાજનું સુખ છે તે તમે બીજાને ન આપી શકો? જેથી તેની શ્રદ્ધા વૃદ્ધિ પામે?” મામા કહે, “કેમ નહિ. ચપટી વગાડતામાં જ આપી શકાય. ચપટી વગાડતાં જેટલી વાર લાગે, તેટલી વાર પણ ન લાગે. તરત આપી દેવાય, પરંતુ જુઓ, હું તમને સમજાવું. તમારો દીકરો ક્યા ધોરણમાં ભણે છે? નવમા ધોરણમાં બરાબર. હવે તમારી પાસે પી.એચ.ડી.ની ડિગ્રી આપવાની સત્તા હોય અને તમે એ કાગળ પર લખીને ડિગ્રી આપી પણ દો, તો શું તમારો દીકરો પી.એચ.ડી.નું જ્ઞાન ધરાવતો થઈ જશે? પી.એચ.ડી. થયેલ વ્યક્તિ કાર્ય કરી શકે તેવું બૌદ્ધિકતાવાળું કાર્ય તમારો દીકરો કરી શકશે?” ભાઈ કહે, “એ તો કેમ બને? નવમા ધોરણમાં

ભણતા છોકરાને મારી પાસે સત્તા હોવા છતાં મારાથી પી.એચ.ડી.ની ડિગ્રી આપી ન શકાય. અને કોઈ એને માન્ય પણ ન રાખે. કારણ કે તેની પાસે એ કક્ષા સુધીનું જ્ઞાન જ નથી. તે મેળવવા માટે તો તેણે કૉલેજ, યુનિવર્સિટી સુધી અને ત્યાર બાદ પી.એચ.ડી. માટેના અમુક વર્ષો સુધી અભ્યાસ કરવો પડે. ત્યાર પછી ડિગ્રી પ્રાપ્ત થાય. ત્યારે હું તેને તે આપી શકું.”

મામા કહે, “એક આ લોકની ડિગ્રી મેળવવા પાછળ જીવનનો અમૂલ્ય સમય પસાર થઈ જાય ત્યારે એક નજીવી ડિગ્રી પ્રાપ્ત થાય. અને એ ડિગ્રીનું મહત્ત્વ કેટલું? પંદરથી વીસ હજારની નોકરી પૂરતું કે તેનાથી કદાચ થોડું વધારે, એનાથી વિશેષ કંઈ જ નહિ. બાલ્યકાળ અને યુવાવસ્થા જીવનનો કિંમતીમાં કિંમતી સમય છે. તે મહત્ત્વના પંદરથી વીસ વર્ષ આવી નજીવી ડિગ્રી પાછળ જો ખર્ચવા પડતા હોય તો પૂર્ણ પુરુષોત્તમ નારાયણનું સુખ મેળવવા કેટલું તપ કરવું પડે? વિચારો! એ સુખ તો અલૌકિક અને દિવ્ય છે તો એના માટે તો તપ જરૂરી હોય કે નહિ? અને આ લોકના બધા સુખ કરતાં ભગવાનનું સ્મરણ સૌથી અધિક સુખદાયી છે. એ તો અનુભવે જ ખબર પડે.” ભાઈ કહે, “મામા, અમારો તો જુદો જ અનુભવ છે. ભગવાનની માળા ફેરવવા કરતાં સારા ભોજન અમને વધારે સુખદાયી લાગે, સારી પથારીમાં સૂવું વધારે સુખદાયી ભાસે છે અને પ્લેનમાં બેસી મુસાફરી કરવી વધારે સુખદાયી લાગે.” મામા કહે, “તમારી વાત સાચી છે. પરંતુ એ સમય અને સંજોગોને

આભારી છે અને ક્ષણિક છે. ધારો કે તમને દૂધપાક બહુ જ ભાવે છે, પરંતુ દૂધપાકની પહેલી વાડકી પીવો અને જેવું સુખ આવે તેવું પેટ ભરાઈ ગયા પછીની વાડકીમાં આવતું નથી. અને પછી વધારે પીવાથી તો ઊલટી થઈ જાય છે. ત્યારે દૂધપાક સુખદાયી ક્યાં રહ્યો? એ તો ઊલટો દુ:ખદાયી બની ગયો. તેમજ તમને પેટમાં શૂળ ઉપડ્યું હોય અને સામે છપ્પનભોગ પડ્યા હોય છતાં એ સારામાં સારા ભોજન એ વખતે તમને સુખદાયી ન લાગે. અને જો એ વખતે ખાવા જાઓ તો દુ:ખાવો વધે એટલે ભોજન દુ:ખદાયી થઈ જાય, પરંતુ એ દુ:ખાવામાં તમે ભગવાનનું સ્મરણ કરો તો દુ:ખાવામાં રાહત થાય છે. દુ:ખ ભૂલાઈ જાય છે. એટલે દુ:ખાવામાં પણ ભગવાનનું સ્મરણ સુખદાયી છે. તેવી જ રીતે સારામાં સારા ગાદી-તકિયાવાળો છત્ર પલંગ હોય પણ પાછળના ભાગે રક્તપીત્ત જેવી કોઈ બીમારી થઈ હોય તો એ સુખદાયી છત્ર પલંગ દુ:ખદાયી બની જાય છે. એવે વખતે પણ ભગવાનનું સ્મરણ સુખદાયી બને છે. પ્લેનની મુસાફરી સુખદાયક છે, પ્લેનમાં બેઠા હોઈએ અને પ્લેન હાલક-ડોલક થવા લાગે તો એ મુસાફરી ભયાવહી અને દુ:ખદાયક બની જાય છે. એવે સમયે ભગવાનનું સ્મરણ જ ભયરહિત કરી સુખ પ્રદાન કરે છે. એટલે ગમે તેવી પરિસ્થિતિ હોય પ્રભુ સ્મરણ દરેક પરિસ્થિતિમાં સુખદાયક છે. અને એ વસ્તુ અનુભવે જ ખબર પડે. કોઈ પણ ધ્યેય સિદ્ધિ હાંસલ કરવી હોય તો તેના જે નિયમો-ધોરણો બનાવ્યા હોય તેનું પાલન કરીને આગળ

ધપીએ ત્યારે ધ્યેય પ્રાપ્ત થાય. તેમ મહારાજનું દિવ્ય સુખ પ્રાપ્ત કરવા માટેના અમુક નિયમો છે તેનું પાલન કરવાથી ધ્યેય સિદ્ધિ થાય છે. જેમ ફક્ત કાગળ પર લખેલી ડિગ્રીથી પી.એચ.ડી.નું જ્ઞાન પ્રાપ્ત નથી થઈ જતું. તેનો અભ્યાસ આવશ્યક છે. તેમ જ મહારાજના દિવ્ય સુખની પ્રાપ્તિ માટેના સાધનો છે તેનો અભ્યાસ પણ અતિ આવશ્યક છે. પુરુષાર્થ વગર આ લોકની ક્ષુલ્લક વસ્તુ હાથ નથી લાગતી, તો દિવ્ય એવું પરમાત્માનું સુખ પુરુષાર્થ વગર કઈ રીતે પ્રાપ્ત થાય? વિચારો!" આ વખતે હવે ભાઈ પાસે સામે કાંઈ કહેવા કે ચર્ચા માટેના કોઈ પ્રશ્નો રહ્યા ન હતા.

આમ ઉદાહરણ સહિત મામાએ તેમને સમજાવતાં તેઓ સમજી ને વિચાર કરતા થયા કે હું વિચારતો હતો તેના કરતાં આ સિદ્ધાંત સાચો અને વધુ યોગ્ય છે. આમ સમાધાન મળતાં તેઓ ઘણા રાજી થયા. મામાને કહે, "પ્રભુ પ્રાપ્તિ માટે પુરુષાર્થની આવશ્યકતા આટલી સરળ છતાં સચોટ રીતે આજ-દિન સુધી કોઈએ મને સમજાવી નથી. આજે મને વાત બરાબર સમજાઈ છે. મનમાં હવે કોઈ પ્રશ્નો નથી કે નથી કોઈ ધૂંધળાપણું. બધું બરાબર સ્પષ્ટ થઈ ગયું છે. હું આપને ધન્યવાદ આપું છું." પોતાની મૂંઝવણનું સમાધાન મળતાં સંતોષ સાથે ભાઈ મામાની રજા લઈ ગયા.

આ જ પ્રશ્નો કોઈ ડૉક્ટર કે વૈજ્ઞાનિકે પૂછ્યા હોત તો મામાની સમજાવવાની આખી રીત જુદી હોત. મામા તેમને વૈજ્ઞાનિક ઉદાહરણ આપી સમજાવત.

અનુભવ સિદ્ધ મુક્ત વસ્તુસ્થિતિને સંપૂર્ણપણે સમજી અને સામાવાળાની સમજવાની ક્ષમતા જાણી વિષયવસ્તુને સમજાવતા હોય છે, જેથી સામી વ્યક્તિના જીવમાંથી હા પડી જાય અને વાત હૃદય સોંસરી ઉતરી જાય. એ જ તો અનાદિમુક્તની કળા છે. દરેકને તેની મર્યાદા જાણી એ પ્રમાણે સમજાવવાની કળા દરેકને હસ્તગત નથી હોતી.

❋❋❋

## ૩

મામાને ત્યાં દર્શનાર્થીઓ હંમેશાં આવતા રહેતા. ઘણી વખત તો એક પછી એક એમ આવ્યા જ કરે. જેને કારણે મામાને ઠાકોર જમાડવાનો પણ સમય ન મળે, છતાંય મામા ક્યારેય કોઈને ના ન પાડે. કારણ, દર્શન કરવા આવનારમાં કોઈ પોતાની મુશ્કેલીઓ લઈને આવતા હોય, તો કેટલાક પોતાના દુ:ખ દૂર થઈ જશે એ આશાએ આવતા, તો વળી કોઈ ભવિષ્ય માટે આશીર્વાદ લેવા, તો કોઈ આફતનું સમાધાન મેળવવા અને કેટલાક માનસિક શાંતિ મેળવવા. આમ લોકો આવ્યા જ કરતા.

આવા જ કોઈ એક સમયે મામા સેવકો સાથે બેઠા હતા ને કેટલાક હરિભક્તો દર્શને આવ્યા. મામાએ બધાને મીઠો આવકાર આપ્યો ને પાસે બેસાડ્યા. મામાએ આવવાનું પ્રયોજન પૂછ્યું. હરિભક્તો કહે, “કોઈ ખાસ પ્રયોજન ન હતું. ફક્ત આપના દર્શન કરવા જ આવ્યા છીએ. ઘણા સમયથી આપના દર્શન કર્યા નહોતા. આપના દર્શનમાત્રથી ઘાટ-સંકલ્પ વિરામ થઈ જાય છે. મનમાં શાંતિનો અનુભવ થાય છે. ભગવાન ભજવામાં અનેરું બળ પ્રાપ્ત થાય છે. આથી થોડા વખતે એમ થાય કે આપના દર્શન કરી આવીએ.”

મામા કહે, “દર્શન તો એક મહારાજના કરવા. હા, કોઈ પ્રયોજન હોય, કોઈ કામ હોય તો મને મળવા

જરૂરથી આવી શકો છો. તમે આવો તો તમારા જેવા હરિભક્તોના દર્શનનો મને પણ લાભ મળે." હરિભક્તો કહે, "મામા, આ તો આપ નિર્માનીપણું દાખવી આમ કહો છો. અમે સમજીએ છીએ કે આવું વર્તન અમને શીખવવા જ કરો છો. જેથી અમને અહંકાર ન આવે." થોડી વ્યાવહારિક વાતો થયા બાદ એક હરિભક્તે પૂછયું, "મામા, આપના ગળામાં કેમ છે? અત્યારે દુ:ખાવો થાય છે?" મામા કહે, "મને ગળામાં કોઈ તકલીફ નથી, કોઈ જાતનો દુ:ખાવો પણ થતો નથી, પરંતુ ડૉક્ટર કહે છે કે મારા સ્વરતંતુ જાડા થઈ ગયા છે. આથી થોડું બોલ્યા પછી અવાજ તરડાઈ જાય છે. બાકી આમ મને કોઈ તકલીફ નથી." આટલું બોલ્યા પછી મુક્તરાજ જાણે પોતાની સ્થિતિ દર્શાવતા હોય તેમ બોલ્યા, "તમે પરાવાણી સાંભળી શકતા નથી એટલે અમારે આ ગળાનો ઉપયોગ કરવો પડે છે. અત્યારે પણ શ્રીજીમહારાજ પરાવાણી બોલે છે. તમને તે ક્યાં સંભળાય છે? નથી સંભળાતી. આ ઇંદ્રિયો દ્વારા સાંભળવા તમે સમર્થ નથી. આથી અમારે બોલવું પડે છે. અને મહારાજનું જ્ઞાન આપવું પડે છે." હરિભક્તો તો સાંભળી રહ્યા. વિચારવા લાગ્યા ઓ... હો મામા કેવા સમર્થ છે! તેમની સામર્થીનો પૂરો ખ્યાલ તો ક્યારેય આવી શકે તેમ નથી. તેમની કૃપાથી આજે થોડો ખ્યાલ આવ્યો. આજે દર્શન ફળ્યા. મામાએ કૃપા કરી જબરી વાતો કરી. મામા તેમની સામે જોઈ હસવા લાગ્યા કહે, "તમે મનમાં જે સંકલ્પો કરો છો તે મોઢેથી વાત કરો

તેના કરતાં મને વધુ સ્પષ્ટ અને જોરથી સંભળાય છે. મગજ પર હથોડા પડતા હોય તેવા જોરથી સંભળાય છે.” બાજુમાં બેઠેલા સેવકે પૂછયું, “મામા અત્યારે જે સંકલ્પ કરે તે જ સંભળાય કે પહેલા જે કર્યાં હોય તે પણ?” મામા કહે, “અરે! ભૂતકાળમાં જે સંકલ્પ કર્યા હોય તે ખબર પડે છે, અત્યારે જે સંકલ્પ કરો છો તે ખબર પડે છે અને હવે પછી તમે કેવા સંકલ્પ કરવાના છો તેની પણ મને જાણ હોય છે. હવે પછી તમે કયો સંકલ્પ કરશો તેની જાણ તમને પોતાને પણ હોતી નથી, પરંતુ મને તેની ખબર હોય છે.”

આજે મામા સરસ વાતો કરે છે અને બરાબર મૂડમાં છે તેવું જણાતા સેવકે બીજો પ્રશ્ન પૂછી લીધો, “મામા, તો-તો આપ દરેકના જીવને જોઈ શકતા હશો કે કયો જીવ કેવો છે? અને આધ્યાત્મિકતામાં તે કેટલે પહોંચ્યો છે?” મામા પણ આજે પ્રસન્ન હતા. કહે, “હા, દરેકે દરેકના ચૈતન્યને હું જોઈ શકું છું. તેની પ્રગતિ પણ મારા જાણ્યામાં આવે છે. તમે બધા રાત્રે જેમ આકાશમાં તારા જુઓ છો, તેમ હું દરેકના ચૈતન્યને જોઉં છું.” સેવક મામાના પગમાં પડી ગયો કહે, “બાપાશ્રીએ અનાદિમુક્તને સર્વજ્ઞ કહ્યા છે. આપ મને તેવા જ લાગો છો. મને આશીર્વાદ આપો કે મારા જીવનું રૂડું થાય અને મને મહારાજના સુખની પ્રાપ્તિ થાય.” હાજર રહેલા સૌ મામાને પગે લાગ્યા. મામાએ રાજી થઈ સૌને આશીર્વાદ આપ્યા.

❋❋❋

## ૪

પ્રસંગ ત્યારનો છે જ્યારે મામા સ્કૂલમાં પોતાની ફરજ બજાવતા હતા. એ વખતે ચીફ મોડરેટર તરીકે તેમને વડોદરા આવવાનું થયું. પૂજ્ય લીલામાસી પણ એ વખતે તેમની સાથે હતાં. મામા આખો દિવસ કામમાં વ્યસ્ત રહેતા અને માસી મામાની સેવામાં રોકાયેલા રહેતાં. એમ કરતાં વડોદરાનું કામ પતવા આવ્યું અને એકાદ-બે દિવસનું જ કામ બાકી હતું. અને અચાનક માસીને એપેન્ડિક્સનો દુ:ખાવો શરૂ થયો. શરૂઆતમાં તો માસીએ કોઈને જાણ થવા દીધી નહિ. સહન કર્યા કર્યું. માસીનો સ્વભાવ એવો કે પોતાનું દુ:ખ જલદી કોઈને જણાવે નહિ. સહન કર્યા કરે. જ્યારે બીજાનું દુ:ખ જોઈને પોતે ગળ-ગળા થઈ દિલગીર થઈ જાય. પોતે ભગવાનને તેમનું દુ:ખ મટાડી દેવા પ્રાર્થના કરે. મામાને તરત વાત કરે કે આપ પણ તેને મટી જાય તેવી પ્રાર્થના કરો. જ્યારે પોતાનું દુ:ખ પોતાના સહન કરવાના સ્વભાવને કારણે મામાને પણ જણાવ્યું નહિ. તેમને એમ કે મામા આખો દિવસ કામ કરી થાકી જાય છે. તેમાં હું મારા મંદવાડની ક્યાં વાત કરું! આમ વિચારી કોઈને કહ્યા વગર દુ:ખાવો સહન કરતા રહ્યાં. પરંતુ પછી તો દુ:ખાવો વધવા લાગ્યો અને અસહ્ય બન્યો. ત્યારે મામાને વાત કરી. મામા કહે, “અહીંનું કામ પતવા આવ્યું છે. તમે જો થોડુંક દુ:ખ સહન કરો તો અમદાવાદ જઈને

ડૉક્ટરને બતાવીશું." માસીની જગ્યાએ કોઈ બીજું હોય તો કેટલાય ઉધામા કર્યા હોય, પણ આ તો માસી સંપૂર્ણ પતિવ્રતા ક્યારેય પતિનું એક પણ વચન ઉથામે નહિ તેવા, તો પછી આ વચન પણ કઈ રીતે ઉથામે? દુ:ખાવા છતાં માસીએ હા પાડી.

જેને એપેન્ડિક્સનો દુ:ખાવો થયો હોય તેઓને જાણ હશે જ કે એ કેટલો અસહ્ય હોય છે. માસી જેવા મુક્ત જ એ દિવસો સુધી સહન કરી શકે. દુ:ખાવો એટલો અસહ્ય થાય કે માસીથી કાંઈ ખાઈ શકાય નહિ. દુ:ખાવામાં ને દુ:ખાવામાં માસી સમય પસાર કરવા લાગ્યાં. મામાનું કામ પત્યા પછી તેઓ અમદાવાદ આવવા નીકળ્યા. એ વખતે મુક્તરાજ દીવાળીબા પણ તેઓની સાથે હતાં. સ્ટેશને પહોંચ્યા અને ટ્રેન તો આવી ગઈ. આખો પુલ ચડી બીજી બાજુ જઈ પ્લેટફોર્મ પાર કરી ટ્રેનમાં બેસવાનું. માસીને એક તો દુ:ખાવો તેમાં દુ:ખાવાને કારણે કાંઈ ખવાયું ન હોવાથી અશક્તિ પણ ઘણી આવી ગઈ હતી. માસીએ મામા અને દીવાળીબાને કહ્યું, "ટ્રેન આવી ગઈ છે અને મારાથી ઝડપથી ચાલી શકાય તેમ નથી, હવે શું થશે? ટ્રેન ઉપડી જશે અને આપણાથી ટ્રેન નહિ પકડી શકાય તો?" મામા કહે, "કાંઈ ચિંતા કરતા નહિ હું આગળ જઈ ટ્રેનમાં જગ્યા રાખું છું. તમે અને બા શાંતિથી ધીમે-ધીમે આવો." માસી કહે, "પણ આટલું બધું અંતર કાપવાનું હજી બાકી છે. મારાથી સાવ ધીમે-ધીમે ચલાય છે, શું થશે?" મામા કહે, "તમે મારી વાત પર વિશ્વાસ રાખો. હું કહું છું ને કે

તમે ધીમે-ધીમે શાંતિથી આવો. મહારાજ, બાપા આપણી સાથે જ છે. તમે આવશો પછી જ ટ્રેન ઉપડશે ત્યાં સુધી નહિ ઉપડે.” મામાએ એકદમ દૃઢતાપૂર્વક આ કહ્યું અને માસી જેઓએ જીવન એમની સાથે વિતાવ્યું હતું અને મામાના કેટલાય વચનસિદ્ધિના પ્રસંગોના જેઓ સાક્ષી હતાં, એમને મામાના વચનોમાં હંમેશાં સંપૂર્ણ વિશ્વાસ હતો, પરંતુ આજે દેહના દરદને કારણે તેમને આવા સંકલ્પ થતા હતા. મામા ઝડપથી ગયા અને ટ્રેનમાં સારી જગ્યા શોધી રાખી. માસી અને દીવાળીબા હજી અર્ધાપુલ પર પહોંચ્યા હશે ત્યાં ટ્રેનની વિસલ પણ વાગી ગઈ. માસી અને બા બંને મામાના વચનમાં સંપૂર્ણ વિશ્વાસ ધરાવનારા. આથી ધીમે-ધીમે ચાલતા મહારાજ સંભારતા પુલ ઉતર્યા મામા દૂરથી હાથેથી ઈશારો કરી કહે શાંતિથી આવો. ધીમે-ધીમે ચાલો ઉતાવળ ન કરો. માસી અને બા પહોંચતા મામાએ માસીને ટ્રેનમાં ચડાવ્યા, બાને ચડાવ્યા, સામાન બધો ગાડીમાં મૂક્યો અને જેવો પોતે ટ્રેનમાં પગ મૂક્યો અને તરત ટ્રેન ઉપડી. મામા કહે, “મેં કહ્યું હતું ને કે મહારાજ- બાપા આપણી સાથે જ છે. તમે આવશો પછી જ ટ્રેન ઉપડશે.” માસી અને બાએ વાતની સંમતિ આપી કહે, “તમે કહો તેમ જ થાય છે. તે વાતની અમને જાણ છે. અમને તમારા વચનમાં વિશ્વાસ હતો જ. તમારા ઘણા પરચા જોયા છે, પણ મને દુઃખાવો ઘણો હોવાથી આમ બોલાઈ ગયું.” મામા કહે, “મેં મહારાજને પ્રાર્થના કરી હતી. તેથી તમે આવ્યા પછી જ ટ્રેન ઉપડી.”

મામા ઘણી વખત સેવકોને વાત કરતા ત્યારે કહેતા, “તમારા માસીમાં સહનશક્તિ ઘણી છે. તેમના સિવાય આવો દુ:ખાવો કોઈથી સહન ન થાય. કંઈ પણ ખાધા-પીધા વગર તેમણે દુ:ખાવો સહન કર્યે રાખ્યો હતો.”

❋❋❋

# ૫

અનાદિમુક્ત ક્યારેય પોતાનું સામર્થ્ય છતું કરવામાં નથી માનતા. કોઈ બાહ્યાડંબર નહિ કે કોઈ દંભ નહિ કે સામર્થ્યનો ગર્વ નહિ. અને એમાંય મામા તો સામર્થ્ય ઢાંકવામાં પરાકાષ્ઠારૂપ હતા. જ્યાં સુધી તેમના સામર્થ્યથી કોઈ વાકેફ ન હોય કે કોઈ અનુભવ ન થયો હોય, ત્યાં સુધી કોઈ સામાન્ય જીવ તેમને ઓળખી ન શકે. એટલું બધું ઢાંકીને વર્તતા, છતાં જે ખરા મુમુક્ષુ હોય અને ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરે તો મામા મુક્તપુરુષ છે તે જણાયા વગર રહે નહિ. તેમના સામર્થ્યના સત્સંગમાં ઘણાને અવિસ્મરણીય અનુભવો થયા હશે, પરંતુ સાથે રહેતા સેવકોને તો નાની-નાની બાબતોમાં પણ તેમના સામર્થ્યમાંના ગુણોના દર્શન થતા.

કેટલીક વખત એવું બનતું કે સેવકને મુંબઈ કાર્ય અર્થે જવાનું હોય અને નીકળતાં પહેલાં મામાના આશીર્વાદ લેવા જાય એવે સમયે જ મામા મુંબઈથી પુસ્તકો લાવવાના હોય તેનું લીસ્ટ બનાવે. તે વિશે સેવકને સમજાવે. બીજી અગત્યની સૂચનાઓ આપે. એમ કરતાં ટ્રેનનો સમય થઈ જાય ત્યારે બીજા સેવક મામાને સંભારે કે મામા હવે આમને આજ્ઞા આપો ટ્રેનનો સમય થઈ ગયો છે, પછી મોડું થશે ને નહિ પહોંચી શકાય. એવે વખતે એ વાત પર ધ્યાન આપ્યા વગર મામા સેવકને સમજાવવાનું ચાલુ રાખે. પુસ્તકોનું લીસ્ટ બરાબર

સમજાવે. મુંબઈમાં બીજા જે કામો પતાવવાના હોય તેની સૂચનાઓ આપે. સહેજ પણ ઉતાવળા થયા વગર શાંતિથી સેવકને બધું સમજાવે. બીજા સેવકો વારંવાર ઘડિયાળ સામું જોઈ ફરી મામાને કહે, “હવે ટ્રેન નહિ મળે ઘણું મોડું થઈ ગયું છે.” ત્યારે પોતે કહે, “મને નહિ ખબર હોય? ટ્રેનનો ટાઈમ થઈ ગયો છે. એ જશે પછી જ ટ્રેન ઉપડશે.” એમ કહી જે સૂચનાઓ આપવાની હોય તે પૂરી કરે. સેવકને તે બરાબર સમજાઈ છે કે નહિ તેની ખાતરી કરી પછી જ સેવકને રજા આપે. સેવક ઉતાવળા સ્ટેશને પહોંચે ત્યારે ખબર પડે કે ટ્રેન થોડી લેઈટ છે. મૂકવા ગયેલા સેવકો ઘરે આવી મામાને વાત કરે કે ટ્રેન લેઈટ હોવાથી તેઓ શાંતિથી પહોંચી ગયા અને તેઓ ટ્રેનમાં બેઠા પછી જ ટ્રેન ઉપડી. આવું સાંભળતાં મામા કહે, “મને નહિ ખબર હોય? આખો સમય મારી સાથે રહો છો છતાં ભૂલી જાઓ છો.” આવું સાંભળી સેવકો કાન પકડે. એમને થાય કે મામાના સામાન્ય વર્તનને કારણે આપણે ખરેખર ભૂલી જઈએ છીએ કે આપણે કોની સેવામાં છીએ.

મહારાજના અનાદિમુક્તમાં અગાધ સામર્થ્ય રહેલું હોય તેમાં શું નવાઈ! આવી તો અનેક નાની-નાની બાબતોમાંથી સેવકોને અનેક વખત મામાના સામર્થ્યના અનુભવો થતા જેના તેઓ સાક્ષી છે.

❋❋❋

## ૬

આ લોકમાં ગમે તેવી મહાન સિદ્ધિ હાંસલ કરી હોય, ગમે તેટલાં માન-મોટપ પ્રાપ્ત કર્યાં હોય, પોતાનો કોઈક ગુણ પછી ભલે તે ભગવાનના નામને લીધે વૃદ્ધિ પામ્યો હોય. આવું હોવા છતાં અંતઃશત્રુઓ ટળતા નથી. એ તો એવાને એવા જ કષ્ટદાયી બની રહે છે. એવા સમયે અનાદિમુક્તના આશીર્વાદ અને તેમની પ્રાર્થનાથી જ સાચો રસ્તો હાથ આવે છે અને અંતઃશત્રુઓ દૂર થાય છે.

એક સાધક હતા. તેઓ આધ્યાત્મિક પ્રવચન બહુ સારા કરે. તેમની વાણીનો એવો પ્રભાવ કે તેઓ જ્યારે પ્રવચન શરૂ કરે પછી તેમનું પ્રવચન છોડી કોઈ જઈ શકે નહિ. તેમની વાણી બધાને જકડી રાખતી. જન સમુદાય તેમના પ્રવચનથી ખૂબ પ્રભાવિત થતો. પ્રવચન કરવાની તેમની આગવી શૈલીથી સમાજમાં ખૂબ ખ્યાતનામ હતા. તેમને કીર્તિ-પ્રસિદ્ધિ પણ સારી એવી મળી હતી. એ માન-મોટપથી પોતે પણ વાકેફ હતા કે હું આવા સારા પ્રવચનો કરું છું તેના લીધે જ મને આટ-આટલું માન મળે છે.

એક વખત તેઓ મામાના દર્શને આવ્યા. એ વખતે મામાની રૂમમાં એક સેવક જ હાજર હોવાથી તેમણે મામાને પ્રાર્થનાના સ્વરૂપમાં પોતાની મૂંઝવણ રજૂ કરી કહે, “ભાઈ, હું પ્રવચનો સારા કરું છું. મારું પ્રવચન

સાંભળવા બેઠા પછી ત્યાંથી કોઈ ખસી શકે નહિ એવું પ્રવચન કરવામાં મને સિદ્ધિ હાંસલ છે, છતાં કામાદિક અંતઃશત્રુઓ મને પીડે છે. એ દોષ દૂર થાય તેવા મને આપ આશીર્વાદ આપો. વરસના મોટા ભાગના દિવસો પ્રવચનો આપવામાં જ પસાર થાય છે. એટલે એ બધો સમય ભગવાનનું નામ જ લઉં છું છતાં આમ કેમ થતું હશે? સાધક જીવનમાં આવા દોષો રહે તે યોગ્ય ન કહેવાય. આપ આશીર્વાદ આપો તો એ દોષો પીડતા બંધ થાય."

સાધકની વાત સાંભળ્યા પછી મામાએ કહ્યું, "તમે પ્રવચનો ખરેખર બહુ જ સારા કરો છો તે વાત સાચી છે, પરંતુ એ પ્રવચનો ફક્ત પ્રભુપ્રસન્નતા માટે નથી થતાં. કીર્તિ-પ્રસિદ્ધિનો રાગ એમાં સમાયેલો હોય છે. એટલે પ્રવચનો દ્વારા ભગવાનનું જ નામ લેવાય છે એવી જે વાત કરો છો તે પ્રવચનો આપતી વખતે લોકો કેમ વધુ આકર્ષાય તેમના પર કેમ વધુ પ્રભાવ પડે એવા પ્રકારની વાતો તમારા મનમાં રમ્યા કરતી હોય છે નહિ કે પ્રભુ પ્રસન્નતા. જ્યાં સુધી કીર્તિ-પ્રસિદ્ધિ, સત્તા, અધિકાર વગેરેના રાગ મનમાં રહેલા છે, તે મળતા મન આનંદિત થાય છે, એવું રહ્યા કરે ત્યાં સુધી કામાદિ દોષો પીડવાના જ છે. એકાગ્રચિત્તે ભગવાનનું નામ સ્મરણ, તેમની સ્મૃતિ જ આવા દોષો બાળી શકે. તમારો બધો સમય પ્રવચનો કરવામાં અને લોકોને આકર્ષવામાં જતો રહે છે. પ્રભુભજન, ધ્યાન, માનસીપૂજા તેનું મનન-ચિંતન એવા પ્રભુપ્રસન્નતાના એકે સાધનો થતા નથી પછી

દોષો કઈ રીતે બળે? દોષો બાળવા માટેનો પુરુષાર્થ કરો ત્યારે દોષો બળે ને? પ્રવચનો કરવાની સિદ્ધિ હાંસલ થવાથી દોષો ન બળે. પ્રભુપ્રસન્નતાના સાધન થવા જોઈએ ત્યારે ભગવાન રાજી થાય અને તેમની નજીક પહોંચાય."

તે સાધક મામાના પગમાં પડી ગયા. ગદ્ગદ કંઠે મામાને પ્રાર્થના કરી. મામાએ રાજી થઈ તેમને આશીર્વાદ આપ્યા અને પ્રભુપ્રસન્નતાનો સાચો રાહ દર્શાવ્યો અને અંતઃશત્રુઓ દૂર કરવા માટેના કેટલાક સૂચનો પણ કર્યા. સાધક મામાનો આભાર વ્યક્ત કરી ત્યાંથી વિદાય થયા.

મનુષ્ય જીવનમાં જીવ સંસારમાં રહી જીવન વ્યતિત કરતો હોય કે પછી સાધક જીવન વિતાવતો હોય, પણ જો પ્રભુપ્રસન્નતાના સાધનો યોગ્ય રીતે ન થાય, સાચી દિશામાં ન થાય તો કોઈ પ્રાપ્તિ થતી નથી ને કાંઈ હાંસલ થતું નથી. ઠેરના ઠેર જેવી પરિસ્થિતિ સર્જાય છે. આખો દિવસ કથા કરવી કે પુસ્તકો વાંચવા કે કીર્તનો ગાવાં કે વ્રત-ઉપવાસો કરવા એ બધું પ્રભુપ્રસન્નતા અર્થે થાય તો જ તેની યોગ્ય ફળશ્રુતિ પ્રાપ્ત થાય, બાકી લોકોની વાહ-વાહ માટે કરાતું ભજન કે કથા-પ્રવચનો કે વ્રત-ઉપવાસ વગેરે કાંઈ પણ તે લોકોની પ્રશંસા મળતાં તેની ફળશ્રુતિ મળી ગઈ. ભજન-કીર્તન-વ્રત-ઉપવાસ બધું પૂરું. પાછું નવેસરથી શરૂ કરવું પડે. અને પછી વિચારે કે કેટલા વ્રતો કરું છું, ભગવાન ભજું છું, પણ કેમ કોઈ પ્રાપ્તિ નથી થતી? કેમ કોઈ અનુભૂતિ નથી થતી? પણ લોકોની પ્રશંસાની ઇચ્છાથી

કરેલી ભક્તિથી લોકોની વાહ-વાહની અનુભૂતિ તો થઈ ગઈ. જેવા આશયથી કાર્ય થાય તેવી પ્રાપ્તિ થાય.

મામા હંમેશાં દરેકને શીખવતા કે કોઈ પણ કાર્ય કરો તે પહેલાં મનમાં પ્રશ્ન પૂછવો કે આ કાર્ય મહારાજને ગમશે? જો જવાબ હા આવે તો તે કાર્ય કરવું અને ના આવે તો ન કરવું. દરેક કાર્ય ભગવાનનું સોંપેલું છે અને તેમની પ્રસન્નતા અર્થે કરવાનું છે તેમ માની કરવાથી કાર્યમાં ચોક્કસાઈ આવે અને કાર્ય જ ભક્તિ બની જાય. કાર્ય જ ભક્તિ બને એટલે ધીરે-ધીરે જીવનમાં મૂડી ભેગી થતી જાય અને પ્રભુપ્રસન્નતાના સાધનો એ મૂડીમાં વધારો કરતા જાય. એમ થતાં અંતઃશત્રુઓ પીડતા બંધ થાય અને ભગવાનની નજીક પહોંચવાની પાત્રતામાં વધારો થતો જાય.

❋❋❋

## ૭

આજે છ-છ દિવસ થયા. પૂ. લીલામાસી અન્નનો એક દાણો મોઢામાં મૂકી શક્યા નથી. કે નથી કાંઈ પ્રવાહી લઈ શક્યા. એમને એપેન્ડીક્સનો અસહ્ય દુઃખાવો ઉપડ્યો છે. મામા ધીરજ આપી મહારાજ સંભારવા કહે છે. એ દુઃખાવામાં ને દુઃખાવામાં જ માસી વડોદરાથી અમદાવાદ આવ્યા હતાં. માસી વડોદરા હતાં ત્યારે જ દુઃખાવો શરૂ થઈ ગયો હતો, પણ અમદાવાદ આવવાનું હોવાથી સહન કર્યે રાખ્યું હતું. વડોદરાથી શરૂ થયેલા દુઃખાવાને આજે છ દિવસ થઈ ગયા હતા અને એ છ દિવસમાં ખોરાક ન જવાથી શરીરમાં અશક્તિ પણ ઘણી જણાતી હતી. આજે તો માસીથી કોઈ રીતે દુઃખાવો સહન ન થતાં આંખોમાંથી અશ્રુઓ વહી રહ્યા. રાતના બે વાગ્યા હશે. મામા આરામમાં હતા. દુઃખાવો સહન ન થતાં વિચાર્યું શું કરું? તેઓ તો આખો દિવસ નોકરી-ટ્યુશન કરી થાકી ગયા હોય મારાથી તેમને કઈ રીતે જગાડાય!

આ છે આદર્શ ધર્મપત્ની ! પોતાને અસહ્ય દુઃખાવા છતાં મામાને તકલીફ ન અપાય તે વિચાર પહેલાં આવ્યો. બીજા કોઈ હોય તો તરત ઉઠાડે કે ભઈ, ઉઠો ભલે થાકી ગયા હો. પરંતુ આ તો માસી. આદર્શ ઉદાહરણ સમાન. સંપૂર્ણ પતિવ્રતા, પતિપરાયણ, પતિને ક્યારેય તકલીફ ન આપવી એવું દ્રઢપણે માનનારા.

દુઃખાવામાં ને દુઃખાવામાં સામેના ઘરમાં રહેતા મામાના બહેન તેમને ત્યાં ધીરે-ધીરે દાદરો ઉતરી ગયા અને એમને જગાડ્યા. દુઃખાવાને કારણે માસીથી રડી પડાતું હતું. ઘરના સર્વે પણ દિલગીર થઈ ગયા. કહે, "મામી, તમે છ દિવસથી કાંઈ ખાધું નથી તમને અશક્તિ ઘણી છે. તમે થોડું દૂધ કે કાંઈ ગ્રહણ કરો તો તમને કદાચ સારું લાગશે." માસીએ ના પાડતાં કહ્યું, "મારે અત્યારે કાંઈ ખાવું નથી. હવે દુઃખાવો સહન થતો નથી. તમે બધા ભગવાનનું ભજન કરો." બધા ભજન કરવા લાગ્યા. એટલામાં મામા જાગી ગયા. માસીને ઘરમાં ન જોતાં તેઓ પણ માણેકબાના ઘરે આવ્યા. માસીની હાલત જોઈ કહે, "ડૉક્ટર સાથે નક્કી થઈ ગયું છે. તમને સવારે તેમની પાસે લઈ જઈ ઑપરેશન કરાવી દઈશું. પણ અત્યારે જ આપણે બધા ભગવાનને પ્રાર્થના કરીએ કે તમારા મામીને સારું કરી આપે. હું પણ પ્રાર્થના કરું છું." બધા માસી પાસે બેસી ભજન કરવા લાગ્યા. મામાએ મહારાજને પ્રાર્થના કરી અને ધીરે-ધીરે માસી નિદ્રાધીન થયાં. અને મામાના ચહેરા પર શાંતિ છવાઈ. ઘરનાને સૂચના આપી કે અત્યારે કોઈ સહેજ પણ અવાજ કરતા નહિ. તમારા મામી જાતે ન ઉઠે ત્યાં સુધી તેમને ઉઠાડતા નહિ. છ દિવસે આજે તેઓને થોડી ઊંઘ આવી છે. મહારાજે પ્રાર્થના સાંભળી છે હવે તેઓને સારું થઈ જશે. આમ કહી મામા ઘરે પધાર્યા.

માસીને નિદ્રાવસ્થામાં મહારાજ-બાપા અને સોમચંદબાપાના દર્શન થયા અને માસીને પૂછ્યું, "બહેન,

તમને ક્યાં દુ:ખાવો થાય છે?" માસીએ બતાવ્યું. મહારાજે ત્યાં હાથ ફેરવી દીધો. અને ચમત્કાર સર્જાયો! તરત જ દુ:ખાવો અદૃશ્ય થઈ ગયો. જાણે ક્યારેય હતો જ નહિ. માસી જાગ્યા તેમના ચહેરા પર શાંતિ અને મહારાજ-બાપાના દર્શનની દિવ્ય ઝાંખી ઝલકતી હતી. ચહેરો તેજાયમાન દેખાતો હતો. મહારાજના દર્શન થવાથી અને દુ:ખાવો સાવ મટી જવાથી માસી આનંદ અનુભવતા હતાં અને એ આનંદ એમના ચહેરા પર જણાઈ આવતો હતો. મામાએ આવીને અજાણતા થકા પૂછ્યું, "ચાલો દવાખાને જવું છે ને?" માસી હસતા-હસતા કહે, "ડૉક્ટર કયા દવાખાને? શા માટે?" મામા કહે, "રાત્રે તો સહન નથી થતું એમ કહી રડતા હતાં અને અત્યારે હસો છો. ચહેરા પર દુ:ખાવાના એકે ભાવ જણાતા નથી. ઊલટો ચહેરો આનંદિત લાગે છે. મહારાજે દુ:ખાવો મટાડી દીધો હોય તેમ લાગે છે." માસીએ મહારાજ-બાપા અને સોમચંદબાપાએ દર્શન આપી દુ:ખાવો મટાડી દીધાની વિગતે વાત કરી. મામા કહે, "તમે રાત્રે મહારાજને ખૂબ પ્રાર્થના કરી અને અમે પણ પ્રાર્થના કરી આથી મહારાજે તમારું દુ:ખ મટાડી દીધું. તમને મનમાં એમ હતુંને કે ઑપરેશન ન કરાવવું પડે તો સારું. તેથી મહારાજે વગર ઑપરેશને તમારું દરદ મટાડી દીધું." માસીને તેમના જીવનમાં અનેક અવિસ્મરણીય બનાવોમાં આ એક બનાવનો વધારો થયો. જે માસીને સદાયનું સંભારણું બની ગયો.

મામાએ માસી દ્વારા દુ:ખ સહન કરવાની

પરાકાષ્ઠા બતાવી. અને એમ પણ શીખવ્યું કે ગમે તેવી દુઃખદ પરિસ્થિતિમાં મહારાજનો જ એક દૃઢ આશરો રાખવો. માસી જેવા મુક્ત સિવાય બીજા કોઈથી આમ ૭-૭ દિવસ સુધી દુઃખ સહન ન થઈ શકે. તે દિવસ પછી પૂ.માસીને ક્યારેય એપેન્ડીક્સનો દુઃખાવો પાછો ઉપડ્યો નથી.

❋❋❋

## ૮

મામા જેવા પૂર્ણ સ્થિતિને પામેલા મુક્ત પુરુષનું વ્યક્તિત્વ એવું તો પ્રભાવશાળી હતું કે જીવોને તેમના પ્રભાવ હેઠળ આવવા એક વખતની મુલાકાત જ પૂરતી થઈ પડે.

સેવકના એક સંબંધી હઠયોગી હતા. તેમણે હઠયોગ સિદ્ધ કરેલો. એ સિદ્ધિને કારણે તેઓ બીજા જીવોના ભૂતકાળ તેમજ વર્તમાનકાળ વિશે જાણકારી મેળવી શકતા અને કેટલેક અંશે ભવિષ્યકાળની માહિતી પણ કહી શકતા. આવી સિદ્ધિ હસ્તગત હોવાથી ઘણા લોકો તેમને માનતા. ઘણી વખત સેવક તેમને મુક્તરાજના મહિમાની વાતો કરે, પરંતુ તેમને મનમાં એ વાતની બહુ ખાતરી ન થાય. તેઓ એવું વિચારતા કે, દરેકને પોતાના ગુરુ સમર્થ જ લાગતા હોય છે. સમાજમાં કેટલાય લોકો ગુરુ થઈને ફરે છે, પરંતુ મોટા ભાગનાની વાણી-વર્તનના પણ ઠેકાણા હોતા નથી. મને આવા લોકો પ્રત્યે ભાવ ન થઈ શકે. સેવકને તો આવું કહી ન શકે. મનમાં વિચાર્યા કરે. સેવક તેમને સમજાવે કે, તેઓ અનાદિમુક્ત છે, પૂર્ણ સ્થિતિને પામેલા છે, સાધના કરવામાં હવે તેમને કાંઈ બાકી રહ્યું નથી. અનાદિમુક્તની સ્થિતિ સમજવાની તેમની ગતિ ન હતી, છતાંય જ્યારે તેમણે મામાના દર્શન કર્યા, ત્યારે મામાના વાણી-વર્તન અને તેમના વ્યક્તિત્વથી તેઓ ઘણા

પ્રભાવિત થયા. અને મામાને નીચે નમીને વંદન કર્યા. પોતાને કોઈના આશીર્વાદની આવશ્યકતા નથી એવું તેઓ માનતા. તેમને એમ હતું કે સાચા ગુરુ અત્યારે હોતા નથી આથી તેઓ કોઈ પાસે આશીર્વાદ માંગતા નહિ, પણ મામા પાસે તેમણે નમન કરી આશીર્વાદ માંગ્યા જેથી તેમની આધ્યાત્મિક પ્રગતિ થાય. પ્રગતિના પંથે તેમને મૂંઝવતા અમુક પ્રશ્નો વિશે તેમણે મામા પાસેથી માર્ગદર્શન મેળવ્યું. એ વિશે સંતોષકારક સમાધાન પ્રાપ્ત થતાં તેમને લાગ્યું કે, જે પૂર્ણ મુક્ત હોય તેમની પાસે જ આવા સચોટ ઉત્તર હોય બીજા કોઈથી ઉત્તર આપવા શક્ય નથી. પ્રશ્નોનું સમાધાન મળતાં તેઓ રાજી થઈ મામાની રજા લઈને ગયા. રૂમની બહાર નીકળી તેમણે સેવકને કહ્યું, "તારી વાત સંપૂર્ણ સત્ય છે. તારા ગુરુજી બહુ જ મોટા સિદ્ધપુરુષ છે. તેઓ બહુ ઉચ્ચ કક્ષાએ પહોંચેલા છે. આવા પ્રભાવશાળી અને તેજસ્વી પુરુષ મેં ક્યારેય જોયા નથી. મનમાં મામાનો મહિમા જાણી તેઓ વિદાય થયા.

અનાદિમુક્તના વાણી-વર્તનની એકતા, તેમનું પ્રભાવશાળી વ્યક્તિત્વ, આધ્યાત્મિક જ્ઞાન સરળ અને સચોટ રીતે સમજાવવાની તેમની કળા એવી જબરદસ્ત હોય છે કે કોઈ પણ વ્યક્તિ તેમના વ્યક્તિત્વથી અંજાયા વગર રહી શકે નહિ.

❋❋❋

## ૯

માંદા હરિભક્તોને હિંમત આપવી, આશીર્વાદ આપવા. જીવન જીવવાનું નવું બળ પ્રેરવું આ બધું મામાના જીવનમાં વણાયેલું હતું. મુમુક્ષુ હરિભક્ત માંદા હોય અને મામાને ખરા ભાવથી સંભારે તો મામા અચૂક ત્યાં પહોંચી જાય.

એવી જ રીતે કોઈ એક સમયે મામા એક હરિભક્તને મળવા ગયા હતા. એ હરિભક્ત ખરા આત્મનિષ્ઠ, એકનિષ્ઠ, બાપાશ્રીને રાજી કરેલા. કૃપાપાત્ર, પ્રેમાળ અને મુક્તોને ખરા અર્થમાં ઓળખનારા હતા. ભગવાન પ્રત્યે અનન્ય નિષ્ઠાવાળા સાચા મુમુક્ષુને મળવા તો મામા અચૂક પધારે જ. બે હરિભક્તોને સાથે લઈ મામા તેમને દર્શન દેવા તેમના ઘરે પધાર્યા હતા. ઘરનો દાદર ચડતા એક હરિભક્તે જોયું કે તે માંદા હરિભક્ત કાંઈક પૈસાની ગણતરી કરીને ખાનામાં મૂકતા હતા. આ જોતાં તેમનાથી રહેવાયું નહિ. મામાને કહે, “જુઓ તો માંદા છે, અવસ્થા થઈ છે છતાં હજી વ્યવહાર છૂટતો નથી.” મામાએ જરા હરિભક્ત સામે જોઈ કહ્યું, “જ્યારે આપણે કોઈના વિશે જાણતા ન હોઈએ, ત્યારે તેમના વિશે કોઈ અભિપ્રાય ન આપવો. વ્યવહારમાં ખૂંપી રહે એવા સ્વભાવવાળા આ હરિભક્ત નથી.” આમ વાતો કરતા બધા હરિભક્ત પાસે પહોંચ્યા. મામાને આવેલા જોઈ હરિભક્ત હરખાઈ ગયા. મામાને કહે, “દયા કરી દર્શન

દેવા પધાર્યા ખરા.” મામાને જય સ્વામિનારાયણ કહી, પગે લાગીને ભેટ્યા. પછી કહે, “બિરાજો, આપની જ રાહ જોતો હતો. અત્યારે આ છેલ્લો હિસાબ બાકી હતો તે પણ પતાવી દીધો. હવે બધા વ્યવહારમાંથી પરવારી ગયો છું. કોઈ જવાબદારી બાકી રહી નથી. ધામમાં જવા માટે હવે એકદમ તૈયાર છું. બોલો ક્યારે તેડી જાઓ છો?” મીઠું હાસ્ય રેલાવતા મામા કહે, “હું મહારાજને પ્રાર્થના કરીશ આપને જલદી તેડી જશે.” હરિભક્ત કહે, “દયાળુ, હું આપની સ્થિતિ જાણું છું. આપ કેવા મહાન અનાદિમુક્ત છો તે પણ જાણું છું. આપના પ્રતાપથી વાકેફ છું. એટલે બીજાની જેમ મને કાંઈ સમજાવતા નહિ. મને તો આપ સીધું કહી જ દો કે મહારાજને લઈને ક્યારે તેડવા આવશો? હું તો હવે તૈયાર થઈને બેઠો છું. હું પ્રાર્થના કરીશ, મહારાજને પૂછી જોઈશ એવા જવાબ જે આપનો મહિમા, આપનો પ્રતાપ બરાબર ન જાણતા હોય તેઓને આપે કહેવું. મને તો આપ સીધે-સીધો જવાબ આપો.” મામા પોતાના સ્વભાવ પ્રમાણે પોતાનું સામર્થ્ય ઢાંકતા ફરી એમ જ બોલ્યા, “હું મહારાજને જરૂરથી પ્રાર્થના કરીશ. આપને જલદી જ એમના સુખમાં તેડી જશે.”

હરિભક્ત કહે, “દયાળુ, ફરી પાછું એમ જ કહો છો? આપ શ્રીજીમહારાજના અનાદિમુક્ત છો. શ્રીજીમહારાજે આપને અનેક જીવોના કલ્યાણ કરવા આ પૃથ્વી ઉપર અમ પર દયા કરી મોકલ્યા છે અને આ વાતનું મહાન મુક્તરાજ બાપાશ્રીએ સમર્થન આપી આ લોકમાં સૌને આપની ઓળખાણ પડાવી છે. હવે આ બધું

મારાથી ક્યાં અજાણ્યું છે તો આપ મારી સાથે આવી વાતો કરો છો? મારી સમક્ષ આવી વાતો ન કરશો. હવે દયા કરી પાકું કહી દો કે ક્યારે તેડી જશો? કાલે ગુરુવાર છે કાલે તેડી જશો?" હવે આ વ્હાલા હરિભક્ત સમક્ષ મામા પોતાનું સામર્થ્ય વધુ ઢાંકી શકે તેમ ન હતા. આથી સીધી વાત કરવા લાગ્યા. કહે, "કાલે તો મારે થોડું કામ છે. કાલે મારે નવરાશ નથી. કોઈ બીજો દિવસ નક્કી કરીએ." જાણે ક્યાંક બહારગામ જવાનું હોય અને તેની તૈયારી વિશે વાતો થતી હોય તેમ હરિભક્ત અને મુક્ત વચ્ચે વાર્તાલાપ ચાલતો હતો. સાથે આવેલા હરિભક્તોની તો કાંઈ સમજમાં આવતું ન હતું. હરિભક્ત કહે, "તો રવિવાર રાખો. રવિવારે આપને રજા હોય છે. એ દિવસે તો આપને નવરાશ હશે ને?" મામાએ હા પાડી. એટલે રાજી થકા કહે, "તો રવિવારનો દિવસ પાકો રાખીએ. એ દિવસે બધાને રજા હોય તેથી સ્મશાનમાં આવતાં કોઈને તકલીફ પણ ન પડે." મામાએ હસતાં-હસતાં કહ્યું, "સારું રવિવારે પાકું બસ. રવિવારે મહારાજ તમને તેમના સુખમાં તેડી જશે."

ધામમાં જવાનું એકદમ પાકું થયાનું મામાના મુખે સાંભળતાં જ હરિભક્ત રાજી થઈ ગયા. મામાના ચરણોમાં પડી ગયા. મામાને ભેટી પડ્યા. કહે, "બહુ દયા કરી કૃપાળુ, મારી પ્રાર્થનાનો આપે સ્વીકાર કર્યો. કૃપાવર્ષા કરીને મને ન્યાલ કરી દીધો. આપનો પ્રતાપ તો કહ્યો જાય તેમ નથી. આપ નહોતા આવ્યા ત્યાં સુધી મને સંકલ્પ થયા કરતા હતા. હવે કોઈ ચિંતા નથી. દિવસ

પાકો થઈ ગયો હવે કોઈ હરકત નથી. આપને અહીં સુધી આવવાની તકલીફ આપી તે બદલ ક્ષમા માગું છું. તમારો સમય લીધો, પરંતુ હવે કાંઈ બાકી નથી. આપ પધારો." મામા રજા લઈ પાછા આવ્યા. મામા સાથે આવેલા હરિભક્તોએ આવો વાર્તાલાપ પ્રથમ વખત જોયો-સાંભળ્યો હતો. તેઓ બંને આવું સાંભળી દિગ્મૂઢ થઈ ગયા હતા. આ શું? આટલી બધી સ્પષ્ટ રીતની વાતો! મામાને ચોખ્ખે-ચોખ્ખું પૂછવું કે ક્યારે લઈ જાઓ છો? આ દિવસે લઈ જજો. બધાને સહેલું પડે. પોતાના જ મૃત્યુની વાત આમ આટલી સરળતાથી અને સહજતાથી કરે એ કેવા બળિયા હરિભક્ત હશે? છતાંય આ શું? આ કેવો વાર્તાલાપ? અને આટલી હિંમતપૂર્વક હક્કથી મામાને કહી શકવું કે મને આ દિવસે ધામમાં તેડી જજો. કેવું આશ્ચર્ય! ત્યારે તો બંને હરિભક્તો અચંબામાં જ મામા પાસેથી રજા લઈ છૂટા પડ્યા, પરંતુ એક હરિભક્ત સોમવારે ખાતરી કરવા મામા પાસે આવ્યા. મામાને હરિભક્ત વિશે પૂછતાં મામાએ કહ્યું, "તેમને તો નક્કી કર્યા પ્રમાણે રવિવારે મહારાજ તેડી ગયા."

હરિભક્ત આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. પછી તેમણે મામાને પૂછ્યું, "મામા, કેટલાંક પ્રશ્નો ઉદ્‌ભવ્યા છે આપ અનુમતિ આપો તો પૂછું." મામાએ અનુમતિ આપી. હરિભક્ત કહે, "આપણે જ્યારે એ હરિભક્તના ઘરે ગયા ત્યારે તેઓ પૈસા ગણતા બેઠા હતા, છતાં આપે સાથેના હરિભક્તને તેમના વિશે કોઈ સંકલ્પ કરવાની ના પાડી. પછી પેલા હરિભક્ત આપને હકપૂર્વક મને તેડી જજો તેમ

આપને કહી શક્યા. બાકી બીજા તો આપને મહારાજને પ્રાર્થના કરજો એમ જ કહેતા હોય છે. અને આમણે તો અધિકારપૂર્વક આપની પાસે વચન લઈ લીધું. આ કંઈ સમજાયું નહિ.” મામા કહે, “એ હરિભક્ત મહારાજના મુમુક્ષુ હતા. તેમને આ લોકના પૈસા કે વ્યવહારમાં જરાય આસક્તિ નહોતી. પોતાની ફરજ સમજી દરેક કાર્ય કરતા. જેને આ લોકની જરાય આસક્તિ ન હોય તેવા ભક્ત વિશે સંકલ્પ થઈ જાય તો જીવનું બગડી જાય. આથી તેમને વધુ ન બોલવા સૂચના આપી હતી. અને અનાદિમુક્ત કેવા છે? કોણ છે? કઈ સ્થિતિના છે? તેમનું સામર્થ્ય કેટલું છે તે સમજવાની ઘાટી બહુ જબરી છે. દરેક જીવ તે સમજવા સમર્થ નથી હોતા. અને એ હરિભક્ત મુક્તને બરાબર ઓળખતા હતા. અને બીજું બાપાશ્રી જ્યારે સરસપુર પધાર્યા, ત્યારે આ હરિભક્ત નાના હતા. બાપાએ તેમને ખભા પર બેસાર્યા હતા. બાપાશ્રી શ્રીજીનું સંકલ્પ સ્વરૂપ. આવા મહાન બાપાશ્રીએ જેને ખભા પર બેસાર્યા હોય તેમનો હક તો જેવો કહીએ તેવો કહેવાય. અને એવા ભક્તનું મહારાજ જરૂર સાંભળે જ. અને એવા સમર્થ ભક્તને ધામમાં પહોંચાડવાની જવાબદારી મુક્તની થઈ જાય છે. એટલે કોઈક વખત શ્રીજીમહારાજ મુક્ત દ્વારા પોતાનું સામર્થ્ય જાહેર કરતા હોય છે.” આવી વાતો મામા પાસેથી સાંભળતાં હરિભક્તને મામાના સામર્થ્યની થોડી ઝાંખી થવા પામી હતી.

❋❋❋

# ૧૦

શ્રીજીમહારાજના અનાદિમુક્તને ઓળખવા એ ઘાંટી જબરી છે. તેઓનો જરા પણ ઉદ્‌ઘોષ જણાય નહિ. ક્યાંય બાહ્યાડંબર હોય નહિ. સંપૂર્ણ સાદગીપૂર્ણ સાત્ત્વિક જીવન જીવતા દેખાય. બાહ્ય દેખાવ તો સામાન્ય જીવો જેવો જ હોય. પોતાનું સામર્થ્ય એટલું બધું ઢાંકીને વર્તે કે આ લોકના જીવો તો જલદી પારખી પણ ન શકે. અને મુક્તરાજ મામા તો આ બધી બાબતે પરાકાષ્ઠાએ જ હતા. સંપૂર્ણ સાદગી, સામર્થ્ય એટલું બધું ઢાંકીને વર્તે કે અજાણ્યાને તેમની જાણ ન થાય. જ્યારે કોઈ ઓળખાણ પડાવે, ત્યારે જ ઓળખાય. છતાંય સૂરજ ઢાંક્યો ન ઢંકાય તેમ મુક્તનું સામર્થ્ય છતું થયા વગર ન રહે. એ વખતે તેઓ તો કેવળ જીવો પર કૃપા જ વરસાવતા હોય. પોતાનું સામર્થ્ય જણાવી લોકો તેમને ઓળખે એવો ભાવ તેઓને લેશ માત્ર પણ ક્યારેય હોતો જ નથી.

એક વખત મામા મૂળી મંદિરમાં સેવકો સાથે ગયા હતા. મામા ઉતારામાં આરામ કરવા સેવકો સાથે બેઠા હતા. મુક્તરાજ મામા પધાર્યાના સમાચાર ગામમાં પહોચ્યાં. ગામમાં ઘણાં લોકો મામાને ઓળખતા હતા. તેમના સામર્થ્યથી વાકેફ હતા. મામા આવ્યાના સમાચાર મળતાં હરિભક્તો મામા પાસે આવ્યા. મામાના દર્શનથી જ તેમને આનંદ-આનંદ થઈ ગયો. તેમના દુઃખમાં શ્રીજીમહારાજે જ જાણે મામાને મૂળી મોકલ્યા હતા. જય

સ્વામિનારાયણ કહી બધા મામા પાસે બેઠા. મામાએ બધા પર પ્રેમભરી દૃષ્ટિ કરી. હરિભક્તોમાંથી એકે વાત કરી. “મામા, આપ આજે મૂળી પધાર્યા તે અમારું સૌભાગ્ય છે. આપના દર્શનનો અમને લહાવો મળ્યો. આપ બહુ દયાળુ છો. મહારાજના અનાદિમુક્ત છો. અતિ સમર્થ છો. આપ આજ અમારું દુઃખ કૃપા કરી ટાળો.” મામાએ જોયું દરેકના ચહેરા પર ચિંતા અને વ્યગ્રતા વર્તાઈ રહ્યા હતા. મામાએ હકીકત જાણતા ખબર પડી કે એક કુટુંબના વ્યક્તિને વળગાડ જેવું છે. જે બધાને બહુ હેરાન કરે છે. ગામના લોકોને પણ બહુ રંજાડે છે. ગામ લોકો ગભરાઈ જાય છે. ઘરના સર્વે તેનાથી દૂર ભાગે છે. ઘરમાં અને ગામમાં સર્વત્ર ભયનું વાતાવરણ સર્જાઈ ગયું છે.

મામાએ મૂંઝવણ જાણી પછી દયા આણી કહે, “સારું, તેને મારી પાસે લઈ આવો. કદાચ એ આવશે નહિ, પણ પરાણે લઈ આવજો.” હરિભક્તો રાજી થઈ ગયા કે આજે સમસ્યાનું નિરાકરણ નક્કી થઈ જવાનું. જેને વળગાડ હતો તેને હરિભક્તો લઈ આવ્યા. ઉતારો નજીક આવતા તો તેણે ધમ-પછાડા શરૂ કર્યા. ત્રણ-ચાર જણા પકડીને પરાણે લાવ્યા ત્યારે માંડ-માંડ રૂમમાં દાખલ થઈ શક્યા. મામાએ શ્રીજીમહારાજની ચરણરજનું પ્રાસાદિક જળ તૈયાર જ રાખ્યું હતું જેનો છંટકાવ થતાં જ બળુ છું, બળુ છુંની ચીસો પાડવા લાગ્યો. મામાએ પૂછ્યું તું કોણ છે? ત્યારે કહે હું જતિયો જન છું. તમે મારાથી દૂર રહો. તમારો તાપ મારાથી સહન નથી થતો. તમે કોઈ દૈવી પુરુષ લાગો છો. તમે બહુ જ

તેજસ્વી દેખાઓ છો. તમારું તેજ મારી આંખોને સહન થતું નથી. મામા કહે, “આ યોનીમાં તું બહુ રહ્યો હવે એમાંથી છૂટી બદરિકાશ્રમમાં જા.”

પૂર્વના કાંઈક સુકૃત હશે. જતિયા જનના આજે ભાગ્ય ખૂલ્યા હતા. તેને કૃપાળુ મામાના દર્શન થયા ને તેની બુદ્ધિ નિર્મળ થઈ. જતિયા જનને માગતાં આવડ્યું. મામાને કહેવા લાગ્યો તમે ક્યાં રહો છો? જ્યાં તમે રહેતા હો, ત્યાં મારે તો રહેવું છે. તમારા દર્શનથી મારું કલ્યાણ થશે. મામા આજે કૃપાળુ બન્યા હતા. અનાદિમુક્તની કૃપાવર્ષામાં મણા ન હોય. જતિયા જનને આશીર્વાદ મળી ગયા. “અમે અક્ષરધામમાં રહીએ છીએ. જા તું પણ અક્ષરધામમાં મહારાજની મૂર્તિનું સુખ ભોગવ.” આશીર્વચન સાંભળી હાજર રહેલા સૌ ચકિત થઈ ગયા. વાહ! જતિયાના તો ભાગ્ય ખૂલ્યા.

જેને પામવા કંઈ કેટલીયે કોટિના જીવો, દેવતાઓ પૃથ્વી પર આવી કંઈ કેટલીય આકરી સાધનામાં મંડ્યા રહે અને ત્યારે ય જો ખરા મુક્તનો મેળાપ ન થાય તો મહારાજની પ્રાપ્તિ અઘરી બને છે. જેના ક્ષણમાત્રના દર્શન માટે કેટલાય જન્મોની સાધના ભેગી થાય ત્યારે શક્ય બને તે વાત જતિયા જન માટે સાવ સરળ થઈ ગઈ. આટલો વખત ભૂતયોનીમાં રહ્યા છતાં, અવગત ગયેલો જીવ આજે કૃપાળુની કૃપા થતાં સીધો પહોંચ્યો અક્ષરધામમાં!! આ છે અનાદિમુક્તનું સામર્થ્ય, આ છે તેમની કૃપા, આને કહેવાય કૃપાસાગર!

❋❋❋

## ૧૧

પાવાગઢ પર્વત પુલકિત થઈ ઊઠ્યો હતો. તેનામાં અદ્‌ભુત ચેતનાનો સંચાર થયો હતો. સર્પાકાર કેડીઓ જાણે સજીવન થઈ ઊઠી હતી. પર્વત પરના વૃક્ષો આભૂષણ બની પર્વતને વધુ શોભાયમાન બનાવી સ્વાગત માટે વાંકા વળી ઝૂમી રહ્યા હતા અને તળાવો મંદ તરંગો ઉત્પન્ન કરી પોતાનો અહોભાવ વ્યક્ત કરતા હતાં.

આ બધાનું એક જ કારણ હતું કે જેને સ્પર્શેલો વાયરો પણ કોઈને અડે તો તેના અનેક જન્મના કર્મબંધન કપાઈ જાય, દૃષ્ટિ માત્રે કલ્યાણ થાય અને જ્યાં તેમના પાવનકારી પગલાં પડે તે સ્થળ તીર્થ બની જાય અને તીર્થ સજીવન થઈ ઊઠે, એવા મહાન અનાદિ મુક્તરાજ મામાના પગલાં પર્વત પર પડવાના હતા. પર્વત, તેના પરના વૃક્ષો અને તળાવોના સદ્‌ભાગ્યનો પાર ન હતો. પાવાગઢ પોતાને ધન્ય માનવા લાગ્યો. વૃક્ષો વાંકા વળી અભિવાદન કરવા લાગ્યા ને પવને આવી જાણે કેડીઓ સાફ કરવા માંડી. મામા ભગવાનને સંભારી ધીમે ડગલે ડુંગર ચડવા લાગ્યા. સાથે રહેલા શિક્ષકો અને વિદ્યાર્થીઓ તો ઝડપથી ચાલવા લાગ્યા. મામાએ દૂર-દૂર સુધી દૃષ્ટિ કરી ઝાડ-પશુ-પક્ષી પર પોતાની રહેમ નજર કરી દરેક જીવ પ્રાણીમાત્રને કલ્યાણના અધિકારી બનાવી રસ્તો કાપવા લાગ્યા.

મુક્તરાજ મામા જેમ-જેમ મંદિરની નજીક

પહોંચતા ગયા, તેમ-તેમ મંદિરમાં રહેલા માતાજીના અંતરમાં અનેરો આનંદાવેશ ઊભરાવા લાગ્યો. તેમને થયું કેટલાય સંત પુરુષો મારે આંગણે આવ્યા હશે અને આ જગ્યાને પાવન કરી હશે, પરંતુ આમની તો વાત જ જુદી છે. આ તો કોઈ અવતારી પુરુષ લાગે છે. તેમના આગમનથી સમગ્ર વાતાવરણ પલટાઈ ગયું!! મારા કેટલાય સુકૃતનું સાફલ્ય પ્રાપ્ત થવાનો અવસર આવ્યો કે આવા દિવ્યાતિદિવ્ય પુરુષના દર્શનનો આજે મને લહાવો પ્રાપ્ત થશે. માતાજી દરવાજા પાસે આવનાર ભક્તો સામે મીટ માંડી આતુરતાપૂર્વક મામાની પ્રતિક્ષા કરવા લાગ્યા.

પ્રસંગ ત્યારનો છે, જ્યારે મુક્તરાજ મામા શાળામાં શિક્ષક તરીકેની ફરજ બજાવતા હતા. તે દરમ્યાન શાળામાંથી પાવાગઢનો પ્રવાસ નીકળ્યો અને બધાના આગ્રહને વશ થઈ મામા પણ એ પ્રવાસમાં સાથે જોડાઈ પાવાગઢ પર્વત પર આવી પહોંચ્યા હતા.

કહેવાય છે કે શ્રીજીમહારાજના અનાદિમુક્તના દર્શન તો દેવી-દેવતાઓને પણ દુર્લભ છે. તેઓ પોતાના મોક્ષ માટેના આશીર્વાદ અનાદિમુક્ત પાસે ઝંખતા હોય છે. અનાદિમુક્ત પૂજ્ય પર્વતભાઈના ચરણોમાં દેવતાઓ અને અવતારો મોક્ષ માટે આળોટતા રહેતા તે વાત સત્સંગમાં સર્વેને સુવિદિત છે. એવા જ મહાન અનાદિમુક્ત અતિશય દયા કરી સામે ચાલીને માતાજી પાસે આવ્યા હોવાથી જ માતાજી અત્યંત હર્ષાયમાન થઈ મુક્તરાજના ક્ષણ માત્રના દર્શન માટે અધીરા બન્યાં હતાં. પરંતુ આ શું! મંદિર પાસેના છેલ્લા પગથિયાં આવ્યા ને

મામા ત્યાં જ અટકી ગયા. નજીકના ઝાડ પાસે બેસી ગયા. સાથે આવેલાઓએ ઘણો આગ્રહ કર્યો કે, “હવે થોડું જ ચડવાનું બાકી છે. ધીમે-ધીમે ચડી જવાશે.” પરંતુ મામાએ પ્રતિકાર કરી બધાને સુખે દર્શન કરી આવવા કહ્યું.

માતાજી ઉદાસ થઈ ગયાં. આ દૈવી પુરુષ જો ઉપર નહિ આવે તો-તો હું તેમના દર્શનથી વંચિત રહી જઈશ. મારે તો તેમની પાસે મોક્ષની યાચના કરવી છે. મારા પુણ્યકર્મમાં ક્યાં ક્ષતિ રહી કે આટલે સુધી આવ્યા છતાં મને તેમના દર્શનનો લાભ નહિ મળે? માતાજી ઉદ્વિગ્ન થઈ ગયાં. છતાં પોતાને જ હૈયાધારણ આપી કે થોડીવાર વિશ્રાંતિ લઈ મંદિરે તો જરૂર આવશે જ, પરંતુ મામા તો ઝાડ નીચે શાંતિથી ભગવાન સંભારતા બેસી રહ્યા. હવે માતાજીની ધીરજ ખૂટવા લાગી. મામાના દર્શન કરવાની ઉત્કંઠા એટલી તીવ્ર થઈ કે તેઓ ભાવાવેશની તીવ્ર લાગણીમાં આવી જઈ પોતાના સોમ્ય-સુંદર મૂળ રૂપે પ્રગટ થઈ ઝડપથી મંદિરના પગથિયાં ઊતરવા લાગ્યાં. દર્શનની તાલાવેલીમાં તેઓ વીસરી ગયાં કે પોતે દિવ્યરૂપે નહિ, પરંતુ સૌને દૃષ્ટિગોચર થાય તેવા રૂપે પ્રગટ થઈ દર્શને જઈ રહ્યાં છે. પગથિયાં પરના મનુષ્યો આવી લાવણ્યસભર મનોહર રૂપ ધારણ કરેલી સ્ત્રી જોઈ મૂર્તિમંત થઈ તે સોમ્ય સ્વરૂપીને જોવા સ્થિર થઈ ગયા. પરંતુ માતાજીને તો આજુ-બાજુની પરિસ્થિતિનો ક્યાં ખ્યાલ જ હતો. તેમની નજર સમક્ષ તો બસ મામા જ હતા. મામા પાસે પહોંચી જઈ તેમના

ચરણોમાં વંદન કરી કહેવા લાગ્યાં, “આપ તો કોઈ દૈવી અવતારી પુરુષ લાગો છો. આજ સુધી મેં આપના જેવા દૈદિપ્યમાન કોઈને જોયા નથી. મારા પર કૃપા વરસાવી મને મોક્ષભાગી બનાવો.” માતાજી વારંવાર યાચના કરતાં રહ્યાં. મામાએ રાજી થઈ તેમના પર આશીર્વચન વરસાવતાં કહ્યું, “હજી તમારે આ મૂર્તિમાં રહી અનેક જીવો પર આશીર્વાદ વરસાવવાના છે. તમારું કાર્ય પૂરું થયે મોક્ષ થશે.” આત્યંતિક મોક્ષનું વરદાન પ્રાપ્ત થયેથી માતાજી અત્યંત રાજી થઈ વારંવાર મામાનો ઉપકાર માનવા લાગ્યાં. માતાજીના મુખારવિંદ પર આ મુક્ત પુરુષના દર્શનનો આનંદ જણાઈ આવતો હતો. પોતાનો સંકલ્પ સિદ્ધ થયા પછી માતાજીને પોતાના સ્વરૂપ વિશેનો ખ્યાલ આવ્યો. તેમને ભાન થયું કે આ લોકના જીવો તેમને જોઈ રહ્યા છે. ખ્યાલ આવતાં જ પોતાનું એ સ્વરૂપ તેમણે તરત જ અદૃશ્ય કર્યું.

આમ અચાનક એક સુંદર સ્ત્રી મામા પાસે આવી, પગે લાગી અને થોડીવારમાં અદૃશ્ય થઈ ગઈ. જેઓ અત્યાર સુધી એકીટશે સ્ત્રીને જોઈ રહ્યા હતા. સ્વરૂપ અદૃશ્ય થતાં સૌ ધ્યાનભંગ થયા. આ બધું શું બની ગયું? કોણ હતા એ? ક્યાંથી આવ્યા હતાં? ક્યાં ચાલ્યા ગયાં? એક સાથે કેટલાય પ્રશ્નો મનમાં ઘૂંટાવા લાગ્યા. અચરજ પામતા કેટલાય મામા પાસે દોડી આવ્યા. મામા પાસેથી માતાજી વિશેની વિગત જાણતા લોકો પોતાને ધન્ય માનવા લાગ્યા કે આ મુક્ત પુરુષના પ્રતાપે તેમને પ્રત્યક્ષ માતાજીના દર્શન થયાં. જેઓ મુક્તરાજને જાણતા હતા

તેઓ જાણી ગયા કે બધો પ્રતાપ મામાનો જ છે. તેમના કારણે બધાને અલભ્ય લહાવો પ્રાપ્ત થયો છે. મામાને વિશે તેઓને દિવ્યભાવ તો હતો જ તેમાં આ પ્રસંગે ઉમેરો થયો હતો. તેઓને અંતરમાં મામા વિશે મહિમા વધ્યો હતો.

❋❋❋

## ૧૨

બળદિયા વૃષપુર બાપાશ્રીની પ્રસાદીનું દિવ્ય ગામ. અને તેમાં છત્રી સ્થાન પ્રત્યે મુક્તરાજ મામાને વિશેષ લાગણી. સ્થાન બાપાશ્રીનું હોવાથી તેના વિકાસ અંગે મામા અંગત રસ દાખવે અને કોઈ નિર્ણય લેવાનો હોય તો પોતે હાજર રહે અને યોગ્ય નિર્ણય લેવડાવી કાર્યો કરાવે. પોતે અંગત રસ લઈ જહેમત ઉઠાવી શ્રમ લઈ છત્રી સ્થાનનો વિકાસ કર્યો હતો. ત્યાં ટ્રસ્ટની સ્થાપના થઈ એ વખતે ટ્રસ્ટના અગત્યના કાગળો પર બાપાશ્રીના પૌત્ર માવજીબાપાની સહીની જરૂર પડી. એ વખતે માવજીબાપાની અવસ્થા થઈ ગઈ હતી અને શરીરે મંદવાડ પણ હતો. સહી કરવા કેમે કરી તેમનો હાથ ઉપડે જ નહિ. હાથમાં પેન પકડાય જ નહિ. કાગળો પર તેમની સહી લેવી કઈ રીતે? બધા મૂંઝાયા મામાને વાત કરી. મામા માવજીબાપા પાસે આવ્યા. મહારાજને સંભારી માવજીબાપાના હાથ પર પોતાનો હાથ બે-ત્રણ વખત ફેરવ્યો અને માવજીબાપાને વાત કરી, “બાપા, ટ્રસ્ટનું કામ છે. આપની સહીની ખાસ જરૂર છે. મહારાજ-બાપાને સંભારી આ કાગળો પર સહી કરી આપો.” આમ કહી તેમના હાથમાં પેન આપી. માવજીબાપાને જાણે હાથમાં કોઈ જાતની તકલીફ ન હોય તેમ પેન પકડી કાગળો પર સહી કરી આપી. સેવકને ઘણી નવાઈ લાગી. આ કઈ રીતે બન્યું! બાપાનો હાથ

સહેજ પણ કામ કરતો ન હતો. આંગળા કામ કરતા ન હતા અને મામાના ફક્ત હાથ ફેરવવાથી કામ બની ગયું! એકાંત મળતાં સેવકે મામાને આ વિશે પૂછતાં મામાએ રહસ્ય સમજાવતાં કહ્યું, “મહારાજના મુક્ત આવું કરી શકે છે. સ્પર્શ દ્વારા અને સંકલ્પ દ્વારા તેમનામાં દિવ્ય શક્તિનો સંચાર થયો અને તેમના હાથ ચાલવા લાગ્યા. આમ કરવું જરૂરી હતું. કારણ કે તે કાગળો પર તેમની સહીની અગત્ય વધુ હતી. નહિતર ઘણાં કામો અટકી પડે તેમ હતું. આથી શક્તિ સંચાર જરૂરી હતો.”

આવી રહસ્યની વાત સાંભળી સેવક આશ્ચર્યચકિત થઈ ગયો. મામાની શક્તિનો તેને વધુ એક પરચો મળ્યો હતો.

❊❊❊

## ૧૩

સમાજ વચ્ચે રહેતા આપણા સૌના સમગ્ર જીવન દરમ્યાન કંઈ કેટલીયે વખત મુસીબતો-વિઘ્નો આવતા હોય છે. પ્રારબ્ધકર્માનુસાર હોય કે કેટલીક વખત ક્રિયમાણ પણ હોય. એવે સમયે મુક્તપુરુષનો રાજીપો અને તેમના આશીર્વાદનું કવચ જો સાથે હોય તો એ મુસીબત અને વિઘ્નનું પ્રમાણ નહિવત્ થઈ સૌની રક્ષા થાય છે.

મહારાજ વિશે હેત રાખનારા અને મામાના વચનમાં વિશ્વાસ રાખનારા અને મામાનો રાજીપો મેળવેલાને મામાએ ઘણી વખત મુશ્કેલીઓમાંથી ઉગાર્યા હશે. તેવો અનુભવ સૌને હશે જ. મુંબઈમાં રહેતા એક હરિભક્ત અને તેમનું આખું કુટુંબ મામાને વિશે બહુ ભાવ રાખે, મામાનો મહિમા ખૂબ સમજે, મામાને રાજી કરવાના પોતાથી બનતા બધા પ્રયત્નો કરે, મહારાજનું બળ પણ ઘણું રાખે. એક વખત કુટુંબ સહિત તેઓ વાહનમાં બળદિયા, આબુ વગેરે સ્થાનોએ ફરવા નીકળ્યા હતા. ફરીને પાછા આવતાં અમદાવાદ મામાના દર્શન કરવા રોકાયા. મામાના દર્શન કરી આશીર્વાદ મેળવી સૌ ઘણા રાજી થયા. મુંબઈ પહોંચવાનું હોવાથી મામાની રજા લઈ માસીને મળીને નીકળી ગયા. તેઓ નીકળી ગયા પછી એકદમ મામા ઊભા થઈ રૂમની બહાર આવીને એ હરિભક્ત વિશે પૂછવા લાગ્યા, “કે તેઓ નીકળી ગયા

ન હોય તો તેમને રોકો. રસ્તામાં તેમને વિઘ્ન નડવાનું છે.” તેઓ નીકળી ગયાની જાણ માસીએ કરતાં કહે, “હશે, ભલે નીકળી ગયા હવે મહારાજ તેમની રક્ષા કરશે.” આ કુટુંબ તો મામાનો રાજીપો અને તેમના આશીર્વાદનો અનેરો લાભ મળ્યો હતો તેને વાગોળતું આગળ વધી રહ્યું હતું ને અચાનક જ તેમને અકસ્માત થયો. તેમાં ગાડી તો સાવ ભાંગી ગઈ, ડૂચા જેવી થઈ ગઈ, પરંતુ કુટુંબના દરેક સભ્યમાંથી કોઈને સામાન્ય ઈજાઓ સિવાય ક્યાંય વધારે વાગ્યું નહોતું. કોઈને ગંભીર ઈજાઓ થઈ ન હતી. ગાડી તો ત્યાં જ મૂકી દેવી પડે તેમ હોવાથી આખું કુટુંબ ટ્રકમાં કે ગાડીમાં એમ ધીરે-ધીરે મુંબઈ પહોંચ્યું. તેઓ ઘરે પહોંચ્યા અને તરત જ મામાનો ફોન પણ પહોંચ્યો. સામાન્ય રીતે મામા કોઈને ફોન કરતા નહિ, પરંતુ આ તો પ્રેમાળ અને મહિમાવાળું કુટુંબ હતું અને આજે તેમના પ્રારબ્ધમાં જે અકસ્માત લખાયો હતો તેમાંથી મહારાજને પ્રાર્થના કરી મામાએ બચાવી લીધું હતું. આથી દરેકના ક્ષેમ-કુશળતાના સમાચાર પૂછવા પોતે સામેથી ફોન કર્યો. હરિભક્તે બધાના ક્ષેમ-કુશળતાના સમાચાર આપી અકસ્માત કઈ રીતે થયો તેની વિગતે મામાને માહિતી આપી અને તેમની રક્ષા કર્યા બદલ આભાર વ્યક્ત કર્યો. ઘરના સર્વેને એ વાત મગજમાં બેસતી નહોતી કે ગાડી ઉપયોગમાં ન આવે તેવી થઈ એ રીતે ભટકાઈ હોવા છતાં અંદર બેઠેલામાંથી કોઈને કેમ કાંઈ થયું નહિ!

આને કહેવાય મુક્તપુરુષના આશીર્વાદ, આને

કહેવાય રક્ષા કરી અને આને કહેવાય કે જેના ઉપર પ્રભુ તેમ જ મુક્તની કૃપા હોય તેમની રક્ષામાં સદાય મહારાજ અને મુક્ત રહેલા જ હોય છે તેની પ્રતીતિ.

❋❋❋

## ૧૪

એક સત્સંગી હરિભક્ત, મામાનો મહિમા ખૂબ જાણે, મામાને અનાદિમુક્ત પણ જાણે. તેઓના કુટુંબમાં મામાના આશીર્વાદથી કેટલાય કામો થયા હતા. કેટલીયે વખત મુશ્કેલીમાંથી મામાએ પ્રાર્થના કરી તેમને ઉગાર્યા હતા. આથી કુટુંબના દરેક સભ્યોને મામાનો અતિ મહિમા. આ હરિભક્તને મનમાં હંમેશાં એમ રહ્યા કરે કે, મને જે મુક્ત મળ્યા છે તેનો મારા કુટુંબમાં બધાને લાભ મળ્યો છે, પરંતુ અમારા સંબંધીઓને પણ એમનો લાભ મળે તો સારું. મામાને બધા ઓળખે અને એમનો જોગ કરે તો એમના જીવનું રૂડું થાય. તેમની ભાવના ઘણી સારી કે દરેક જણ મામાની દૃષ્ટિમાં આવે તો જીવતર સુધરી જાય.

કહેવાય છે કે અનાદિમુક્તને અડીને આવેલો વાયરો પણ જેને સ્પર્શ કરે તેના કેટલાય જન્મોના કર્મો ધોવાઈ જઈ જીવ શુદ્ધ થાય છે. એવું અનાદિમુક્તનું સામર્થ્ય છે. આ વાત હરિભક્ત સારી રીતે જાણતા હતા. તેથી જ્યારે સંબંધીઓને મળે, ત્યારે મામાના મહિમાની વાતો કરે, મામાના સામર્થ્યની વાતો કરે. અને કહે, “તમારા ઘરે તેમની પધરામણી કરાવો.” હરિભક્તની આગ્રહ ભરેલી વાણી સાંભળી સંબંધી કહે, “સારું ત્યારે, અમારે ઘરે પધરામણી કરાવજો.” આવું કેટલીયે વખત બનતું. એટલે હરિભક્ત મામા પાસે

આવી પ્રાર્થના કરવા લાગ્યા અને અરજ કરી કે આપ જામનગર અમારા સંબંધીને ત્યાં દર્શન આપવા પધારો. આમ જ્યારે-જ્યારે હરિભક્ત તેમના સંબંધીને મળી આવે, ત્યારે-ત્યારે આવીને મામાને પ્રાર્થના કરે અને દરેક વખતે મામા તેનો ઠંડો પ્રતિસાદ આપે, પણ જવાની હા ન પાડે.

એક વખત હરિભક્તે મામાને ઘણો આગ્રહ કર્યો. મામાને આમ આગ્રહ ન કરાય તેમ તેઓ જાણતા હતા. પણ તેમના આગ્રહમાં મામા પ્રત્યેનો પ્રેમ પ્રગટ થતો હતો. મામાને કહે, “મામા, આ વખતે તમારે જરૂરથી આવવું પડશે. હું તમારા મહિમાની તેમને વાત કરું અને તરત તેઓ કહે છે કે આપણે ત્યાં તે મુક્તની પધરામણી કરાવો. તેઓને ઓરતો છે. આપ દયા કરી તેમને ત્યાં પધારો.” મામાએ આના-કાની કરતાં એમણે અતિ આગ્રહ કર્યો એ વખતે મામાએ હા પાડી. મામાની સંમતિ મળતાં હરિભક્તે સંબંધીને ફોન કરી જણાવી દીધું. આવા સમાચાર સાંભળવા છતાં તેઓને જોઈએ તેવો આનંદ ન થયો. કે મુક્તરાજ માટેની કોઈ તૈયારી પણ ન કરી.

ઘરમાં કોઈ સાદા મહેમાન આવવાના હોય તો પણ કેટલી તૈયારીઓ થતી હોય છે. મુક્તોને આ લોકના ઠાઠ-માઠની પડી હોતી નથી. તેઓ તો સાચા ભાવના ભૂખ્યા છે. જ્યાં દિલનો ખરો ભાવ જુએ, ત્યાં બીજા માન-પાનની જરાય આવશ્યકતા રહેતી નથી. પરંતુ અહીં તો મૂળ મુદ્દામાં ભાવની જ ઊણપ. મામા આ વાત

જાણતા હોવાથી તેઓએ કાર્યક્રમ મુલતવી રાખ્યો. હરિભક્ત દિલગીર થઈ ગયા. મામા પાસે આવીને ફરિયાદ કરવા લાગ્યા, "આપે આવવાની મંજૂરી આપી હતી અને હવે ના પાડો છો. આપે દયા કરી તેઓને દર્શન આપ્યા હોત તો તે બધા જીવનું સારું થાત. મેં તેઓને મહારાજ ઓળખાવ્યા છે. આપ કોણ છો તેનાથી અવગત પણ કર્યા હતા, છતાં તમે કાર્યક્રમ શા માટે મુલતવી રાખ્યો?" આમ કેટલીય વાર સુધી પોતાના મનનું દુઃખ વર્ણવ્યા કર્યું. મામા શાંત ચિત્તે બધું સાંભળી, હરિભક્તનો ભાવ જોતા રહ્યા. અને છતાં હરિભક્ત અટક્યા જ નહિ. બોલ્યા જ કર્યું.

મામા કહે, "અમે કોણ છીએ? ક્યાંથી આવ્યા છીએ? એ જાણો છો? દેવતાઓને પણ મહારાજ અને તેમના અનાદિમુક્તના દર્શન દુર્લભ છે. મહારાજના મુક્તના દર્શન કરવા કેટલો દાખડો કરવો પડે એ ખબર છે? તમને બધાને આમ સુલભ થયા છીએ એટલે જણાતું નથી. તમારા સંબંધીને અમને ઓળખાવવાનો તમને મનમાં જેટલો ભાવ અને ઓરતો છે એટલો ભાવ અને ઓરતો તેઓને અમને મળવાનો નથી. તેઓએ ક્યારેય સામે ચાલીને કહ્યું છે કે તેઓને અમારા ઘરે તેડી લાવો! મનમાં ખરો ભાવ હોત તો હું જરૂર આવત. તેઓને મહારાજનો જ જોઈએ એવો મહિમા નથી ત્યાં કેવી રીતે જવાય? જ્યાં મહારાજ ન હોય ત્યાં જવાની ઇચ્છા મને ઓછી થાય. મહારાજનો મહિમા હોય, ઘરમાં બધા સાચા સત્સંગી હોય, મનમાં ભગવાનનો ભાવ હોય ત્યાં હું

જરૂરથી જાઉં. ગયા વગર રહું નહિ. પણ તમારા સંબંધીમાં આવું નથી. હું તો દરેક જીવ પર સદાય રાજી હોઉં છું. તેના માટે મારે તેમને મળવાની જરૂર રહેતી નથી. તમારો ભાવ ખરેખર સારો છે, પરંતુ તમારા સંબંધીને તમારા કરતાં પા ભાગનો પણ ભાવ હોત તો હું જરૂર આવત."

આવું સાંભળતાં હરિભક્ત વધુ કાંઈ બોલી શક્યા નહિ. તેમણે મામાની માફી માગી, "મામા, મને માફ કરો કોઈના મનની વાત અમે ક્યાંથી જાણી શકીએ? તમને આવો આગ્રહ કર્યો તે બદલ ક્ષમા ચાહું છું. આપ રાજી રહેજો." મામા કહે, "તમારા પર તો રાજી છું જ. એમાં ક્યાં કોઈ સવાલ જ છે? તમે મનમાં જરાય ઓછું લાવતા નહિ. તમારા સંબંધી પર પણ હું એવો જ રાજી છું. કોઈ ચિંતા કરશો નહિ."

આમ તે દિવસે મામાએ પોતે અનાદિમુક્ત છે અને શ્રીજીના મોકલ્યા જીવો પર દયા કરી પધાર્યા છે અને તેમના જેવા મુક્તના દર્શન દેવતાઓને પણ દુર્લભ છે તે આપણા સૌ ઉપર કૃપા વરસાવી સુલભ કર્યા છે તેવું સ્પષ્ટપણે જણાવી દીધું.

અનાદિમુક્તની સાથે સદાય શ્રીજીમહારાજ હોય છે. આથી મુક્તનું આતિથ્ય કરીએ એટલે મહારાજનું આતિથ્ય થયું કહેવાય. હવે જ્યારે ભગવાન ઘરે પધારવાના હોય તો કેટલી તૈયારી કરવી જોઈએ? મનમાં કેટલો આનંદ ઊભરાવો જોઈએ? મુક્તને આ લોકના ક્ષુલ્લક એવા માન-પાનની ક્યારેય પડી હોતી

નથી, પરંતુ અનાદિમુક્તનો આદર કરવો તે આપણી ફરજ છે. તેમનો અનાદર તે સીધો મહારાજનો અનાદર કહેવાય અને મહારાજનો અનાદર કરવાથી જીવનું બગડી જાય. મહારાજે શિક્ષાપત્રીમાં મહેમાનનું સામર્થ્ય પ્રમાણે સ્વાગત કરવાનું કહ્યું છે તો પછી અનાદિમુક્ત ઘરે પધારવાના હોય તો તેઓનું કેવું સ્વાગત થવું જોઈએ? વિચારીએ.

❋❋❋

# ૧૫

'સત્ પુરુષ વાક્યં ન ચલતી ધર્મ' એ મુજબ મામાએ આપેલું વચન વર્ષો પછી પણ પાળી બતાવ્યું. બે સખીઓ મામાનો ખૂબ મહિમા જાણે મામાને ત્યાં જે સેવા મળે તે કરવા હંમેશાં તત્પર રહે અને સારી રીતે ભગવાન ભજે. બંને સખીઓને એક-બીજા સાથે બહુ સારું ફાવે. સુખ-દુઃખમાં સાથે જ રહે. મુસીબતમાં એકબીજાની સહાયતા કરી મુસીબતનું નિરાકરણ કાઢે અને આનંદથી બંને રહે. એક વખત તેઓ મામાના દર્શને ગયા ત્યારે મામાએ બંનેને આશીર્વાદ આપ્યા કે તમે બંને બહેનો સાથે રહો છો તો લગ્ન પછી પણ તમે બંને સાથે રહી શકશો. તમારા બંનેના લગ્ન લંડનમાં થશે અને તમે બંને ત્યાં જ સ્થાયી થશો. અને અમે તમારે ત્યાં આવીશું. હજી તો બંને સખીઓમાંથી કોઈના કુટુંબમાં તેઓ માટે મુરતિયા શોધવાની શરૂઆત પણ થઈ ન હતી. ત્યારે મામાએ આવી ભવિષ્યવાણી કરતાં આશીર્વાદ આપ્યા હતા. આવા આશીર્વાદ મળતાં બંને સખીઓ રાજી થઈ ગઈ કે પરણ્યા પછી પણ આપણે એક જ દેશમાં હોવાથી મળી શકીશું અને આપણી મિત્રતા કાયમ રહી શકશે. સૌથી વિશેષ તો તેઓને એનો રાજીપો હતો કે મામાએ તેમને ત્યાં આવવાનું વચન આપ્યું હતું.

મામાના વચન પ્રમાણે બંને સખીઓને લંડનના છોકરા મળ્યા અને બંને ત્યાં સ્થાયી થઈ. તેઓ મામાને

ઘણીવાર પ્રાર્થના કરે કે આપે વચન આપ્યું છે કે આપ અમારે ત્યાં પધારશો તો હવે અમે બંને સ્થાયી થઈ ગયા છીએ તો આપ અમારે ત્યાં પધારો. સખીઓ જ્યારે-જ્યારે પ્રાર્થના કરે, ત્યારે મામા હકારમાં મોળો પ્રતિસાદ આપે. પરંતુ વર્ષો પછી જ્યારે તેમને વિદેશ જવાનું થયું, ત્યારે મામાએ વચન પાળ્યું ને મામા તેમને ત્યાં જ ઉતર્યા અને રોકાયા. બંને બહેનોના આખા કુટુંબને ધન્ય બનાવ્યું. ઘરના દરેક સભ્યો પર આશીર્વાદ વરસાવ્યા.

વર્ષોની રાહ જોવડાવ્યા બાદ મામા તેમને ત્યાં પધાર્યા હોવાથી સખીઓના આનંદની સીમા નહોતી. એ વખતે તેમના પતિઓને મામાનો વિશેષ પરિચય નહિ, પરંતુ મામાને મોટા મુક્ત જાણી બંનેએ મામાની હૃદયના ખરા ભાવથી મામા રહ્યા ત્યાં સુધી સેવા કરી તેમનો રાજીપો મેળવી લીધો. બંનેની સેવાથી મામા અત્યંત રાજી થયા અને મહારાજનું દિવ્ય સુખ તેમને પ્રાપ્ત થશે તેવા આશીર્વાદ તેઓ પર વરસાવ્યા. સાથે એમ પણ કહ્યું, “અમે જેવું સુખ ભોગવીએ છીએ, તેવું સુખ મહારાજ તમને આપશે.” થઈ રહ્યું! જેવો કહીએ તેવો લાભ બંનેને મળી ગયો.

પૃથ્વી પર આવી જીવે જે કરવાનું છે જેના માટે ભગવાને તેને મોકલ્યો છે તે છે ભગવાનના દિવ્ય સુખની પ્રાપ્તિ અને એ મેળવવા જીવો અનંત જન્મો સુધી સાધના કરે છતાં હાથ નથી આવતું. તે સખીના પતિને અનાદિમુક્તની સેવા કરવાથી, તેમનો રાજીપો મેળવવાથી પ્રાપ્ત થઈ ગયું. મામાના રૂડાં આશીર્વાદ! મહારાજના

દિવ્ય સુખની પ્રાપ્તિની ગેરંટી મામાએ આશીર્વાદ દ્વારા વરસાવી દીધી. આ... હા... હા! કેવડી અદ્‌ભુત વાત!! કરી-કરીને જે કરવાનું છે, જે મેળવવાનું છે તે મળી ગયું. આવા અલૌકિક આશીર્વાદ મળતાં સખી અને તેમના પતિ અત્યંત રાજી થઈ ગયા. તેમનો જનમ સફળ થઈ ગયો. સેવાનું ફળ પ્રાપ્ત થઈ ગયું. બધાની આંખમાં હર્ષાશ્રુ હતાં. મામાએ તેમને ન્યાલ કર્યા હતા. ત્યાં રહ્યાનું જીવનભરનું સંભારણું આવા આશીર્વાદ દ્વારા મામાએ કરાવી આપ્યું હતું.

પૂર્ણ મુક્તપુરુષ રાજી થઈ આશીર્વાદ વરસાવે ત્યારે તેમાં શું બાકી હોય? જેની પાસે જે હોય તે આપે. અનાદિમુક્ત પાસે મહારાજનું સુખ હોય તેથી જ્યારે રાજી થાય, ત્યારે જીવોને તે આશીર્વાદરૂપે આપે અને એ સરપાવ મળતાં જીવો ભવસાગર તરી જાય.

❋❋❋

## ૧૬

આજે ત્રણ-ત્રણ દિવસ થયા ભક્તથી નથી સરખું સૂઈ શકાતું કે નથી સરખું બેસી શકાતું. વર્ષોથી કેન્સરનું દરદ તો હતું જ, તેમાં શ્વાસની તકલીફે વધારો કર્યો હતો. ત્રણ દિવસ થયા ભક્તને એકેય વાતે સુવાણ થતી નથી. નથી એક વાક્ય બોલી શકાતું કે નથી પાણીનો એક ઘૂંટડો પણ ગળાની નીચે જઈ શકતો. છતાંય ભક્તને એ વિશે કોઈ ફરિયાદ નથી કે નથી અંતરમાં કોઈ વેદના. તેઓ તો શ્રદ્ધા રાખી ભગવાન તથા મુક્તરાજ મામાને સંભાર્યા કરે છે, બસ સંભાર્યા જ કરે છે, પરંતુ ઘરના સભ્યોને હવે ચિંતા થવા માંડી છે, કોઈને ખાવાનુંય ભાવતું નથી, જીવ ઉચાટ અનુભવે છે. આમ ને આમ ક્યાં સુધી તકલીફ ભોગવ્યા કરવાની? એમનું દુઃખ હવે જોવાતું નથી, પણ ભક્ત છે કે કોઈ ચિંતા કરતા નથી અને ઘરના સર્વેને પણ ઇશારા કરી પોતે હિંમત આપે છે અને ધીરજ ધરવા કહે છે, પરંતુ આજે તકલીફે પોતાનું સ્વરૂપ વધુ વરવું કર્યું હતું. ઘરના દરેક સભ્યો એક ચિત્તે મહારાજ, બાપાશ્રી તથા મુક્તરાજ મામાને આર્તનાદે પ્રાર્થના કરવા લાગ્યા.

જાણે પ્રાર્થના પહોંચી ગઈ. કોઈ પણ જાતના આગમનના સંદેશા વગર ઘરમાં મામાનું આગમન થયું. મામાના દર્શન થતાં ઘરના દરેક સભ્યોના મન ખીલી ઊઠ્યાં, હૃદય આનંદમાં નાચવા લાગ્યું. બધાને વિશ્વાસ

બેઠો કે નક્કી મુક્તરાજ ભક્તની પ્રાર્થના સાંભળી પધાર્યા છે. નહિ તો ખબર કર્યા વગર ક્યારેય ન આવનાર મામા આજે આમ અચાનક ક્યાંથી? સૌને શાતા વળી કે હવે નક્કી કાંઈક ઉકેલ મળશે.

ભક્તને તો હર્ષાશ્રુ છલકાઈ આવ્યાં. મુક્તરાજ મામાના દર્શન માત્રથી જાણે અર્ધી વ્યાધિ તો દૂર થઈ ગઈ. ઘરના સભ્યો મામાની આગતા-સ્વાગતામાં પરોવાયા. મામા સીધા ભક્ત પાસે ગયા. ભક્ત ખુરશીમાં બેઠા-બેઠા હાંફતા હતા, છતાંય માંડ-માંડ જય સ્વામિનારાયણ તો બોલ્યા. મામા અજાણતા થઈ પૂછવા લાગ્યા, "તમને શું થાય છે? કેમ આમ હાંફો છો?" ભક્તથી તો કહેવાયું નહિ. ઘરના સભ્યોએ વિગતે વાત કરી, કે "આજે ત્રણ દિવસ થયા આ જ પરિસ્થિતિ છે, નથી કાંઈ ખવાતું કે નથી પીવાતું. એક વાક્ય બોલવામાં પણ અતિશય શ્રમ પડે છે." મામાએ એક ચિત્તે બધી વાત સાંભળી. આંખો બંધ કરી ભગવાન સ્મર્યા. ભક્ત સામું જોઈ બોલ્યા, "તમને તકલીફ ઘણી છે, ભગવાનના નિશ્ચયના બળ વગર આવી સહનશક્તિ સંભવે નહિ. તમારા જેવા બળિયા ભક્તથી જ આ દુઃખ સહન થાય, બીજાથી આવું સહન થઈ શકે નહિ. મહારાજ પ્રત્યે તમારી નિષ્ઠા, સર્વોપરિ ઉપાસના અને સમજણના અંગને લઈને જ મહારાજ તમારા પર પ્રસન્નતા જણાવે છે." આમ કહી મામાએ આંખો બંધ કરી અંતર્વૃત્તિએ મહારાજને સંભારી ભક્તની છાતી પર પોતાનો કોમળ અને દિવ્ય હાથ ફેરવ્યો. એક વખત, બે વખત

અને ત્રણ વખત.

આ...હા! મુક્તરાજ હાથ ફેરવતા ગયા અને ભક્ત દિવ્યાનુભૂતિ કરતા રહ્યા. આનંદમાં ગરકાવ થઈ દિવ્ય સ્પર્શ માણતા રહ્યા. ભક્તનું હૃદય પુલકિત થઈ ઊઠ્યું. જાણે ટાઢો શેરડો પડ્યો. આનંદ-આનંદ!! અવર્ણનીય દિવ્ય સ્પર્શની અનુભૂતિ થઈ રહી. મુક્તરાજમાં રહી જાણે સ્વયં શ્રીહરિએ હાથ ફેરવ્યો. મુક્તરાજે હાથ ફેરવવો બંધ કર્યો આંખો ખોલી ભક્ત સામું મંદ-મંદ સ્મિત વેરતા વાત્સલ્યપૂર્ણ દૃષ્ટિ કરી અને બોલ્યા, “મેં શ્રીજીમહારાજને પ્રાર્થના કરી છે અને તેમણે પ્રાર્થનાનો સ્વીકાર કર્યો છે. તમને આ જ મિનિટથી સારું થવા માંડશે.” મામાનું વાક્ય હજી તો પૂર્ણ થયું ને જાણે ચમત્કાર સર્જાયો. હાંફ મટી ગઈ. પીડા અદૃશ્ય થઈ ગઈ, જાણે ક્યારેય હતી જ નહિ. ભક્ત તો મામાના પગમાં પડી ગયા. અશ્રુઓથી મામાના ચરણ પખાળ્યા. હરખમાં તેમના મુખમાંથી શબ્દો નીકળી ન શક્યા. હાથ જોડી ગદ્‌ગદ ભાવે એટલું જ બોલ્યા, “આજે મારા ઉપર આપે બહુ દયા કરી.” આખું વાક્ય ભક્ત એકદમ સરળતાથી બોલી ગયા. ઘરના સભ્યો ભક્તને આમ વગર શ્વાસ ચડ્યે બોલતા સાંભળી અવાચક થઈ ગયા. આ ચમત્કાર જોઈ સર્વે દિગ્મૂઢ થઈ ગયા હતા. થોડીવાર તો બધા આશ્ચર્ય સાથે ત્યાં જ ઊભા રહ્યા. ભક્તે બધાનું ધ્યાન તોડ્યું ને કહ્યું આમ જ શું ઊભા રહ્યા છો? મુક્તરાજ માટે કાંઈ લઈ આવો. ત્યારે બધાને ભાન થયું અને મુક્તરાજ માટે અલ્પાહારની તૈયારી કરી હતી તે

મહારાજને ધરાવી મુક્તરાજને તથા સાથે આવેલા હરિભક્તો, સેવકોને આપ્યું.

મુક્તરાજ તો આજે ભક્ત પર જાણે સમગ્ર દયાનો સાગર વરસાવવા આવ્યા હોય ને શું! આ ત્રણ દિવસની પીડાનું સાટું વાળવા આવ્યા હોય તેમ જગ્યાએથી ઊઠી હાથમાં ડીશ રાખી ભક્ત પાસે ગયા અને પોતાના હાથે ભક્તને પ્રસાદી જમાડી. ભક્તના તો ભાગ્ય ખૂલી ગયા. ત્રણ દિવસની પીડાનો અલભ્ય લાભ મળી તેનો આવો સુખદ અંત આવશે તેવો તો સ્વપ્ને પણ ખ્યાલ નહોતો.

મુક્તરાજે ઘરના સભ્યોને કહ્યું, “તમે બધા ભાગ્યશાળી છો કે ભક્તના કુટુંબી છો, ભક્તે ખૂબ સાધના કરી છે. ઘણા મોટા મુક્તોનો રાજીપો મેળવ્યો છે. એ રાજીપાને લીધે તેમને ધ્યાનની મૂર્તિ સિદ્ધ થઈ છે. ધ્યાન માટેનો આવો પુરુષાર્થ કર્યો હોવાથી જ મહારાજ તેમના પર રાજી છે.” પછી ભક્તને કહે, “આજે મહારાજે જ મને તમારી પાસે મોકલ્યો છે તમે આવી પીડામાં પણ ધીરજ ગુમાવ્યા વગર ભગવાન સંભારતા રહ્યા એ ખરા મુમુક્ષુનું લક્ષણ છે.” ત્યાર બાદ ઘરના સર્વેને કહ્યું, “તમે બધા પોતાને ભાગ્યશાળી માની આમની બરાબર સેવા કરજો.” મામાએ રાજી થઈ કેટલીય વાર સુધી મહારાજના મહિમાની વાતો કરી સર્વેને ન્યાલ કરી દીધા. મુક્તરાજ ભક્ત પાસે રજા લઈ પાછા પધાર્યા.

ભક્તને તો જાણે ક્યારેય શ્વાસની તકલીફ હતી

જ નહિ. સંપૂર્ણ સ્વસ્થતાથી વાતો કરી શકતા હતા. આજે આ બધું કેવી રીતે બની ગયું તે જ ઘરના સભ્યો વિચારતા રહ્યા. ડૉક્ટરોની દવા જે ન કરી શકી તે અનાદિ મુક્તરાજે માત્ર હાથ ફેરવી સારું કરી આપ્યું!! આશ્ચર્ય!!!

ભક્તને હવે કોઈ તકલીફ હતી નહિ. ઘરના સભ્યો તેમની પાસે બેસી તેમને જોતા રહ્યા. ભક્તે તો પછી મહારાજ અને મુક્તરાજના મહિમાની તેમના સામર્થ્યની અઢીથી ત્રણ કલાક સુધી કોઈ પણ જાતની તકલીફ વગર બધાને વાતો કરી. બધાને આ ચમત્કારથી ભારે અચરજ થયું હતું. મુક્તરાજ બધાને જીવનભરનું સંભારણું કરી દઈને ગયા હતા.

અનાદિમુક્ત તો સળંગ રસબસભાવે મૂર્તિમાં સંલગ્ન હોય છે. શ્રીજીમહારાજ તેમના દ્વારા સર્વ કાર્ય કરે છે. આથી આ લોકના જીવોને જે બહુ મોટો ચમત્કાર લાગે છે તે અનાદિમુક્ત માટે તો એક સહજ ક્રિયા જ છે, એક સામાન્ય કાર્ય છે. પરમાત્મા સાથે અખંડ એકાત્મતા હોવાથી પરમાત્માના કલ્યાણકારી ગુણો તેમનામાં આવિર્ભાવ પામેલા હોય છે. અત્રે “કોઈને દુઃખીયો રે દેખી ન ખમાય...” મહારાજનું એ લક્ષણ મુક્તમાં અભિવ્યક્ત થાય છે.

❋❋❋

## ૧૭

પોતાની રૂમમાં મામા શાલ ઓઢીને સૂતા હતા. મામાને ઘણો તાવ હતો. એક સેવક બાજુમાં બેઠો હતો. થોડીવારે એક હરિભક્ત ગાડી લઈને આવ્યા. રૂમમાં આવતા મામાને શાલ ઓઢી સૂતેલા જોઈ અચરજ પામતાં પૂછ્યું "શું થયું અચાનક? હજી સવારે તો કાંઈ ન હતું." મામા કહે, "મને એકદમ તાવ ચડ્યો છે. મારાથી આવી શકાશે નહિ. તમે જઈ આવો." હરિભક્ત દિલગીર થઈ ગયા. કહે, "મામા, તેઓ બહુ સારી કથા કરે છે. હું આપને માટે આગળ સારી બેસવાની વ્યવસ્થા કરીને આવ્યો હતો." મામા કહે, "બધું બરાબર, પરંતુ આવા તાવમાં મારાથી કઈ રીતે નીકળી શકાય? તમે ખુશીથી જઈ આવો." હરિભક્ત ખિન્ન મને ત્યાંથી વિદાય થયા. મામા સેવક સાથે આધ્યાત્મિક વાતો કરવા લાગ્યા. ઓઢેલી શાલ પણ કાઢી નાખી. મામા વાતો કરતા થાકી જશે, તેમને આરામની જરૂર છે તેમ વિચારી સેવકે મામાને આરામ કરવા કહ્યું. મામા કહે, "જો મને ક્યાં તાવ છે?" સેવકે મામાના શરીરને અડી ખાતરી કરી તેણે આશ્ચર્ય સાથે પૂછ્યું, "આ શું! હજી થોડીવાર પહેલાં આપને પાંચથી છ ડિગ્રી જેટલો તાવ હતો. શરીર આખું તાવથી ધગતું હતું અને અત્યારે એટલી જ વારમાં કોઈ પણ જાતની દવા વગર તાવ ઉતરી ગયો!!"

મામા હાસ્ય વરસાવતા બોલ્યા, "એ તાવ તો

મારી મરજીથી આવ્યો હતો. મેં તેને સ્વેચ્છાએ ગ્રહણ કર્યો હતો અને આદેશ આપ્યો, જતો રહે એટલો જતો રહ્યો. બધા રોગો મૂર્તિમાન હોય છે અને તેમણે મહારાજ અને મહારાજના મુક્તના કહ્યામાં રહેવું પડે છે." સેવક અવાચક થઈ સાંભળતો રહ્યો. મામા કહે, "આજે પેલા હરિભક્ત મને ભાગવતની કથા સાંભળવા લઈ જવા માંગતા હતા. મેં ના પાડી છતાં અતિશય આગ્રહ કરવા લાગ્યા. સર્વોપરી ઉપાસનાવાળાને ભાગવત કથા શ્રવણનું શું પ્રયોજન? એટલે આ તાવ ગ્રહણ કર્યો હતો. તાવ હોય પછી આગ્રહ કરી શકે નહિ. હવે જુઓ મને ક્યાં તાવ છે?" સેવક તો મામાનું આવું સ્વતંત્રપણાનું સામર્થ્ય નિહાળી દિગ્મૂઢ થઈ ગયો. તેને આજે મામાના સામર્થ્યમાંના વધુ એક ગુણનું દર્શન થયું હતું, મામાના સ્વતંત્રપણાનું સામર્થ્ય.

અનાદિમુક્તની સ્થિતિને પામેલા મુક્ત સર્વશક્તિમાન હોય છે. અનાદિની સ્થિતિ એટલે પૂર્ણ સ્થિતિ. આધ્યાત્મિકતામાં છેલ્લું પગથિયું. એના પછી પ્રાપ્ત કરવાનું કાંઈ શેષ રહેતું નથી. આવી સ્થિતિને વરેલા મુક્ત માટે અશક્ય જેવું કાંઈ જ હોતું નથી. દરેકે દરેક વસ્તુ કે સ્થિતિ હસ્તામળ. પૃથ્વી પર પ્રગટ થાય ત્યારે આ લોકની રીતિ પ્રમાણે રહે, સામર્થ્ય ઢાંકીને વર્તે, સમર્થ થકા ઝરણા કરે, છતાંય પ્રસંગોપાત્ પ્રભુની ઇચ્છાથી પોતાનું સામર્થ્ય દાખવે પણ ખરા.

❋❋❋

## ૧૮

મુક્તરાજ મામાની રૂમમાં કેટલાક હરિભક્તો ચિંતાગ્રસ્ત ચહેરે મામાની રાહ જોતા બેઠા હતા. ચિંતા હોવા છતાં દરેકને મનમાં એક આશા હતી, એક હૈયા ધારણ હતી કે અહીં આવ્યા છીએ, તો ખાલી હાથે પાછા નહિ જઈએ. આજે સમસ્યાનું કોઈને કોઈ નિરાકરણ જરૂર આવશે. આવા વિચારો કરતા સૌ બેઠા હતા ને મામા રૂમમાં દાખલ થયા. હરિભક્તોએ મામાને જય સ્વામિનારાયણ કહ્યા. મામાએ બધાના ખબર-અંતર પૂછ્યા અને આવવાનું પ્રયોજન પૂછ્યું. હરિભક્તો રજૂઆત કરતા સંકોચ અનુભવ કરતા હતા. એક હરિભક્તે વાત કરી, “મામા, આપને થોડી તકલીફ આપવા આવ્યા છીએ. આમ તો આવા કાર્ય માટે ન આવવું જોઈએ, પણ ન છૂટકે આપની પાસે આવવું પડ્યું છે.” મામાએ કહ્યું, “વાંધો નહિ જે મુશ્કેલી હોય તે જણાવો.” હરિભક્તે વિગતે વાત કરી, “મામા, ગામના એક બહેનને વળગાડ જેવું જણાય છે. બધાને ખૂબ હેરાન કરે છે. અને એક ભાઈના દીકરાની પાછળ પડી ગઈ છે. જાણે તેને મારી નાખવાની હોય તેમ કરે છે. એ બિચારા છોકરાની મા મરી ગઈ છે. વળગાડવાળી બહેનથી છોકરો ઘણો ડરી ગયો છે. અમે બધા પણ હેરાન થઈ ગયા છીએ. આપ આમાંથી કોઈ મારગ કાઢો તો સારું. તમારી પાસે અમે ઘણી આશા સાથે આવ્યા

છીએ. અમને નિરાશ ન કરતા. એવી અમારી બધાની પ્રાર્થના છે.” મામા વાત સાંભળી થોડીવાર આંખો બંધ કરી એમને એમ બેસી રહ્યા પછી બધાને કહ્યું, “અત્યારે તમે જાવ આનો રસ્તો કાઢીશું. બહેનને એ કષ્ટમાંથી ભગવાન છોડાવશે. હું ભગવાનને પ્રાર્થના કરીશ અને તમે બધા પણ મહારાજને પ્રાર્થના કરજો.” હૈયા ધારણ અને આશાનું કિરણ લઈ સૌ વિદાય થયા.

મામાએ એક સેવકને બોલાવી વિગતે વાત કરી. પછી સેવકના હાથમાં મહારાજની ચરણરજ આપીને કહ્યું, “તમે એ ગામમાં જાવ અને એ બહેનને વળગાડના કષ્ટમાંથી મુક્ત કરો. સાથે બીજા એક સેવકને લેતા જજો.” સેવક અચંબામાં પડી ગયો. મામાને કહે, “મામા, આ કેવી રીતે બને? મને એ કઈ રીતે ફાવશે? હું કઈ રીતે બહેનને કષ્ટમાંથી છોડાવી શકું?” મામાએ સેવકને હિંમત આપતાં કહ્યું, “તમારે જરાય મૂંઝાવાની જરૂર નથી. હું અહીં મહારાજને પ્રાર્થના કરું છું. તમે આ ચરણરજ લઈ જાઓ. હું આશીર્વાદ આપું છું તમારાથી કાર્ય સફળ થશે. જાવ જઈને બહેનને વળગાડના કષ્ટમાંથી મુક્ત કરો.” મામાના આશીર્વાદ મળવાથી સેવકને પણ હિંમત આવી ગઈ. સેવક મામાને અનાદિમુક્ત જાણતા હતા. મામાનો મહિમા પણ ઘણો સમજતા હતા અને મામાના વચનમાં સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ ધરાવતા હતા. મામાને અત્યંત સામર્થ્યવાન જાણતા હતા. મામાએ આશીર્વાદ આપતા સેવકને વિશ્વાસ આવ્યો કે મામાના પ્રતાપે હું કાર્ય સંપન્ન કરી શકીશ

અને બહેનને કષ્ટમાંથી છોડાવવામાં મને જરૂર સફળતા મળશે.

સેવક બીજા એક સેવકને સાથે લઈ બહેનના ઝુંડાલ ગામમાં ગયા. જે બહેનને વળગાડ હતો તેની પાસે ગયા ત્યારે બહેન સાવ શાંત હતા. આથી જે જગ્યાએથી તેમને વળગાડ થયો હતો તે ખેતરની સીમ પાસે તેને લઈ ગયા. ત્યાં જઈ સેવકે સ્વામિનારાયણની ધૂન કરાવી. થોડીવાર ધૂન કરતાં બહેન ધૂણવા લાગ્યાં. સેવકે ચરણરજ પાણીમાં બોળી તે પાણી તેના પર છાંટ્યું એટલે બળુ છું, બળુ છુંની બૂમો પાડવા લાગી અને કહેવા લાગી, “મને દેહમાં ખૂબ દાહ થાય છે. આખા શરીરમાં બળતરા થાય છે, મારાથી સહન થતું નથી.” સેવકે બાઈના ઘરનાને કહ્યું, “આ પાણી બહેનના શરીરે ચોપડો એટલે તેને બળતરા ઓછી થશે.” એમ કરવાથી દેહની બળતરા ઓછી થયા પછી તેને પૂછ્યું તું કોણ છે? અને શા માટે બધાને રંજાડે છે? અને પેલા નાના છોકરાને શા માટે હેરાન કરે છે? ત્યારે બાઈ કહે, “હું આ જ ગામમાં રહેતી હતી. અને ગુસ્સામાં આવી જઈ સળગીને બળી મરી હતી અને પેલો છોકરો મારો દીકરો છે. તેને મારી સાથે લઈ જઈશ. તેને મારી પાસે રાખીશ.” સેવકે બાઈને મહારાજના મહિમાની થોડી વાતો કરી, મહારાજનું જ્ઞાન કર્યું અને કહ્યું, “અત્યારે તું મરી ગઈ છે. તારો દેહ રહ્યો નથી તું જુદી યોનીમાં છે. તારો દીકરો મનુષ્ય યોનીમાં છે. તારાથી તેને ન લઈ જઈ શકાય અને તું પણ હવે આ યોનીમાંથી મુક્ત થા.

અમારા ગુરુજીના આશીર્વાદથી અને તેમના પ્રતાપે તું આ પ્રેત યોનીમાંથી મુક્ત થઈશ.” આમ ઘણીવાર જ્ઞાન કરવાથી બાઈને જ્ઞાન થયું અને જે બાઈને વળગી હતી તેના દેહને છોડવા તૈયાર થઈ. સેવકે બાઈને મહારાજની મૂર્તિ બતાવી કહ્યું, “આ મૂર્તિ સામે જોયા કર, સ્વામિનારાયણ-સ્વામિનારાયણ એમ બોલ અને આ રજની પ્રસાદીવાળું જળ પી અને આ બહેનના દેહમાંથી નીકળી જા. ભગવાન તારો મોક્ષ કરશે.” બહેન થોડીવાર સુધી મૂર્તિ સામે જોઈ રહ્યા પછી બોલ્યા, “આ મૂર્તિમાંથી ભગવાન મને લેવા આવ્યા છે. હું તેમની સાથે જાઉં છું.” આટલું બોલી બહેન ઢળી પડ્યાં. થોડીવારે જાગૃત થયા ત્યારે બહેન સાવ શાંત હતા. જાણે તેમને કાંઈ હતું જ નહિ. પહેલાની કોઈ વાત તેમને યાદ નહોતી. આવું જોતાં સેવકને પણ ઘણી નવાઈ લાગી. મામાના પ્રતાપે આજે બે બહેનો કષ્ટમાંથી મુક્ત થઈ હતી. સેવકને તેના ગુરુના વધુ એક પ્રતાપની ઝાંખી થઈ હતી. સ્થળ પર હાજર રહ્યા વગર કેવળ સંકલ્પમાત્રે બીજા દ્વારા કાર્ય સિદ્ધ કરવું. તે અનાદિમુક્ત સિવાય બીજા કોઈથી શક્ય નથી.

મુક્તરાજે આવી રીતે બીજી ઘણી વખત સેવક પાસે વળગાડ કઢાવી લોકોને કષ્ટમાંથી મુક્તિ અપાવી છે.

❋❋❋

# ૧૯

અનાદિમુક્ત મહારાજની આજ્ઞાથી જ્યારે પૃથ્વી પર પધારે, ત્યારે દરેક મુક્તના અંગ જુદા-જુદા જોવા મળે છે. અને એ અંગ પ્રમાણેના વાણી-વર્તન અને કાર્ય કરવાની મહારાજની આજ્ઞાનું તેઓ પૂર્ણપણે પાલન કરતા હોય છે. આજ્ઞા વિરુદ્ધનું કાર્ય ક્યારેય કરતા નથી. આવા જુદા-જુદા અંગ હોવા પાછળનું રહસ્ય એ છે કે સમાજમાં પણ જુદા-જુદા સ્વભાવ પ્રકૃતિ ધરાવતા જીવો હોય છે. જેથી જે જીવને જે અંગ વિશે શ્રદ્ધા બેસે તે મુક્ત પ્રત્યે તરત ભાવ થઈ મહિમા વધે છે. આ બધા પાછળનું એક માત્ર કારણ છે કે કેમ કરી જીવો ભગવાન તરફ આકર્ષાઈ આગળ વધે. મુક્તોના ગમે તે અંગ હોય, પરંતુ દરેક પ્રભુ ભજવાની અને એ મૂર્તિમાં જોડાવવાની જ વાત કહેતા હોય છે.

મામાને એક હરિભક્ત મળવા આવ્યા. મામા આજે રાજીપો જણાવે છે તેવું જોતા તેમણે મામાને કહ્યું, “મામા, કેટલાય વખતથી મનમાં એક પ્રશ્ન થયા કરે છે આપ કહો તો આપની સમક્ષ રજૂ કરું.” મામા કહે, “પૂછો. મૂંઝવતા પ્રશ્નોનું સમાધાન મેળવી જ લેવું જેથી મનમાં રહેલી ગૂંચ દૂર થઈ સાચી વસ્તુ સમજાય.” હરિભક્તે પૂછ્યું, “મામા, સોમચંદબાપા તો બધાને ઘરે-ઘરે ફરીને સત્સંગ કરાવતા, પરંતુ આપ તેમ કરતા નથી. આવું કેમ?” મામા કહે, “મને મહારાજની એવી

આજ્ઞા નથી. સોમચંદબાપાને મહારાજે એવી આજ્ઞા કરેલી કે તમારે ઘરે-ઘરે જઈ સત્સંગ કરાવવો. મને એમ કહ્યું છે કે, જે ખરા ખપવાળા ને ગરજવાન હશે તેઓ તમારી પાસે સામેથી આવશે. તેને તમે સુખિયા કરજો. આવી આજ્ઞા મને છે. આથી હું તેમ વર્તું છું. આજ્ઞા વિરુદ્ધ તો મારાથી જવાય નહિ. દરેક મુક્તના અંગ જુદા-જુદા હોય છે અને તેમાં રહીને મહારાજ તે પ્રમાણે કાર્ય કરે છે. મારા અંગ પ્રમાણેની આજ્ઞા મને થઈ છે. અને તે પ્રમાણે મહારાજ કાર્ય કરે છે. બસ તમારા પ્રશ્નનું સમાધાન મળી ગયું ને?" હરિભક્ત કહે, "હા મામા. આ સંકલ્પ મને ઘણા સમયથી થયા કરતો હતો, પરંતુ આપને પૂછી શકતો ન હતો. આજે તેનું સમાધાન મળતાં સંકલ્પ વિરામ થઈ ગયો."

મુક્તના અંગ વિશે તેમના કાર્ય કરવાના પ્રકાર વિશે સંકલ્પો ન કરવા. તેઓ મહારાજની આજ્ઞા મુજબ જીવોના કલ્યાણ કરવાના એક માત્ર હેતુને લક્ષમાં લઈને કાર્ય કરતા હોવાથી તેમના વિશે સંકલ્પ કરવાથી જીવનું બગડી જાય. અને કદાચ સંકલ્પ થાય તો દીન થઈ મોટા પાસે તેનું સમાધાન માંગી પોતાની ભૂલ પ્રત્યે ક્ષમા માંગી લેવી. જેથી સંકલ્પ કરવાના અપરાધની માફી મળી મોટાનો રાજીપો પ્રાપ્ત થાય.

❋❋❋

## ૨૦

સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો હરિભક્તો પછી ભલે તેઓ ગમે તે શાખાના હોય મોટાભાગના એ વાતથી વાકેફ હતા કે, અનાદિમુક્ત પૂજ્ય શ્રી નારાયણભાઈ ભગવાનના અનાદિમુક્ત છે. ભગવાન તેમનું સાંભળે છે. એ બધા પોતાની પાત્રતા અને બુદ્ધિ પ્રમાણે મામાના સામર્થ્યને મૂલવે, છતાં એક વાત તો બધા સમજે જ કે મામાને મહારાજ સાથે સીધો સંબંધ છે. આથી તેઓને જ્યારે કોઈ વિટંબણા આવે કે ઉકેલી ન શકાય તેવી મુશ્કેલી આવી પડે અથવા પ્રાર્થના કરાવવી હોય ત્યારે તેઓ મામા પાસે જ આશીર્વાદ લેવા આવતા. તેમના પંથમાં તેઓ ભલે ગમે તેવા મોટા કહેવાતા હોય, મુશ્કેલીના સમયે અવશ્યપણે મામાને પ્રાર્થના કરાવતા. પોતે આવી શકે તેમ ન હોય તો બીજા કોઈ દ્વારા અથવા ફોનથી પણ પ્રાર્થના પહોંચાડી આશીર્વાદ મેળવી લેતા.

સંપ્રદાયમાં એક સંત હતા. ઘણા ભગવદીય અને સાધુતાના નિયમ પાળીને રહે અને સેવાના સારા કાર્યો કરે. અવસ્થા થતાં તેમને મંદવાડ થયો ને તેમને એમ જણાયું કે હવે મારો દેહ રહે તેમ નથી મને ચોક્કસ મહારાજ તેડી જશે. આવા સંત મૂર્તિને મહારાજ ધામમાં તેડી જાય તેનો તેમને જરાય વાંધો નહિ, પરંતુ પોતાનો સ્વભાવ સેવાભાવી અને જીવોનું રૂડું થાય તેવા કાર્ય

તેમણે ઘણા કરેલા, છતાં તેમને એકાદ-બે સેવાના સંકલ્પો રહી જતા હતા. જે માટે દેહ રહે તો જ કાર્ય સંપન્ન થાય તેમ હોવાથી તેમણે મામાને પ્રાર્થના કરી કે, “આપ મુક્ત પુરુષ છો, આપણે બંને વાતો કરીએ તેમ આપ મહારાજ સાથે વાતો કરો છો. આપ મહાસમર્થ છો તો મારા વતી મહારાજને પ્રાર્થના કરજો કે મારો દેહ મહારાજ થોડો વખત રાખે. મારે હજી એકાદ-બે સંકલ્પ રહી જાય છે તે પૂરા થયે ભલે મને સુખેથી ધામમાં તેડી જાય.” પ્રાર્થના સાંભળી મામાએ કહ્યું, “આમ તો આપની અવસ્થા થઈ છે અને આપનું આયુષ્ય પણ પૂર્ણ થયું છે, પરંતુ આપના સંકલ્પો સમાજને ઉપયોગી છે તેમ જ જીવોને ઉપયોગી થાય તેવા શુભ હોવાથી મહારાજે આપને બાર મહિના સુધીનું આયુષ્ય વધારી આપ્યું છે તો એટલા વખતમાં તમે તમારું કાર્ય આટોપી આપના સંકલ્પ વિરામ કરજો.” મામાના જવાબથી સંત ઘણા રાજી થયા અને પોતે જે કાર્ય કરવા ધાર્યું હતું તે મામાએ કહેલા સમયમાં પતાવી દીધું અને ત્યાર બાદ મહારાજ તેમને ધામમાં તેડી ગયા.

બાપાશ્રીની વાતોમાં અનાદિમુક્તના લક્ષણોમાં આપણે વાંચીએ છીએ કે અનાદિમુક્ત હોય તે કોઈને આયુષ્ય હોય છતાં તે જીવની મરજી હોય તો તેડી જાય અને આયુષ્ય ન હોય છતાં રાખી પણ જાય. તેવું અનાદિમુક્તમાં સામર્થ્ય છે. તે વાત અહીં ઉજાગર થાય છે. જો સ્વામીના સંકલ્પ આ લોકના ક્ષુલ્લક એવા કોઈ હોત તો કદાચ વાત જુદી બનત, પરંતુ તેમના સંકલ્પો

બીજાના હિત માટે હોવાથી તેમનું આયુષ્ય ન હોવા છતાં તેમના સંકલ્પો પૂર્ણ થાય ત્યાં સુધીનું આયુષ્ય મામાની પ્રાર્થનાથી મહારાજે સંતને અર્પ્યું.

❋❋❋

## ૨૧

અનાદિમુક્તને જગતના મહાન સાઈકિયાટ્રીસ્ટ (મનોચિકિત્સક) કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. કઈ વ્યક્તિને કેવી રીતે સાંભળવી, કયા વચનો તેના જીવનમાં શક્તિનો સંચાર કરશે, કયા શબ્દો જીવન જીવવાનું નવું બળ પ્રેરશે તે અનાદિમુક્ત બહુ જ સારી રીતે જાણતા હોય છે. વચનોની સાથે તેમના આશીર્વાદ ભળે એટલે નિરાશ, નાસીપાસ થયેલી કે જીવનથી હારી ગયેલી વ્યક્તિ પણ મામા પાસે આવતાં આશાનું સુંદર નવું કિરણ, જીવનના સાચા મૂલ્યો, મુશ્કેલીનો તોડ મેળવીને જ જાય. મામાના વચનોમાં એટલી શક્તિ રહેતી કે વ્યક્તિને જીવમાંથી "હા" પડી જતી.

મામાના દર્શને એક વખત કેટલાક હરિભક્તો આવ્યા હતા. તેઓને વ્યાવહારિક મુશ્કેલી હતી. મામાએ શાંતિથી તેમની વાતો સાંભળ્યા પછી મધુર સ્વરે ધીરે રહીને સમજાવતાં બોલ્યા, "સંસારી જીવોને સંસારમાં રહ્યા હોવાથી નાની-મોટી વ્યાવહારિક મુશ્કેલીઓ તો આવ્યા જ કરે, તેનું નામ જ જીવન. દુઃખ ન હોય તો સુખનું મૂલ્ય રહેતું નથી, પરંતુ બીજા જીવોને આવતી મુશ્કેલીઓ અને આપણને આવતી વ્યાવહારિક મુશ્કેલીઓમાં ફરક છે. ફરક એ છે કે આપણે મહારાજના મુક્ત છીએ એટલે જે મુશ્કેલીઓ આવે તે મહારાજ કસોટી કરવા આપે છે તેમ સમજવાનું. કસોટી

કરનાર કોણ છે? શ્રીજીમહારાજ, પૂર્ણ પુરુષોત્તમ નારાયણ. હવે જ્યારે સર્વોપરિ ભગવાન પોતે આપણી કસોટી કરે તે આપણા મોટા ભાગ્ય ન કહેવાય? કહેવાય જ. અને જ્યારે પ્રભુ સ્વયં કસોટી કરવા બેસે પછી તેમાં મણા શા માટે રાખે? પૂર્ણરૂપે કસોટી કરે. પણ પાછા દયાળુ એવા છે કે તે કસોટીમાંથી પાર પણ પોતે જ ઊતારે છે. પ્રભુ ચકાસે કે હું ગમે-તેવી કસોટી કરું મારો ભક્ત મુસીબતમાં મને ભૂલી તો નથી જતો ને? મારી નિષ્ઠામાંથી ચલિત તો નથી થતો ને? તો જ્યારે સ્વયં હરિ કસોટી કરતા હોય અને તેઓ જ તેનો મારગ પણ બતાવવાના હોય પછી શા માટે મૂંઝાવું?" હરિભક્ત કહે, "પરંતુ ભગવાન સહન ન થઈ શકે એવડી કસોટી શા માટે કરતા હશે?" મામાએ જવાબ આપ્યો, "ના-ના ભગવાન ક્યારેય કોઈથી સહન ન થાય તેવી કસોટી કરતા જ નથી. અને તેઓ એવા દયાળુ છે કે કસોટી કરે ત્યારે તેને સહન કરવાની શક્તિ પણ આપી દે છે. આપણે તો ફક્ત ધીરજ ગુમાવ્યા વગર તેમને સંભારી પ્રાર્થના કર્યા કરવી કે આમાંથી ઉગરવાનો માર્ગ બતાવજો. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ ધીરજ ખોવી નહિ." હરિભક્ત કહે, "વધુ મુશ્કેલી આવે ત્યારે ધીરજ ખૂટવા લાગે છે." મામા હસતા-હસતા બોલ્યા, "શ્રીજીમહારાજની અનાદિની એવી રીત છે કે, જ્યારે ભક્ત ગળા સુધી આવી જાય, તેની ધીરજ ખૂટવા લાગે, ત્યારે અભયવચન આપતાં તત્કાળ સહાય કરે છે. જેમ તેમની આ રીત છે તેમ આપણે ધીરજ ખૂટવા ન

દેવાની રીત રાખવી. આ ઘાંટી અકળિત છે. ધીરજ ખૂટવા ન દેવી અને ધીરજ ખૂટે ત્યારે પ્રભુ સહાય કરે. એટલે એમાં બહુ ઊંડા ઊતર્યા સિવાય આપણે તેમને પ્રાર્થના કરવી અને પુરુષાર્થ કરવામાં જરાય કચાશ ન રાખવી. એટલું જ કરવાનું છે. મુશ્કેલીમાંથી ક્યારે પાર ઊતરાશે તે ભગવાન પર છોડી દેવું.

તમારી મુશ્કેલી માટે તમે ભગવાનને પ્રાર્થના કરજો. અમે પણ પ્રાર્થના કરીશું. તમે પુરુષાર્થ બરોબર ખંત રાખી કરજો શ્રીજીમહારાજ જરૂર સહાય કરશે." મામાની વાતોથી હરિભક્તને નવી હિંમત આવી અને પુરુષાર્થ કરવાનું નવું બળ પ્રાપ્ત થઈ મનમાં વિશ્વાસ દૃઢ થયો હતો કે મુસીબતનો જરૂરથી માર્ગ મળશે.

❊❊❊

# ૨૨

જીવોને પોતાના પ્રારબ્ધકર્માનુસાર દેહ પ્રાપ્ત થાય છે. શાસ્ત્રોમાં પણ એવું કહેવાયું છે કે પ્રારબ્ધકર્મનું ફળ જીવે ભોગવવું જ પડે છે. તેમાં સારા કર્મોનું ફળ પણ મળે છે અને ખરાબ કર્મોનું પણ. ભગવાનની એ કૃપા જ કહેવાય કે તેઓ આપણા દરેક કર્મોનો હિસાબ રાખી તે પ્રમાણે જીવને તેનું ફળ આપે છે. નહિ તો જીવ કોઈ નાનું એવું સારું કે ખરાબ કર્મ કરી તેને ભૂલી જાય, પરંતુ ભગવાન તે દરેક નાના એવા કર્મનો પણ હિસાબ રાખી યોગ્ય સમયે ઉચિત ફળ આપે છે. પ્રભુજીની આ અનાદિની રીત છે. તેમાં અનિવાર્ય સંજોગો સિવાય ભગવાન પોતે પણ હસ્તક્ષેપ કરતા નથી. આથી જીવને જીવનમાં જે કાંઈ પણ સુખ-દુઃખ આવે તે પ્રારબ્ધકર્માનુસાર ભગવાને આપ્યું છે તેમ વિચારી, દરેક પરિસ્થિતિનો સહર્ષ સ્વીકાર કરી પ્રભુભજન કરી, પ્રભુની વધુ ને વધુ નજીક જવાય તેવા પ્રયત્નો કરવા તે જ કર્તવ્ય છે.

અનાદિમુક્ત ત્રિકાળદર્શી હોય છે. એનો અર્થ એવો થાય કે તેઓ ભૂત, વર્તમાન અને ભવિષ્ય બધું જોઈ જાણી શકતા હોય. આપણે સામાન્ય જીવો આપણા આ દેહના જ ભૂત-વર્તમાન અને ભવિષ્ય એમ સમજીએ છીએ. જ્યારે મુક્ત તો આપણા ભૂતકાળના અનેક જન્મો વિશે, વર્તમાન વિશે અને ભવિષ્ય એટલે આવનાર જન્મ

વિશે પણ જાણકારી ધરાવતા હોવા છતાં તેઓ એ વિશે જીવોને જણાવતા નથી. જેમ પરિસ્થિતિઓ બદલાતી જાય તેમ જીવ જાણતો જાય અને પ્રારબ્ધ ભોગવતો જાય.

એક હરિભક્તના બહેનને મગજની અસ્થિરતાને લીધે ઘણી તકલીફ રહેતી. તેઓ પોતે હેરાન થતા અને ઘરના સર્વે પણ તેમની આવી તકલીફને લીધે મુશ્કેલી અનુભવતા. કોઈ ઉપાય બહેનને સાજા કરવા કારગત નીવડતો નહિ. હરિભક્ત ભગવાનના સારા ભક્ત, મામાને વિશે મહિમા જાણનારા, તેમના વચનમાં સંપૂર્ણ શ્રદ્ધા ધરાવનારા. ઘરમાં આવી મુશ્કેલી છતાં આનંદમાં ભગવાન ભજે ને જીવન વ્યતિત કરે. એક વખત તેઓ ચિંતાતુર વદને મામાના દર્શને આવ્યા અને મામાને પ્રાર્થના કરી કે, “મામા, બહેનનું દુઃખ કોઈ રીતે મટતું નથી. તે પોતે દુઃખી થાય છે અને એના લીધે ઘરના સર્વે પણ દુઃખી રહે છે. આપ તેનું દુઃખ દૂર ન કરો?” મામાએ તેમને કહ્યું, “તમારા બહેન વિશે મને જાણ છે. બહેનને પૂર્વના પ્રારબ્ધકર્માનુસાર ભગવાને શિક્ષા કરી છે. આથી તેમને આવું દુઃખ છે. પ્રારબ્ધનું છે તેથી એમણે ભોગવવું પડશે. અક્ષમ્ય પ્રારબ્ધ ભોગવે જ છૂટકો થાય. પ્રારબ્ધ ભોગવીને જ જીવ શુદ્ધ થાય ને ભગવાનનું સુખ ઝીલવાને પાત્ર બને.” હરિભક્ત કહે, “પણ મામા, એવા તે એના કેવા પ્રારબ્ધ છે કે જે માફ જ ન કરી શકાય?” મામા કહે, “એવું જોવું કે જાણવા ઇચ્છવું નહિ. ભગવાન હંમેશાં યોગ્ય જ કરતા હોય. મેં તમને કહેલા નિયમ પ્રમાણે કર્યું હોત તો બહેનને દુઃખમાં થોડી રાહત

થાત, પરંતુ તમે તેમ કર્યું નથી. પ્રારબ્ધ કેવા છે તે જાણવા ઇચ્છા કરવી નહિ.” હરિભક્ત કહે, “ભગવાન તો દયાળુ છે. તેઓ દયા ન કરે? મારી બહેનના એવા તે કેવા પ્રારબ્ધ છે કે તેને આવી મગજની તકલીફ થઈ. માફ થઈ ન શકે એવા કોઈ પ્રારબ્ધ હોઈ શકે?” આમ વારંવાર મામાને પૂછતાં મામાની મુખમુદ્રા એકદમ ગંભીર થઈ ગઈ. તેઓ ગંભીર સ્વરમાં બોલ્યા, “તમારે જાણવું જ છે કે, તેમના કેવા પ્રારબ્ધ છે અને કયા કર્મની તેમને આવી સજા મળી છે? તો સાંભળો. પૂર્વે તેમણે બહુ જ જઘન્ય કૃત્ય કર્યું હતું. તેમણે ખૂબ જ ઘાતકી રીતે પોતાના જ પતિનું ખૂન કર્યું હતું જેની સજા તેઓ અત્યારે ભોગવી રહ્યા છે. જીવને આ જન્મના જ કર્મોનું ફળ ભોગવવું પડે એવું નથી હોતું. પૂર્વના કેટલાય જન્મોનું ફળ ભોગવવું પડે છે. જે વિશેના ઘણા દાખલાઓ ધર્મશાસ્ત્રમાં મોજુદ છે. તેમાં સારા કર્મોનું સારું ફળ મળે છે અને ખરાબ કર્મોનું ખરાબ ફળ મળે છે. આથી જ મહારાજ અને મોટા-મોટા સંતો કહી ગયા છે કે, કોઈનું ક્યારેય ખરાબ ન કરવું. અરે કોઈ વિશે ખરાબ સંકલ્પ કરવાની પણ મહારાજે તો ના પાડી છે. કારણ કે તમે જેવું કરો કે વિચારો તે પ્રતિકૃત થઈને પાછું તમારી પાસે જ આવવાનું છે. કહે છે ને કે જો તમારે સામેની વ્યક્તિ પાસેથી કે સમાજ પાસેથી પ્રેમ જોઈતો હોય તો પહેલાં તમે તેને પ્રેમ આપો. તો તમને પ્રેમ મળશે. તમે ઘૃણા આપશો તો તમને ઘૃણા જ મળવાની છે. આથી જ કોઈ પ્રત્યે ક્યારેય ખરાબ કરવું

કે વિચારવું નહિ. જ્યારે મહારાજે ખરાબ વિચારવાની ના પાડી હોય તેમાં તમારા બહેનથી આવું કૃત્ય થઈ ગયું હોય તો તેની સજા તો ભોગવવી જ પડે કે નહિ? બોલો? આવી વાત તમને કઈ રીતે કહેવાય? તમે દુરાગ્રહ કર્યો અને વસ્તુસ્થિતિને તમે સમજી શકો તેમ છો માટે કહી. બીજા કોઈ હોય તો હું તેમને આવી પૂર્વ જન્મની વાતો કરતો નથી." આવું સાંભળતાં હરિભક્ત અને ત્યાં બેઠેલો સેવક તો અવાચક થઈ ગયા! ઓ... હો... મામાએ આજે આ કયા પ્રકારની વાત કરી નાખી! આ તો ગજબની વાત છે. આવી બાબત હોય ત્યાં સારું કરી દો એવું કઈ રીતે કહી શકાય? હરિભક્તે મામાની માફી માગતાં કહ્યું, "મામા, મને આવી ક્યાંથી ખબર હોય? અમે વાતથી અજાણ હોવાથી આપને પ્રાર્થના કરી દુઃખ દૂર કરવા વિનવણી કરીએ, પરંતુ આવા રહસ્યો જાણીએ ત્યારે ખબર પડે કે શા માટે અમુકને કષ્ટ પડતું હોય છે. આપ મને માફ કરો. હવે પછી આ બાબતે આપને તકલીફ નહિ આપું." મામા કહે, "તકલીફની કોઈ વાત નથી. જે પ્રારબ્ધ અક્ષમ્ય હોય તે ભોગવવા જ પડે. અનાદિમુક્ત પણ તેને દૂર ન કરે. તેઓ દૂર કરી શકે, પરંતુ તેઓ તેમ કરી મહારાજના કાર્યમાં હસ્તક્ષેપ કરવા માંગતા ન હોય. અનિવાર્ય સંજોગોએ કદાચ એ વખતે જો મટાડી દે તો પછી પાછા તે કર્મો અક્ષમ્ય હોવાથી થોડા વખતે ભોગવવા તો પડે જ. અને જે પ્રારબ્ધ ક્ષમ્ય છે તેને તો મહારાજ અને તેમના અનાદિમુક્ત વગર કહ્યે માફ કરી દઈ જીવને તેમાંથી

છોડાવે છે. એ જ મહારાજ અને મુક્તની કૃપા છે. માટે મહારાજ જેમ રાખે તેમ રાજી થઈ તેમનું ભજન કરીને રહેવું અને તેમને પામવાના પ્રયત્નો કર્યા કરવા." હરિભક્તને અને ત્યાં બેઠેલા સેવકને ઘણું જાણવા સમજવા મળ્યું હતું.

મહારાજે આમ કેમ કર્યું? કે મને જ આવું શા માટે? તે જાણવા કરતાં સુખ-દુઃખ બધું મહારાજનું આપેલું છે. તેમ માની સુખમાં છકી ન જવાય અને દુઃખ આવે ત્યારે તે સહન કરવાની ભગવાન શક્તિ આપે તેવી મહારાજને પ્રાર્થના કરવી. અને તેમને ભજ્યા કરવા તે જ કષ્ટ નિવારણનો અને પ્રભુજીને પામવાનો માર્ગ છે.

❋❋❋

## ૨૩

કરણનગરમાં ઉત્સવ હોઈ લોકો આનંદમાં મહાલતા હતા. આખા ગામમાં આનંદ-ઉત્સવનું વાતાવરણ બરાબર જામ્યું હતું. ગામે-ગામથી લોકો આવ્યા હતા. અને એ નાનકડું ગામ લોકસમૂહથી ઊભરાતું હતું. જ્યાં જુઓ ત્યાં માણસોની ભીડ દેખાય અને સૌના ચહેરા પર આનંદ વર્તાય. આ બધાનું કારણ કરણનગરમાં મહારાજનું મંદિર થયું હતું અને મૂર્તિ પ્રતિષ્ઠાનો ઉત્સવ હતો. સૌના આનંદમાં એ વાતે વધારો કર્યો હતો કે મુક્તરાજ નારાયણમામા, પૂજ્ય લીલામાસી તથા પૂજ્ય જાદવજીબાપા વગેરે મુક્તો પણ કરણનગર પધાર્યા હતા. બધાય મુક્તો સહિત શોભાયાત્રા આખા ગામમાં ફરી. લોકસમૂહ નાચતા જાય અને આનંદ-મંગળ ગાતા જાય. ગાડીઓની આગળ વિવિધ ગામથી આવેલી ભજનમંડળીઓ કીર્તન બોલતી જાય અને પાછળ બહેનો કીર્તન બોલતી આવે. ગુલાલ ઊડતો જાય, પુષ્પો વેરાતા જાય મુક્તો રાજી થઈ બધા પર પુષ્પવર્ષા કરે. ગામના ચાર રસ્તા આવે ત્યાં મહારાજની આરતી થાય. અને કોઈ સત્સંગીના ઘર પાસેથી શોભાયાત્રા નીકળે તો ત્યાં પાછી મહારાજની આરતી થાય. દરેક સત્સંગીને એમ થાય કે અમારા ઘર પાસે ભગવાન પધારે ને તેમનું સન્માન કર્યા વગર આગળ કેમ જવા દેવાય? સત્સંગીઓ મહારાજની આરતી ઉતારી પોતાને ધન્ય માને. આમ

કરતાં વાજતે-ગાજતે સૌ મંદિરે આવ્યા અને મૂર્તિ પ્રતિષ્ઠાનો વિધિ સંપન્ન થયો, પરંતુ જ્યારે હનુમાનજીની મૂર્તિ પધરાવવાનો વખત થયો અને સૌ મળી મૂર્તિને સિંહાસનમાં ગોઠવવા જાય, પણ મૂર્તિ સહેજ પણ ખસે નહિ. લોકો પ્રયત્ન કરી થાક્યા પણ મૂર્તિ યોગ્ય સ્થાને ગોઠવી શકાય નહિ. થાકી-હારી બધાએ મામાને વાત કરી. મામા મૂર્તિ પાસે આવ્યા, આંખો બંધ કરી મહારાજને પ્રાર્થના કરી અને મૂર્તિને હાથ અડાડ્યો પછી મામાએ બધાને કહ્યું, "હવે મૂર્તિ પધરાવો હનુમાનજી તેના યથાસ્થાને બેસી જશે." સૌના આશ્ચર્ય વચ્ચે બધાએ પ્રયત્ન કર્યો અને મૂર્તિ તરત જ યોગ્ય સ્થાને ગોઠવાઈ ગઈ. બધાને ઘણી નવાઈ લાગી કે આ કઈ રીતે બન્યું! બધા ક્યારના પ્રયત્નો કરતા થાકી ગયા તો ય મૂર્તિ ગોઠવાતી નહોતી અને મામાએ આવી હાથ અડાડ્યો અને ગોઠવાઈ ગઈ! આ કઈ રીતે? એક સેવકે આ વિશે મામાને પૂછ્યું. મામા કહે, "મેં મહારાજને પ્રાર્થના કરી અને હનુમાનજીને કહ્યું 'હવે બહુ થયું યથાસ્થાને ગોઠવાઈ જાઓ.' એમ કહી હાથ અડાડ્યો એટલે તેઓ માની ગયા અને મૂર્તિ ગોઠવાઈ ગઈ."

સેવક આશ્ચર્યમાં પડી ગયો કે હનુમાનજી જેવા દેવોને પણ અનાદિમુક્તનું માનવું પડે છે અને તેઓ કહે તેમ આજ્ઞા માની રહેવું પડે છે. મામા કહે, "હા. તેઓને માનવું પડે છે, પરંતુ મહારાજને લઈને. દરેક કાર્યમાં મહારાજ સાથે રાખવા. મહારાજને પડ્યા મૂકીને કોઈ પણ કાર્ય કરવા જઈએ તો એકેય કાર્ય સિદ્ધ ન થાય."

મુક્ત હંમેશાં દરેક કાર્યમાં મહારાજને પ્રથમ રાખે છે. બધું કાર્ય તેમના દ્વારા જ થાય છે તેમ જણાવે છે. અને શીખવે છે કે, મહારાજને સદાય સાથે રાખવા.

❋❋❋

## ૨૪

વડતાલ મંદિરમાં ગોપાળાનંદ સ્વામીની જાયગામાં મામા સેવકો સાથે જ્ઞાનવાર્તા કરતા બેઠા હતા. વાતાવરણ સરસ જામ્યું હતું. સેવકો એક ચિત્તે વાતો સાંભળતા હતા. મામાની વાણીનો પ્રભાવ એવો હતો કે દરેક જણ જાણે સંમોહિત થઈ, વાતમાં રસતરબોળ થઈ સાંભળ્યા કરતા હતા. ત્યાં આવનાર હરિભક્તો પણ મામાને જોઈ, તેમની વાણી સાંભળી, તેમનાથી આકર્ષાઈને ત્યાં બેસવા મજબૂર થઈ જતા હતા. મામાનો સાદગીપૂર્ણ પહેરવેશ, પ્રભાવશાળી વ્યક્તિત્વ, સંમોહક અવાજ અને જ્ઞાન-ગાંભીર્યથી ભરપૂર વાણી, આટલું જોઈ દરેક જણ મામાને કોઈ મોટા સંતપુરુષ છે તેમ માનવા પ્રેરિત થયા હતા.

ઘણા હરિભક્તોની વચમાં એક ભાઈ પણ અશક્ત અને ઉદાસ ચહેરે મામાની વાણી સાંભળતા બેઠા હતા. વાતોનો વિષય પૂર્ણ થતાં મામાએ અંતર્યામીપણું દાખવ્યું. બધાની વચમાં ઉદાસ ચહેરે બેઠેલા ભાઈને પૂછ્યું, “તમારે જે ગંભીર શારીરિક તકલીફ છે તેના નિવારણ અર્થે આવ્યા છો ને? શું છે માંડીને વાત કરો.” આમ અચાનક તેમને પૂછતાં હરિભક્ત અવાચક થઈ ગયા. જરા થોથવાઈ પણ ગયા. શું બોલવું સમજાયું નહિ. એક સેવકે તેમને સમજાવતાં કહ્યું, “આ તો મોટા અનાદિમુક્ત છે, સમર્થ છે તમને સામેથી પૂછે છે તો

આપને જે કોઈ તકલીફ હોય તે જણાવો."

હરિભક્ત આગળ આવી મામાના ચરણોમાં ઝૂકી ગયા. "આપ મહાન છો, સમર્થ છો એમ મને ચોક્કસપણે લાગે છે. અત્યાર સુધી તમારી જ્ઞાનવાર્તા સાંભળતો હતો. આવી અણીશુદ્ધ અને સચોટ વાતો આટલી સહજતાથી સરળ રીતે અનુભવીથી જ સમજાવી શકાય. અને અત્યારે અંતર્યામીપણે જાણી લઈ આટલા બધાની વચ્ચેથી મને બોલાવ્યો. આથી આપ મુક્તપુરુષ છો તેની પણ ખાતરી થઈ ગઈ. મારી મુશ્કેલીનું આપ જ નિવારણ કરી શકશો. આપની વાત સાચી છે. મારે શારીરિક મુશ્કેલી છે અને એટલે જ હું અહીં આવ્યો છું. મારા એક સંબંધી મને આપની પાસે લઈ આવ્યા છે. તેઓ પણ સાથે આવ્યા છે. તેમણે આપનો મહિમા કહ્યો હતો. અત્યારે તે પ્રત્યક્ષ થતાં શંકા રહેવા પામી નથી."

"મહાત્મન્! ગરીબ માણસોનો હંમેશાં ભગવાન જ બેલી હોય છે. મારે આંતરડાનું કેન્સર થયું છે. મારાથી બની શકે તે બધા ઉપચાર કરી ચૂક્યો છું. દવાઓ, ઓસડીયા વગેરે બધું જ, પરંતુ કોઈ ફાયદો નથી. ઑપરેશન કરાવ્યા સિવાય હવે છૂટકો નથી તેમ ડૉક્ટર કહે છે. મારી આર્થિક પરિસ્થિતિ ઘણી નબળી છે. ઑપરેશન કરાવવું મને કોઈ રીતે પોસાય તેમ નથી. પૈસાની વ્યવસ્થા ક્યાંથી, કેવી રીતે કરવી? અને એટલા બધા દિવસો કામ કર્યા વગર આરામ કરવાથી ઘરમાં આવક બંધ થઈ જાય. આખા ઘરનો વ્યવહાર મારા એકલાને માથે છે. શું કરવું તે મને કાંઈ સૂઝતું નથી. હું

ઘણો મૂંઝાઈ ગયો છું. દિવસો જાય છે તેમ રોગ જોર પકડે છે. કેન્સર હવે છેલ્લા સ્ટેજમાં પહોંચી ગયું છે. ડૉક્ટર ઑપરેશન કરાવવા ઉતાવળ કરવા કહે છે. મારે શું કરવું? મહાત્મન, હું હવે તમારે શરણે આવ્યો છું. આપ મહાન છો, સમર્થ છો આપ મને બચાવી શકશો તેવો મને વિશ્વાસ છે. આજે ભગવાને જ પ્રેરણા કરી મને આપની પાસે મોકલ્યો છે એવું મને લાગે છે. આપના દર્શન કરતાં મનમાં શાંતિનો અનુભવ થાય છે. એમ થાય છે, આજે જરૂરથી કોઈ માર્ગ મળશે." હરિભક્ત બોલતા-બોલતા રડમસ થઈ ગયા. આંખો આંસુઓથી છલકાઈ ગઈ. હાથ જોડી મામા સમક્ષ યાચકની જેમ બેસી રહ્યા. દયાળુ મામાને હરિભક્ત પર દયા ઉપજી. આંખો બંધ કરી હરિભક્તના પેટ ઉપર હાથ ફેરવ્યો. થોડીવાર સુધી એમને એમ હરિભક્તના પેટ ઉપર હાથ ફરતો રહ્યો. અને જાણે ચમત્કાર થયો! લાંબા સમયથી થઈ રહેલો પેટનો દુઃખાવો એકાએક શમવા લાગ્યો. ઘણા વખત પછી હરિભક્તને જાણે સરખી રીતે શ્વાસ લેવાનું સરળ બન્યું હતું. થોડીવારે પેટ ઉપરથી હાથ લઈ મામાએ આંખો ખોલી. હરિભક્ત ભાવવિભોર થઈ મામાના ચરણોમાં પડી જઈ ઉત્સાહથી બોલ્યા, "ઓ...હો! મહાત્મન્! આપના સ્પર્શે ચમત્કાર સર્જ્યો છે. ઘણા વખતનો મારો પેટનો દુઃખાવો ઓછો થઈ ગયો છે. કેટલાય સમયથી આ દુઃખાવો મને પીડતો હતો. આપના સ્પર્શ માત્રથી જાણે દરદ હોય જ નહિ તેવું લાગે છે."

હરિભક્તના હાથમાં ચરણરજ મૂકતાં મામાએ કહ્યું, “આને પાણીમાં બોળી દરરોજ એ પાણી પેટ ઉપર ચોપડજો અને થોડું પાણી પીજો. દરરોજ ભાવપૂર્વક ભગવાનને પ્રાર્થના કરજો, સાત્ત્વિક અને સંયમી જીવન જીવજો. ભગવાન તમને જરૂરથી સારું કરી આપશે. હું પણ ભગવાનને પ્રાર્થના કરીશ.” હરિભક્તના ચહેરા પર પ્રસન્નતા છવાઈ ગઈ. તેની ઘણા વખતની મૂંઝવણ આજે દૂર થઈ હતી. પેટનો દુઃખાવો ઓછો થયાના ભાવ તેના મુખ પર જણાઈ આવતા હતા. મામાના આશીર્વાદ લઈ હરિભક્ત ઘરે ગયા. છ મહિના સુધી મામાની સૂચના પ્રમાણે સાત્ત્વિક તથા સંયમી જીવન જીવ્યા કર્યું. દવા તરીકે ચરણરજનો ઉપાય ચાલુ રહ્યો. ધીરે-ધીરે રોગ દૂર થતો ગયો અને ખોરાક પણ લેવાતો થયો. છ મહિને ડૉક્ટરે નિદાન કર્યું, “કેન્સરનું કોઈ લક્ષણ રહ્યું નથી.” હરિભક્ત હરખાતા હૈયે મામાના દર્શને આવ્યા અને સીધા ચરણોમાં ઢળી પડ્યા. હર્ષાશ્રુઓથી મામાના પગ પખાળી નાખ્યા, “મામા, તમે મને ઉગારી લીધો. ઑપરેશન કરાવવું મને કોઈ રીતે પોસાય તેમ ન હતું. હું એ રોગમાં જ મૃત્યુને ભેટત. આપે મને નવું જીવન બક્ષ્યું છે. આપ ખરા અર્થમાં ગરીબનિવાજ છો. તમે ખરા સંત છો, તમારી દયાનો કોઈ પાર નથી.” મામાએ આશીર્વાદ આપી તેને ઊભા કર્યા. હરિભક્તનું બોલવાનું ચાલુ જ રહ્યું, “તમે કૃપાળુ છો, કૃપાનિધાન છો.” મામાએ સહજ પૂછ્યું, “દરદ મટી ગયું ને?” હરિભક્ત કહે, “મામા, આપ અંતર્યામી છો. બધું જાણવા છતાં

પૂછો છો. વડતાલમાં તમે હાથ ફેરવ્યો ત્યારે જ દુઃખાવો મટી ગયો હતો. આપે આપેલી પ્રસાદીની ચરણરજ લેતા આજે ડૉક્ટરે કેન્સરનું કોઈ લક્ષણ નથી એવું નિદાન કર્યું છે. આ બધો આપના આશીર્વાદનો પ્રતાપ છે.” મામા કહે, “આ બધો શ્રીજીમહારાજનો પ્રતાપ છે મને તો માત્ર પ્રાર્થના કરવા નિમિત્ત બનાવ્યો છે. તેમનું મુખ્યપણું હંમેશાં રાખવું.” હરિભક્ત સાંભળ્યું ન સાંભળ્યું કરી કહેવા લાગ્યા, “આપનો આભાર વ્યક્ત કરવા હું સમર્થ નથી. આપે મને તથા મારા કુટુંબને બચાવી લીધું છે. આપ કહો હું આપને માટે શું કરી શકું? મારાથી બનતી બધી સેવા કરવા હું તૈયાર છું.” મામા હસ્યા કહે, “હા, તમે સેવા કરવાનું કહો છો તો એક કામ તમે જરૂર કરી શકો.” હરિભક્ત સેવા મળી તેવા ભાવથી રાજી થયા. મામાએ કહ્યું, “દુઃખમાં જેવા હૃદયના સાચા ભાવ સાથે મહારાજને સંભારી ભજન કરતા હતા, તેવા જ ભાવ સાથે મહારાજને ભજી તેમને રાજી કરવાના ઉપાય સદાય કરતા રહેજો, આપને માટે એ જ સેવા છે.” આવું સાંભળતાં હરિભક્ત કૃત-કૃત્ય થઈ મામાને વંદી રહ્યા.

અનાદિમુક્ત ક્યારેય પોતાપણું ન લાવતાં દરેક કાર્ય શ્રીજીમહારાજની કૃપાથી થાય છે, કર્તાપણું કેવળ પ્રભુજીનું છે તેમ દર્શાવી હંમેશાં દાસભાવ રાખી આપણને પોતાના વર્તન દ્વારા તેમ કરવાનું શીખવે છે.

❋❋❋

## ૨૫

આ લોકમાં આવીને જીવે જે કરવાનું છે તે મહાપ્રભુજીનું ભજન, તેમની ભક્તિ, તેમનો તથા તેમના અનાદિમુક્તનો રાજીપો મેળવવો, દરેક ક્રિયા કરતા રહીને પણ ભગવાન સંભારી તેમની પ્રાપ્તિ કરવાના છેવટ સુધી પ્રયત્નો કરવા. આ જ કરવાનું છે. જીવ બીજી સર્વે ક્રિયા કરે છે અને ભગવાનની પ્રાપ્તિ માટેના સાધનો કરવામાં ઊણો ઊતરે છે. થોડીક ભક્તિ કે ભજન કે કથા વાંચન કર્યા પછી પોતાને જ સાંત્વના આપે છે કે પૂરતા ભગવાન ભજી લીધા, માટે હવે બીજા કાર્યો કરવામાં વાંધો નહિ. પરંતુ અંતરમન તો હંમેશાં સાક્ષી પૂરે છે કે કરવાનું નથી કરતા અને ન કરવાનું આખી જિંદગી થયા કરે છે. આમ વિષય-વાસનાઓથી છૂટું થવાતું નથી, ભગવાન ભજી શકાતા નથી અને એમ ને એમ જીવન પૂરું થઈ જાય છે. આમ ભગવાનની પ્રાપ્તિ ક્યાંથી થાય? ભગવાન અને મુક્ત કઈ રીતે રાજી થાય? એમાંય કોઈ તીવ્ર ઇચ્છા કે વાસના રહી જાય તો મૃત્યુ પછી જીવની સદ્ગતિ થતી નથી. પછી તેઓ સૂક્ષ્મસૃષ્ટિમાં ભટક્યા કરે છે.

એક હરિભક્તના પરિવારમાં કેટલાક સભ્યોને કોઈક વાસના રહી જવાથી મૃત્યુ પછી સદ્ગતિ પ્રાપ્ત ન થઈ. બધા જીવો મહારાજનું ભજન કરનારા હતા, મહારાજને ઓળખ્યા હતા. મોક્ષ પ્રાપ્તિની જાણકારી

હતી. મહારાજનું ધામ મેળવવાનું છે તેવું જ્ઞાન પણ ધરાવતા હતા. પરંતુ પોતાની અમુક વાસનાને કારણે આમ ભટકવું પડે છે. અને હવે મોક્ષ મેળવવો છે તેવું જ્ઞાન પણ તેમને હતું. પરંતુ હવે મોક્ષ પ્રાપ્ત થાય કઈ રીતે? કુટુંબના કોઈક સભ્યમાં પ્રવેશ કરી તેમણે કુટુંબીઓને જાણ કરી કે અમે રહી ગયા છીએ. અમારે મોક્ષ જોઈએ છીએ. માટે અમારા મોક્ષ માટે તમે કાંઈક કરો. પરિવારજનોમાં જાણ થતાં બધા મૂંઝાયા કે હવે શું કરવું? તેમની મોક્ષ પ્રાપ્તિ માટે તેમની પાછળ દાન કરીએ, ભગવાન ભજીએ, કથા કરીએ, બીજું તો આપણાથી શું થઈ શકે? તેમને મોક્ષ પમાડવાની પાત્રતા આપણા કોઈમાંય ક્યાં છે? તેઓએ વૃષપુરમાં તે બધા જીવો પાછળ કથા-પારાયણ કરાવી અને તેમાં મામાને પ્રાર્થના કરી આમંત્રણ આપ્યું અને એ બધા જીવો વિષે વાત કરી અને પ્રાર્થના કરી કે આપ એ બધા જીવો પર દયા લાવી તેમને મહારાજના સુખની પ્રાપ્તિ કરાવો. એ પારાયણ દરમ્યાન મામાએ દિવ્ય સંકલ્પ કર્યો, જેથી તે રહી ગયેલા જીવોની સદ્‌ગતિ થઈ અને તેઓ મહારાજના સુખને પામી ગયા.

મામા જેવા સમર્થ અનાદિમુક્ત હાજર હોવાથી આ વાત શક્ય બની કે એ બિચારા રહી ગયેલા બધા મહારાજના સુખને પામ્યા. બાકી આપણા જેવા સામાન્ય જીવો ધારો કે કુટુંબીજનો પ્રત્યે લાગણીવશ થઈ કથા-પારાયણ કરીએ કે દાન-પુન કરીએ કે મહારાજને પ્રાર્થના કરીએ, છતાં તેમ કરવાથી કામ સરતું નથી.

કારણ કે આપણામાં એ સામર્થ્ય નથી. આપણી એટલી પાત્રતા નથી. આપણી એ લાયકાત નથી. પોતાનું કરવાના ઠેકાણા ન હોય ત્યાં રહી ગયેલાઓનું ક્યાંથી કરી શકીએ? એ તો અનાદિમુક્તનું કામ.

મામા જેવા સમર્થ મુક્ત દયા આણી કૃપા વરસાવે ત્યારે આવા કામો પણ થાય છે.

❋❋❋

# ૨૬

સુખમાં વ્યક્તિની આજુ-બાજુ ગમે તે વ્યક્તિ હોય તેને ઝાઝો ફરક નથી પડતો, પરંતુ દુઃખમાં તો હંમેશાં એવાને જ શોધે છે જે તેમના ખરા હિતેચ્છુ હોય, જે ખરેખર તેમને મદદરૂપ થાય. આંસુ સારવા એવાનો ખભો ઝંખે છે જે ખભો તેમને આધાર આપી શકે, જેના પર ભરોસો મૂકી શકે. સત્સંગ સમુદાયમાં જેઓ મામાને ઓળખતા તેઓ માટે મામા આધારસ્તંભ હતા, નાસીપાસ થયેલાઓ માટે આશાનું કિરણ હતા, નાહિંમત થયેલાઓ માટે હિંમતનો ધોધ હતા, દુઃખના ખારા સમુદ્રમાં સહાય કરી મામા તેઓ માટે મીઠી વીરડી બનતા. અને એટલે જ સાંસારિક, આર્થિક, સામાજિક, શારીરિક કે ગમે તેવી મુસીબતો આવે ત્યારે જેમ જરાક મુસીબત દેખાય અને નાનું બાળક દોડતું આવી માતાની સોડમાં ભરાઈ જાય. માતાનો ખોળો તેને મન દુનિયાની સૌથી સુરક્ષિત જગ્યા. તેવી જ રીતે લોકોને મુસીબત આવે ને ક્યાંય મારગ ન સૂઝે એટલે દોડતા મામા પાસે આવી પહોંચતા. દરેકના મનમાં એક અડગ શ્રદ્ધા ને વિશ્વાસ કે મામા સુધી વાત પહોંચે એટલે સમસ્યાનો ઉકેલ આવી જ જવાનો. દુઃખ દૂર થઈ જશે. મામા દ્વારા મહારાજ જરૂરથી સહાય કરશે. અને લોકોના આ વિશ્વાસને કૃપાળુ અને દયાળુ મામાએ ક્યારેય ડગવા નહોતો દીધો. તેના મામાના જોગમાં આવનાર દરેકે દરેક જણ સાક્ષી હશે જ.

બપોરના સમયે અચાનક મામાના ઘરે ફોન રણકી ઊઠ્યો. મોટે ભાગે હરિભક્તો બપોરના સમયે મામાને દખલરૂપ થતા નહિ. એ મામાનો આરામનો સમય રહેતો. બપોરના ફોન આવ્યો તેથી થયું જ કે નક્કી કોઈ વધુ મુસીબતમાં છે. અને એમ જ હતું. ફોન ઉપર મામાનો અવાજ સાંભળીને જ હરિભક્તને હૈયાધારણ મળી. બપોરના સમયે ખલેલ પહોંચાડવા બદલ મામાની માફી માગી કહે, “મામા, વાત જ એવી છે કે ફોન કર્યા વગર ચાલે તેમ નહોતું. મામા, લંડનમાં મારા જમાઈની બંને કીડની ફેઈલ થઈ ગઈ છે. તેઓ ડાયાલિસીસ પર છે. કુટુંબમાંથી કોઈની કીડની મેચ થતી નથી. ડૉક્ટર કહે છે કે બે-ચાર દિવસની અંદર બીજી કીડની નહિ મળે તો પછી અમે કાંઈ નહિ કરી શકીએ. મામા, હજી તો દીકરીની ઉંમર સાવ નાની છે. જમાઈ નહિ રહે તો દીકરી જીવી નહિ શકે. આખી જિંદગી કેમ નીકળે? અમે બધા બહુ મૂંઝાઈ ગયા છીએ. આપે કાંઈક કરવું જ પડશે. આપ તો દયાળુ છો, કેટલાયને સહાય કરો છો. અમને પણ કરો, કાંઈક રસ્તો કાઢો.” હરિભક્ત રડવા લાગ્યા. રડતા-રડતા જ ફરી બોલ્યા, “દયાળુ, આપ સમર્થ છો, આપ ધારો તેમ થાય છે. આપ સંકલ્પ કરશો તો બધું પાર પડશે. જમાઈને તમારે બચાવવો જ પડશે.” હરિભક્ત પ્રેમી હતા. મામાના સામર્થ્યને જાણતા હોવાથી જ આવો આગ્રહ કરતા હતા. પ્રેમ અને સમજણે તેમને મામા પાસે પોતાપણું દાખવવાનો જાણે હક્ક આપ્યો હતો. મામા આ વાત જાણતા હતા. પ્રેમીને તો ભગવાન પણ

વશ થઈ જાય છે. દયાળુ મામાએ તેમની પ્રાર્થનાને વશ થઈ ભવિષ્યવાણી કરી, “આ ગુરુવારે તેમને કીડની મળી જશે અને તેઓ બચી જશે અને લાંબુ આયુષ્ય ભોગવશે. તેઓ ભગવાનના સારા ભક્ત છે. તેઓ સત્સંગની પણ સેવા કરશે. તમે બધા મહારાજને પ્રાર્થના કરી તેમને સંભાર્યા કરજો. અમે પણ પ્રાર્થના કરીશું. ચાલો જય સ્વામિનારાયણ.” ફોન મૂકાઈ ગયો.

હરિભક્તને તો હજી ઘણું બધું પૂછવું હતું. ગુરુવારે કોની કીડની મળશે? કોણ પોતાની કીડની દાનમાં આપશે? કુટુંબના બીજા સભ્યોમાંથી કોઈની મેચ થઈ જશે? બહારથી કોઈની મળશે? કે પછી ડૉક્ટરો ક્યાંકથી વ્યવસ્થા કરશે? આવા અનેક પ્રશ્નો તેમના મનમાં ઊઠ્યા હતા, પરંતુ મામાએ ફોન મૂકી દીધો હતો. અને હવે બીજી વખત મામાને તકલીફ આપવાનું તેઓને યોગ્ય ન લાગ્યું. મામાના વચનથી હરિભક્તને હિંમત આવી ગઈ હતી. મનમાં ઊઠતા પ્રશ્નોને બંધ કરી દઈ તેઓ વિચારવા લાગ્યા જે રીતે કીડની મળવી હશે તેમ મળશે, મામાએ કહ્યું છે ભગવાન સંભારો. કીડની તો મળવાની જ છે. હવે બરાબર ભગવાન સ્મરવા જોઈએ. હરિભક્તે ઘરમાં સર્વેને વાત કરી. વાત જાણતા સૌના જીવમાં જીવ આવ્યો. એ વાત ડૉક્ટરને પણ કરી કે, ગુરુવારે કીડની મળી જશે. ઘરના સર્વેને મામાના વચનમાં અતૂટ વિશ્વાસ, પરંતુ ડૉક્ટરના પ્રશ્નોના તેમની પાસે કોઈ જવાબ નહોતા. કોણ કીડની આપશે? તમે કોઈ ડોનર શોધ્યો છે જે ગુરુવારે આવવાનો છે? કોણ

છે એ, એની કીડની મેચ થશે જ એ તમને કેવી રીતે ખબર છે? કોણ વ્યક્તિ છે? આ બધા પ્રશ્નોનો હરિભક્ત પાસે એક જ જવાબ હતો ગુરુવારે કીડની મળશે બસ. ડૉક્ટરને ભારે અચરજ થયું. કોઈ વ્યક્તિ છે નહિ. કોઈ વ્યક્તિ આવે તેમ નથી, બીજી હૉસ્પિટલમાં કોઈ દરદી એવો છે નહિ જે કીડની આપી શકે, છતાં આ વ્યક્તિ આટલા વિશ્વાસથી કઈ રીતે કહી શકે છે કે ગુરુવારે કીડની મળશે. બહુ પૂછતાં હરિભક્તે ડૉક્ટરને મામાનો પરિચય આપ્યો.

અમદાવાદમાં અમારા ગુરુ રહે છે. તેઓ અનાદિમુક્ત છે. અનાદિમુક્ત એટલે અખંડ ભગવાનનું દિવ્ય સુખ ભોગવનારા, ભગવાનની મરજી જાણનારા, પૂર્ણ સ્થિતિને પામેલા હોવાથી તેઓ ત્રણે કાળનું જાણી શકે છે. જેથી વચનસિદ્ધિ જેવા ગુણો તેમનામાં સહજ પ્રવર્તે છે. અમને એવા ઘણા અનુભવો થયા છે. અમને તેમના વચનમાં દૃઢ વિશ્વાસ છે. ડૉક્ટર પણ હરિભક્તના આવા વિશ્વાસ પર અવાચક થઈ ગયા. બધાની સાથે તેઓ પણ ગુરુવારની આતુરતાપૂર્વક રાહ જોવા લાગ્યા. તેમને એ જોવું હતું કે એવી કોણ વ્યક્તિ છે જેણે આવી ભવિષ્યવાણી કરી છે. એ સાચી પડે છે કે કેમ તે જાણવામાં હવે ડૉક્ટરને પણ ઇંતેજારી હતી. ગુરુવાર આવી ગયો. ઘરની દરેક વ્યક્તિની સાથે ડૉક્ટર પણ આતુરતાપૂર્વક રાહ જોતા હતા કે કઈ રીતે આમને કીડની મળે છે. અને એવામાં જ બીજી હૉસ્પિટલમાંથી સમાચાર મળ્યા કે તમારે જે ગ્રુપની કીડની જોઈએ છીએ

તેવા ગ્રુપવાળા એક માણસનો ઍક્સિડન્ટ થયો છે અને તે બચે તેવી કોઈ આશા નથી. તેથી તેની કીડની મળી શકે તેમ છે. તાત્કાલિક હરિભક્તના જમાઈને ઑપરેશન દ્વારા તે વ્યક્તિના મૃત્યુ બાદ તરત જ તેની કીડની બેસાડવામાં આવી. ઑપરેશન સફળ થયું. કુટુંબીજનો અત્યંત રાજી થયા. આ બનાવથી ડૉક્ટર પણ નવાઈ પામી ગયા. હરિભક્તે તરત ફોન દ્વારા મામાને જાણ કરી, આપના આશીર્વાદથી બધું જ સમુસૂતરું પાર ઉતર્યું છે. જમાઈનું ઑપરેશન સારી રીતે થઈ ગયું છે. સારું થતાં જ આપના દર્શને આવશે.

સમસ્ત પરિવાર હર્ષાશ્રુ સાથે મામાને વંદી રહ્યું. તેમના જીવનમાં મામાનો વધુ એક ઉપકાર ઉમેરાઈ ગયો. આજે પણ હરિભક્તના જમાઈ સ્વસ્થ જીવન વિતાવી રહ્યા છે અને મામાને કૃતજ્ઞતાપૂર્વક સંભારી પોતાને ધન્ય માને છે.

❋❋❋

## ૨૭

અનાદિમુક્તની સ્થિતિને પ્રાપ્ત મુક્ત મહારાજ સાથે અખંડ રસબસ હોવાને કારણે તેઓ પણ મહારાજની જેમ સર્વજ્ઞ હોય છે. કોઈ જ્ઞાન પ્રાપ્ત કરવાની આવશ્યકતા તેમને હોતી નથી. હા, આ લોકમાં આવી આ લોકની રીત પ્રમાણે તેઓ દરેક ક્રિયા કરતા દેખાય તે વાત જુદી છે, પરંતુ કોઈ પણ જ્ઞાન પ્રાપ્ત કરવા તેઓને શિક્ષણની આવશ્યકતા હોતી નથી.

મુંબઈના એક પ્રતિષ્ઠિત હરિભક્તને મામાને વિશે ખૂબ જ દિવ્યભાવ અને તેવો જ દિવ્યભાવ તેમના સમગ્ર કુટુંબના સભ્યોમાં પણ જોવા મળતો. એ દિવ્યભાવને લઈને જ તેઓ અવાર-નવાર મુંબઈથી અમદાવાદ મામાનાં દર્શને આવતા. એક વખત તે હરિભક્તની પુત્રી મામાનાં દર્શને આવી હતી. તેમને થોડી મૂંઝવણો હતી. અનાદિમુક્તના સામર્થ્યને તેઓ સારી રીતે જાણતાં હતાં. આથી જ્યારે પૂ. મામાનાં દર્શને આવ્યાં ત્યારે તેમણે મામા આગળ પોતાની મૂંઝવણો રજૂ કરી. પૂ. મામાએ પોતાની અનુભવ સિદ્ધ આધ્યાત્મિક વાણીમાં તેના ખુલાસા કરવાનું શરૂ કર્યું, પણ તે બહેનને ગુજરાતી નામ પૂરતું જ આવડતું હોવાથી ગહન આધ્યાત્મિકતાના અઘરા શબ્દો સમજાતા નહોતા. આથી તેમણે પૂ. મામાને પ્રાર્થના કરી કે તેમને ગુજરાતીમાં કાંઈ બરાબર સમજાતું નથી. કરૂણામૂર્તિ પૂ. મામાએ તેમને

પૂછ્યું કે આપને કઈ ભાષામાં સમજ પડશે? ત્યારે તે બહેને આશ્ચર્ય સાથે જણાવ્યું કે તેમને ફ્રેન્ચ ભાષામાં સૌથી સારી રીતે સમજ પડશે અથવા તો અંગ્રેજીમાં, પણ ફ્રેન્ચ ઉપર તેમનું પ્રભુત્વ સારું છે. આ સાંભળી પૂ. મામાએ તેમની બધી જ મૂંઝવણોના ઉકેલ સડસડાટ ફ્રેન્ચ ભાષામાં આપ્યા. તે બહેન અને હાજર રહેલા સૌ કોઈ દંગ રહિ ગયા. મામાએ કહ્યું, “મહારાજ અને મુક્તોની વાણી સર્વજીવહિતાવહ હોય છે તો પછી તેમને Language Barriers (ભાષાની મર્યાદા) હોય ખરી!” સૌને એ વાતની પ્રતીતિ થઈ ગઈ કે અનાદિમુક્તને કોઈ મર્યાદા નડતી નથી. તેઓ સર્વજ્ઞ હોય છે અને દેશ, કાળ, ભાષા વગેરે કોઈ બંધન હોતાં નથી.

બાપાશ્રીની વાતોમાં અનાદિમુક્તના લક્ષણમાં એવું આવે છે કે મહારાજ જાણે તેટલું તેમના મુક્ત જાણે. મહારાજ કરે તેવું ને તેટલું તેમના મુક્ત કરી શકે એ વાતનું આ સચોટ ઉદાહરણ છે.

❋❋❋

## ૨૮

મુક્તરાજ દિવાળીબાના દર્શને કેટલાંક હરિભક્તો આવ્યા હતા. બાના દર્શન કરી તેઓ બધા બા પાસે બેઠા. બધાના ખબર-અંતર પૂછ્યા બાદ બાએ પૂછ્યું, “તમે ભાઈના (મામાના) દર્શન કરી આવ્યા?” હરિભક્તોએ ના પાડી એટલે કહે, “તેમના દર્શને તો અચૂક જવું. તેઓ બહુ જ ઊંચી સ્થિતિના મહારાજના લાડીલા અનાદિમુક્ત છે. તેમનો રાજીપો તો જરૂરથી લેવો. તેમની સેવા કરી તેમને રાજી કરી લેવા. તેમને અડીને આવેલો વાયરો પણ કોઈને અડે તો તેનુંય કલ્યાણ થાય તેવા મહાન છે. તેઓ પોતાની સામર્થી ઢાંકીને વર્તે છે. માટે કોઈને તેમની જાણ થતી નથી. બાકી બહુ જબરા મુક્ત છે. તેમનું ધ્યાન શ્રીજીમહારાજ રાખે છે. એક વખત તેઓ હરિભક્તો સાથે કાલુપુર સ્વામિનારાયણ મંદિરે દર્શન કરવા ગયા હતા. મંદિરમાં ઘણા હરિભક્તો હતા, પરંતુ ભાઈને એ બધાથી જુદા તારવા માટે મહારાજે તેમના માથા પર ચંદનવૃષ્ટિ કરી. ભાઈ જ્યાં જાય, ત્યાં ચંદનવર્ષા થાય. બીજે ક્યાંય ન થાય. મહારાજે પણ જણાવ્યું કે આ અમારા લાડીલા મુક્ત છે. ભાઈના માથા પર આવી ચંદનવૃષ્ટિ થતા જોઈ કેટલાક હરિભક્તોને ભારે અચરજ થયું. આવી વાતથી જે મુમુક્ષુ હોય તેને મહિમા થાય. બાકી બીજા તો તેમાંય કાંઈક તર્ક શોધવા બેસી જાય.

એક વખત અમે હું, લીલાબેન ધ્રાંગધ્રા ગામમાં ચાલતા ઘરે જતા હતા. ભાઈ પણ અમારી સાથે હતા. ભાઈ થોડા

આગળ હતા અને અમે બહેનો પાછળ. રસ્તામાં એક કાશી કૂવો છે તે આવ્યો. ભાઈ તો ચાલતા આગળ નીકળી ગયા, પણ તેમના દર્શન કરવા તે કૂવામાંથી અસંખ્ય ભૂત નીકળ્યા અને કૂવાની પાળ પર બેસી ગયા. ત્યારે મેં આ જોયું. મેં ભાઈને કહ્યું, "ભાઈ, ઓ નારાયણભાઈ, જરા પાછા વળો. આ જુઓ તો ખરા! આ કેટલા બધા ભૂતો બિચારા તમારા દર્શન માટે ઊભા છે. જરા તેમના પર દૃષ્ટિ તો કરો." ભાઈ દયા લાવી પાછા વળ્યા ને એ બધાય ભૂત પર કૃપાદૃષ્ટિ કરી બધાયનું કલ્યાણ કર્યું. અવગતે ગયેલા જીવોનું દૃષ્ટિમાત્રમાં કલ્યાણ કરવું આ ગમે-તેવાથી શક્ય બનવાની વાત નથી. ભાઈ તો બહુ સમર્થ છે. તેમની કોઈ જોડ નથી. ભાઈ તો ભાઈ છે. તમે આટલે બધે દૂરથી અહીં આવો છો તો ભાઈના દર્શન કર્યા વગર ક્યારેય જવું નહિ. તેમના દર્શન તો અચૂક કરવા."

હરિભક્તોને આજે ઘણો લાભ મળ્યો હતો. આજે તેઓ મામાને થોડા જાણી શક્યા હતા. તેઓને થયું, આજે આપણને બાએ મામાનો ખરો મહિમા સમજાવ્યો. મોટા જ મોટાને ઓળખાવી શકે અને તેઓ સમજાવે ત્યારે જ આપણા જેવા જીવો સમજી શકે. બાકી આપણી બુદ્ધિએ આપણે મોટાને ઓળખી શકવા સમર્થ નથી. હરિભક્તો બાને પગે લાગી મામાના દર્શને ગયા.

દિવાળીબા જેવા સમર્થ મુક્ત પણ મામાની સામર્થી જાણતા, આથી તેમના દર્શને આવનારને મામાનો મહિમા કહેતા અને તેમનો જોગ-સમાગમ કરી લેવાનું જણાવતા.

❋❋❋

## ૨૯

આ લોકના જીવોને પોતાના કર્મ પ્રમાણે કે પૂર્વકર્માનુસાર કે ઘણી વખત ક્રિયમાણ પ્રમાણે કર્મો ભોગવવા પડે છે. અને આ ઘટનાક્રમ શ્રીજીમહારાજે ગોઠવીને જ રાખ્યો છે. જેના જેવા કર્મ તેને તેવું ફળ. આ ઘટનાક્રમમાં યોગીઓ કે મુક્તપુરુષ કોઈ ચોક્કસ કિસ્સામાં ભગવાનની મરજી જાણી ફેરફાર કરે છે, બાકી મુક્ત પણ આમાં હસ્તક્ષેપ કરતા નથી.

ઋષિકેશથી એક સિદ્ધ યોગી આવ્યા હતા. યોગવિદ્યામાં પાવરધા હોવાથી તેમના શિષ્યોની સંખ્યા મોટી હતી. પોતાની યોગવિદ્યાનું તેમને અભિમાન પણ હતું. યોગવિદ્યાથી પ્રભાવિત થઈ પૈસાદાર શેઠીયાઓ પણ તેમને મળવા આવતા. આજુ બાજુમાં તેમની સારી એવી બોલબાલા હતી. એ યોગી ઘણા સમયથી ક્ષય રોગથી પીડાતા હતા. રોગના પ્રમાણ કરતાં તેમને પીડાનો અનુભવ વધુ થાય, કષ્ટ સહન ન થતાં વારંવાર બૂમો પાડે. તેમને મળવા આવનારને પણ ખ્યાલ આવે કે આમને અસહ્ય પીડાનો અનુભવ થાય છે.

મામા જે શાળામાં આચાર્ય હતા તે શાળાના શિક્ષકો પણ ઘણી વખત આ યોગીને મળવા જતા. એક વખત શિક્ષકો ત્યાં બેઠા હતા અને યોગી પીડાને કારણે બૂમો પાડતા હતા. શિક્ષકોમાંથી એકે કહ્યું, “મહારાજ, આપ તો યોગી છો, સિદ્ધ છો, સમર્થ છો તો પછી આપ

આ કષ્ટમાંથી મુક્તિ કેમ નથી પામતા?" યોગી પીડાદાયક સ્વરે બોલ્યા, "હું યોગી છું તે વાત સાચી, મારામાં ઘણી સામર્થીઓ છે તે વાત પણ સાચી, પરંતુ મારા આ કષ્ટ વિશે તમે નહિ સમજી શકો. કોઈ ભગવાનના સમર્થ મુક્ત હોય તે જ મારી પીડાને સમજી શકે અને મને આ કષ્ટમાંથી છોડાવી શકે. બાકી હું તે કરવા અસમર્થ છું, પરંતુ અત્યારે હવે કોઈ એવા ભગવાનના સાચા સમર્થ મુક્ત ક્યાં હોય છે જ." આવું સાંભળી શિક્ષકો કહે, "તમે આવું કઈ રીતે કહી શકો છો? અમારી શાળાના આચાર્ય બહુ સમર્થ છે. અખંડ ભગવાનના સુખનો અનુભવ કરે છે. તેઓ કેટલા સમર્થ છે તેની તો અમને પણ પૂરી જાણકારી નથી. પરંતુ તેઓ બહુ મોટા સમર્થ પુરુષ છે તેવું અમે જાણીએ છીએ."

આવા વચનોથી પણ યોગીને બહુ વિશ્વાસ ન આવ્યો. નિરાશ વદને કહે, "સંસારી જીવ ક્યાંથી મુક્તપુરુષ હોઈ શકે? સંસારી તેમાંય પાછા નોકરી કરે છે." શિક્ષકો કહે, "તમે માનો છો તેવું નથી. તેઓ ભગવાનનું સોંપેલું કામ છે તેમ માની દરેક કાર્ય કરે છે. તમારી ઇચ્છા હોય તો અમે તેમને પ્રાર્થના કરીએ. તેઓ બહુ દયાળુ છે." શિક્ષકોએ મામાના પ્રતાપની કેટલીક વાતો યોગીને કરી. વાતો સાંભળી તેમને થોડો વિશ્વાસ આવ્યો. કહે, "તમે વાત કરો છો તેના પરથી તેઓ સમર્થ પુરુષ લાગે છે. તમે મારા વતી તેઓને પ્રાર્થના કરજો કે કૃપા કરી મને દર્શન દેવા પધારે."

શિક્ષકોએ મામાને યોગી વિશે વાત કરી અને પ્રાર્થના કરી, "સાહેબ, તેઓ બહુ કષ્ટ ભોગવી રહ્યા છે. આપ તેમના પર કૃપાદૃષ્ટિ કરો તો સારું." મામાએ ત્યાં જવા સંમતિ આપી. સેવક સાથે મામા યોગી પાસે આવ્યા. યોગીએ મામાને પ્રણામ કર્યા. મામાએ યોગીના શિષ્યોને બહાર જવા કહ્યું ત્યાર બાદ યોગીને સંબોધી કહે, "તમારી યૌગિક શક્તિનો તમે ખોટી રીતે ઉપયોગ કરી ભગવાનના કાર્યમાં હસ્તક્ષેપ કર્યો છે. દરેકને તેના કર્મ પ્રમાણેનું ફળ મળે છે તે ભગવાનનો નિયમ છે. ભગવાનના કાર્યમાં હસ્તક્ષેપ પ્રભુને ગમતો નથી. તમે તમારી યૌગિક શક્તિ દ્વારા પેલા શેઠનો ક્ષય રોગ તમારા દેહમાં ગ્રહણ કર્યો. તે રોગ તેને તેના પાપકર્મોને લીધે થયો હતો. તમે તમારી વિદ્યાથી અને સમર્થ છો તેવું બતાવવા તેનો રોગ તમે લઈ લીધો. હવે તે વધુ પાપ કરશે. એણે એના કર્મોનું ફળ ભોગવ્યું હોત તો તેને સુધરવાની તક મળી શકત. પરંતુ તમે તેમ ન થવા દીધું. ભગવાનના કાર્યમાં આ હસ્તક્ષેપ કહેવાય. આથી તમને રોગ છે તેના કરતાં વધુ પીડાનો અનુભવ થાય છે. યોગવિદ્યાથી તમે તેને ગ્રહણ કર્યો છે, માટે તમારે તે સહન કરવું જ રહ્યું."

મામાના મુખે આ બધી વાતો સાંભળી યોગી મામાના ચરણોમાં ઢળી પડ્યો. આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. મામાને કહેવા લાગ્યો, "મને તો એમ હતું કે અત્યારના યુગમાં સાચા સંત ક્યાં હોય, તે પણ સંસારમાં રહેલા તો સંત કેવી રીતે હોઈ શકે? પરંતુ

આપ તો ખરેખરા સાચા સંત છો, સમર્થ છો. શેઠનો ક્ષયરોગ મારી યોગવિદ્યાથી મેં ગ્રહણ કર્યો છે એ વાત મેં કોઈને કરી નથી. આપ અંતર્યામીપણે તે જાણી ગયા, આપ મહાન છો. ભગવાન આપની પ્રાર્થના જરૂરથી સાંભળશે. તમે પ્રાર્થના કરી મને આ કષ્ટમાંથી મુક્તિ અપાવો. હું યોગી હોવા છતાં આ કષ્ટ મારે માટે અસહ્ય બન્યું છે. આ પીડા કોઈ રીતે મારાથી સહન થઈ શકતી નથી." યોગી નાના બાળકની જેમ રડી પડ્યા. મામા કહે, "આ કષ્ટ તમે જાતે ઊભું કરેલું છે. આમાં હું શું કરી શકું?" યોગી આજીજી કરતા કહેવા લાગ્યો, "હું આપને ઓળખી ગયો છું. આપ મહા સમર્થ સંતપુરુષ છો. હું આપને જવા નહિ દઉં. મારા માટે આપે કાંઈક કરવું જ પડશે." યોગી કરગરવા લાગ્યા. કૃપાળુ મામાને યોગીની દયા આવી ગઈ. દયા આણી યોગીને કહે, "આ કષ્ટ તમે યોગવિદ્યાએ કરીને લીધું છે એટલે તે દૂર તો નહિ થાય, પરંતુ ભગવાનને હું પ્રાર્થના કરીશ કે તમારી પીડાનું શમન કરે, તમારા જીવની રક્ષા કરી કલ્યાણ કરે. એટલું હું કરી શકું." મામાએ મહારાજને સંભારી યોગીને મહારાજની ચરણરજ આપી. ચરણરજ આખા શરીરે ચોપડવાથી યોગીને પીડામાં તાત્કાલિક રાહત થઈ. યોગી કહે, "મારાથી આ બહુ મોટી ભૂલ થઈ છે. તમે ભગવાનને પ્રાર્થના કરજો મને ક્ષમા આપે. આપ કહો છો તેમ મારા જીવની રક્ષા કરી કલ્યાણ કરશે તે જ મારા માટે ક્ષમા છે. આપ અહીં પધાર્યા એ મારા જીવનનો અણમોલ દિવસ લેખું છું. ભગવાને જ મારી પર દયા

લાવી આપને મારી પાસે મોકલ્યા છે તેમ હું માનું છું. આપના આશીર્વાદથી અત્યારે જ મને પીડામાં ઘણી રાહત લાગે છે. આપનો આ ઉપકાર જીવીશ ત્યાં સુધી નહિ ભૂલું.” યોગી પોતાને કૃતાર્થ માનતા મામા દેખાયા ત્યાં સુધી વંદન કરતા રહ્યા.

❋❋❋

# ૩૦

અનાદિમુક્ત પ્રત્યક્ષ બિરાજતા હોય ત્યારે આપણા જેવા સામાન્ય જીવોને ઘણો ફાયદો થતો હોય છે. પ્રત્યક્ષ હોવાથી આપણને નડતી મુસીબતો-આફતો, મનની મૂંઝવણ તરત તેમની સમક્ષ રજૂ કરી શકાય છે. અને આપણે સમજી શકીએ તે રીતનો ઉત્તર આપણને મળી રહે છે. મુક્ત જ્યારે પ્રત્યક્ષરૂપે હાજર ન હોય, ત્યારે પણ તેમને પ્રાર્થના કરવાથી કામ થાય તો ખરું, પરંતુ પ્રત્યક્ષ હોય ને જેવો લાભ મળે તેવો ન મળે. પ્રત્યક્ષ હાજર હોય ત્યારે તો જેમ કુદરતી આફતમાં ઘર સહારો હોય, તેમ મૂંઝવણમાં મામા દરેકના સહાયક બનતા. અને મામાના વચનનું કવચ મળી જતાં જીવો નિશ્ચિંત બની જતા કે મુસીબત ટળી જવાની.

મુંબઈમાં રહેતા એક હરિભક્ત બહેનના પતિ ઑફિસનું કામ પતાવી ઘરે જતા હતા ત્યારે તેમની પાસે પૈસા હતા આ વાતની કોઈ ચોરને જાણ હશે. હજી તેઓ એકલા ઑફિસમાં જ હતા અને ચોર અંદર પ્રવેશી તેમને પેટમાં ચાકુ મારીને પૈસાની પેટી તેમના હાથમાંથી લઈ ગયો. ચાકુ વાગવાથી ભાઈ ત્યાં જ જમીન પર પડી ગયા. લોહી વહેવું શરૂ થઈ ગયું ને તેઓ બેભાન થઈ ગયા. થોડીવારે ઑફિસનો ચપરાશી ત્યાં આવ્યો ને તેની નજર ભાઈ પર પડી ને તાત્કાલિક તેમને હૉસ્પિટલમાં ખસેડ્યા. પરંતુ તે દરમ્યાન શરીરમાંથી લોહી ઘણું વહી ગયું હતું. ડૉક્ટરે કહ્યું, “અમે

ઑપરેશન કરીએ, પણ બચવાની આશા ઓછી છે. ભગવાન કોઈ ચમત્કાર કરે અને બચી જાય તો બાકી અમે વચન આપી નથી શકતા.” આવી જાણ થતાં હરિભક્ત બહેને અમદાવાદ રહેતા તેમના ભાઈને ફોન કરી મામાને પ્રાર્થના કરવા જણાવ્યું. ભાઈ મામાની સેવામાં સેવક તરીકે રોકાયેલા હતા. તેમણે મામાને પોતાના બનેવીને બચાવી લેવા પ્રાર્થના કરી. મામા કહે, “તમે પ્રાર્થના કરાવો છો પણ તેમનું આયુષ્ય પૂરું થઈ ગયું છે એટલે ભગવાન તેમને તેડી જશે અને પોતાનું સુખ આપશે. આપણે ભગવાનની મરજીમાં રાજી રહી હિંમત રાખવી.” આવું સાંભળતાં સેવક શૂન્યમનસ્ક થઈ ગયો. બીજા સેવકોએ પ્રાર્થના કરતાં મામાને કહ્યું, “મામા, તમે આવું ન કહો. જો એવું થશે તો સાસરામાં દીકરીનું ખરાબ દેખાશે. હજી દીકરીની ઉંમર પણ નાની છે. દીકરીએ માસીની ઘણી સેવા કરી છે. તમારે એને આયુષ્ય આપવું પડશે.” બીજા સેવકોએ ઘણી વાર સુધી પ્રાર્થના કરી. ત્યારે મામાએ કહ્યું, “સારું મહારાજને કહીશું. મહારાજ તેમને આયુષ્ય આપશે અને તેઓ સ્વસ્થ થઈ જશે.” આશીર્વચન મળતાં જ મુંબઈમાં ચમત્કાર થયો. ભાઈની તબિયતમાં સુધારો થવા લાગ્યો. ડૉક્ટરો પણ નવાઈ પામી ગયા કે ખરેખર ભગવાને ચમત્કાર કરી આમની રક્ષા કરી છે. અમને તો બચવાની આશા ઓછી હતી. આ ચમત્કાર થયો છે.

આજે પણ એ હરિભક્ત સ્વસ્થ છે અને મામાની કૃપા પોતા પર વરસી હતી તે યાદ કરી ધન્યતા અનુભવે છે.

❋❋❋

# ૩૧

સર્વમંગલ સોસાયટીની નજીક જ એક વયોવૃદ્ધ હરિભક્ત રહે. મામાનો તેમને અતિશય મહિમા. તેમને મનમાં એવી દૃઢ શ્રદ્ધા કે મામા દ્વારા શ્રીજીમહારાજ બધું કરે છે. તેમની સેવા તે મહારાજની સેવા બરાબર જ છે. તેમને કીર્તન ભક્તિનું અંગ સારું. કેટલાય કીર્તનો તેમણે કંઠસ્થ કર્યાં હતાં. તેઓ માનતા કે કીર્તન ભક્તિથી મહારાજ રાજી થાય છે. તેઓ દિવસમાં એક વખત ફરવા નીકળતા. સવારે અથવા સાંજે. પણ જ્યારે ફરવા નીકળે, ત્યારે મામાના દર્શને અચૂક આવે. દર્શન કરી મામાને એક કીર્તન અવશ્ય સંભળાવે. કીર્તન સંભળાવ્યા પછી જ મામાની રજા લઈ પાછા જાય. ઘણી વખત મામા અગત્યના કામ કરતા હોય કે બહાર જવાનું હોય એવે સમયે આવી ચડે. ત્યારે સેવકોને તેમના પ્રત્યે થોડો અણગમો થાય કે, હવે સમય બગડશે. કામની અગત્યતાને લીધે સેવકો કહે કે, “દાદા, કીર્તન કાલે સંભળાવજો. આજે મામાને કામ છે.” ત્યારે તેઓ જરા ઉદાસ ભાવે મામા સામે જુએ ને મામા તરત કહે, “ના...ના તમે બેસો કામ તો થયા કરશે. પછી કરીશું.” એમ કહી પ્રેમે સહિત આદર આપી તેમને બેસારે અને કીર્તન સંભળાવવા કહે. આથી તેઓ બહુ રાજી થાય. સેવકોને કહે, “ભાઈને તો કોઈ વાંધો નથી. તેમને વાંધો હોત તો હું ચોક્કસ ચાલ્યો જાત, પરંતુ તેમને તો કોઈ

વાંધો દેખાતો નથી. આથી હું કીર્તન સંભળાવ્યા પછી જ જઈશ.” આમ કહી ભગવાન સંભારી એક કીર્તન તેઓ ગાય અને મામા શાંતિથી ધીરજપૂર્વક તેમનું કીર્તન સાંભળી તેમને પૂર્ણ સંતોષ પમાડીને રજા આપે. આ ક્રમ ઘણો લાંબો સમય સુધી ચાલ્યો હતો, છતાંય મામા તેમને ક્યારેય નિરાશ કરતા નહિ. ગમે તેવું અગત્યનું કામ કેમ ન હોય હરિભક્ત આવે એટલે તેમને સમય આપી તેમનું કીર્તન અચૂક સાંભળતા. ઘણી વખત સેવકો મામાને કહેતા, “મામા, અત્યારે કામ છે તો તેમને કાલે આવવાનું કહો તો ન ચાલે? આપના દર્શન તો તેમણે કરી લીધા છે.” મામા સેવકોને સમજાવતાં કહે, “હું આ બધા જે કંઈ પણ કાર્યો કરું છું કે ક્યાંય જાઉં છું તે બધું જીવોના કલ્યાણ માટે જ કરું છું ને! મારા કીર્તન સાંભળવાથી એ જીવનું ઘણું રૂડું થાય તેમ છે. તેમને એવો દૃઢ વિશ્વાસ છે કે, મુક્ત દ્વારા મહારાજ કાર્ય કરે છે. હું ભાઈને જે કીર્તન સંભળાવું છું તે તેમનામાં રહીને મહારાજ સાંભળે છે. મહારાજને કીર્તન ભક્તિ ગમે છે આથી મારું કીર્તન સાંભળી તેઓ મારા પર પ્રસન્નતા જણાવશે. આવો સુંદર તેમનો ભાવ છે. હવે જ્યારે મહારાજને સંભળાવવાના ભાવ સાથે તેઓ આવતા હોય, ત્યારે ના કઈ રીતે પડાય? અને ભગવાન તો ભાવ જ જુએ છે. કોણ કેવા ભાવ સાથે મારી ભક્તિ કરે છે. મંદિરમાં અનેક જાતના સંકલ્પ-વિકલ્પ સાથે દર્શન કરવા કરતાં મહારાજના દર્શન કરું છું અને મહારાજને કીર્તન સંભળાવું છું, તેવો ભાવ વધુ સારો કે નહિ? તેઓનો

ભાવ ઊંચો છે ને ભગવાનમાં વૃત્તિ રાખી ભાવ સહિત કીર્તન ગાય છે, આથી હું તેમનું કીર્તન સાંભળું છું. અહીં આવી ગાવાથી તેમને મનમાં શ્રદ્ધા બેસે છે કે મારું કીર્તન મહારાજે સાંભળ્યું છે અને તેઓ મારા પર પ્રસન્નતા વરસાવશે. તેવો ભાવ ખોટો પણ નથી. અહીં પ્રતિમા સ્વરૂપમાં શ્રીજીમહારાજ સાક્ષાત્ બિરાજે છે. મુક્ત દ્વારા મહારાજ કાર્ય કરે છે તે સત્ય હકીકત છે. માટે જ સમય ફાળવીને પણ તેમનું કીર્તન સાંભળું છું. તેમને જેવો કીર્તન સંભળાવવાનો ભાવ છે તેવો ભાવ તમારે બધાએ દરેક કાર્ય માટે કેળવવાનો છે કે આ કાર્ય મહારાજનું સોંપેલું છે ને તેમની પ્રસન્નતા માટે મારે કરવાનું છે. પછી જુઓ જીવનમાં કેવો આનંદ ભરાઈ જાય છે.”

મામાના આવા વચનો સાંભળી સેવકોના મનમાં હરિભક્ત પ્રત્યે ભાવ થયો અને મામાનો વિશેષ મહિમા સમજાયો.

❋❋❋

## ૩૨

મુક્તરાજ મામાનું વ્યક્તિત્વ જ એવું હતું કે લોકો તેમના પ્રભાવમાં આવ્યા વગર રહે નહિ. જેઓ આધ્યાત્મિકતાના પથ પર થોડા પણ આગળ વધ્યા હોય, તેઓ તો પ્રથમ વખત જ મામાને મળતાં પ્રભાવિત થઈ જતા. પછી ભલેને તેઓ ગમે તે સંપ્રદાયના હોય અને ગમે તેની સાધના કરતા હોય.

એવી જ એક વ્યક્તિ મા શ્રી આનંદમયી માના અનુયાયી હતા અને ગણપતિના ઉપાસક હતા. ગણપતિજીના તેમને ધ્યાનમાં દર્શન પણ થતા. મામા વિશે સેવક પાસેથી તેમને થોડી-ઘણી માહિતી પ્રાપ્ત થઈ હતી, પરંતુ પ્રત્યક્ષરૂપે મામાને મળવાનો અવસર ક્યારેય પ્રાપ્ત થયો ન હતો. એક વખત મામા એ જ સેવક સાથે 'અરવિંદ એમ્પોરિયમ'માં ગયા હતા. એ વખતે એ વ્યક્તિ પણ ત્યાં હાજર હતી. સેવકની નજર તેમના પર પડતાં તેમને મામા પાસે લઈ આવ્યા. સેવક મામાનો પરિચય આપવા જાય એ પહેલાં જ તેઓ બોલ્યા, "આ તમારા ગુરુજી બરાબર! તેમનું વ્યક્તિત્વ જ કહી આપે છે કે તેઓ આધ્યાત્મિકતાની ઉચ્ચ કક્ષા પ્રાપ્ત કરી ચૂક્યા છે. મુખારવિંદની આભા, શાંત અને ચમકદાર મુખાકૃતિ એ વાતની સાક્ષી પૂરે છે." તેઓ મામાને ખૂબ ભાવથી પગે લાગ્યા. મામાને કહે, "આપના વિશે ફક્ત સાંભળ્યું જ હતું. આજે પ્રત્યક્ષ દર્શન થતાં સાંભળેલું ઓછું હતું તેમ

લાગે છે. તમે પૂર્ણ સ્થિતિને પ્રાપ્ત કરેલા મુક્ત હો એવું મને લાગે છે. હું પણ આધ્યાત્મિક પથ પર ડગ માંડી આગળ વધવા પ્રયત્ન કરી રહ્યો છું. આપ મને આશીર્વાદ આપો જેથી હું એ પથ પર આગળ વધી શકું. આપના જેવા આધ્યાત્મિક પુરુષના આશીર્વાદ આ પથ પર ચાલનારા માટે અતિ આવશ્યક અને પથદર્શક બની રહેતા હોય છે. મને પણ આપ આશીર્વાદરૂપી કવચ આપો, જેથી મને વિઘ્નો નડે નહિ." આમ કહી મામાને ફરી પાછા પગે લાગ્યા. મામાએ તેમને આશીર્વાદ આપતાં કહ્યું, "ભગવાન તમને જરૂરથી સહાય કરશે. હું ભગવાનને પ્રાર્થના કરીશ." આશીર્વાદ મળતાં તે વ્યક્તિ રાજી થકા ત્યાંથી વિદાય થયા.

આમ મામાને ક્યારેય ન જોએલા અને બીજા સંપ્રદાયની વ્યક્તિઓ પણ મામાથી પ્રભાવિત થઈ આશીર્વાદ મેળવી પોતાને ધન્ય માની પોતાના પથ પર આગળ વધતા. અને મામા પણ એવા સાચા સાધકને આશીર્વાદ આપી તેમને વધુ પાત્ર બનાવતા જેથી તેઓ આધ્યાત્મિકતાના પથ પર યોગ્ય રીતે આગળ વધી શકે.

❋❋❋

## ૩૩

વૃષપુર બળદિયા છત્રી સ્થાનમાં સમૈયો હતો. હજારો હરિભક્તો સમૈયાનો લાભ લેવા ઉમટ્યા હતા. આખું છત્રી સ્થાન લોક સમૂહથી ઊભરાતું હતું. મંદિરમાં ને ઉતારામાં જ્યાં જુઓ ત્યાં હરિભક્તોની ભીડ દેખાય. સમૈયામાં મુક્તરાજ મામા અને માસી પણ આવ્યા હોવાથી લોકોમાં અનેરો આનંદ જોવા મળતો હતો. સભામંડપમાં ભાઈઓની સભા થઈ હતી. અને બહેનો મંદિરમાં દર્શન કરતાં હતાં. પૂજ્ય લીલામાસી પણ મંદિરમાં જ હતાં અને અચાનક હનુમાનજી પાસે એક બહેન ધૂણવા મંડ્યાં અને જમીન પર હાથ પછાડે અને મોટે-મોટેથી બૂમો પાડે. માસીએ ત્યાં જઈ તેની ઉપર પાણી છાંટ્યું ને કહ્યું રાડો ન પાડો ભગવાનનું નામ લો. માસીના વચનો સાંભળી બહેન રાડો પાડતા બંધ થઈ ગયાં. શાંત થઈ બેસી ગયાં. માસી કહે, “આ શાંત બેઠી છે, પણ હજી ભૂત નીકળ્યું નથી.” એ બહેનના સગા ત્યાં જ હતા. તેઓએ માસીને વાત કરી, “માસી એને ઘણા વખતથી વળગાડ છે. પોતે હેરાન થાય છે અને ઘરનાને હેરાન કરે છે. અહીં સમૈયામાં તેને એટલા માટે જ લઈ આવ્યા છીએ કે, મોટા મુક્તો અહીં પધાર્યા છે તો તેને આ દુઃખમાંથી છોડાવે. અહીં તમારા બધાની હાજરીમાં તેનું દુઃખ ન ટળે તો પછી ક્યાં ટળે? આપ અને મામા તેના પર દયા લાવી તેને વળગાડના કષ્ટમાંથી મુક્ત

કરો એવી મારી પ્રાર્થના છે. અમે બધા ઘણા વખતથી હેરાન થઈએ છીએ." આ વાતો થતી હતી ને કોઈ પૂ. જાદવજીબાપાને બોલાવી લાવ્યું. બાપાને જોઈ બહેન પાછા રાડો પાડવા લાગ્યા. બાપાએ તેના પર પાણી છાંટ્યું તો વધારે રાડો પાડે અને જોરથી જમીન પર હાથ પછાડે. થોડીવાર બાપાએ પાણી છાંટ્યું, પણ બહેન પર ખાસ અસર થઈ હોય તેવું જણાયું નહિ. જાદવજીબાપા કહે, "નારાયણભાઈને બોલાવો." છોકરાઓ સભામંડપમાંથી મામાને બોલાવી લાવ્યા. હજી તો મામા સભામંડપમાંથી મંદિરના દરવાજા પાસે પહોંચ્યા ને બહેન બળુ છું - બળુ છુંની રાડો પાડતા ત્યાંથી ઊઠીને હૉલના ખૂણામાં નાસી ગયા. લીલામાસી ત્યાં જ ઊભા હતા. તેમની સાથે રહેલા બહેનને કહે, "બહેનને અહીં લઈ આવો. અહીં બેસે પછી તમારા મામા કાંઈ કરી શકે ને?" સાથે રહેલા બહેને તો ના પાડી દીધી. માસી હસ્યા કહે, "બીક લાગે છે? મને તો જરાય બીક ન લાગે, પણ જેને વળગાડ હોય તેનામાં જોર બહુ હોય. હું પકડવા જાઉં અને ધક્કો મારે તો હું પડી જાઉં બાકી હું તો લઈ આવું." માસી જેવા મુક્તને તો ક્યાંથી બીક લાગે? બે જણા થઈ માંડ-માંડ ખેંચીને તે બહેનને હનુમાનજી પાસે લાવી બેસાડ્યા. મામા ત્યાં આવ્યા. જાદવજીબાપા કહે, "ભાઈ, આ વળગાડ જૂન્નડ છે. આપ સિવાય બીજા કોઈથી નીકળે તેમ નથી. તમારે જ તેને આ કષ્ટમાંથી છોડાવવી પડશે." મહારાજ સંભારી મામાએ બહેન પર પાણી છાંટ્યું. બહેને થોડીવાર ખૂબ બૂમો પાડી. મામાએ

તેને પૂછ્યું, “કોણ છે? તારે શું જોઈએ છીએ? આવા પવિત્ર સ્થાનમાં તું છે ભગવાનને પ્રાર્થના કર. તેઓ તારો મોક્ષ કરશે. આ યોનીમાંથી તું છૂટી જઈશ.” એમ કહી ફરી પાણી છાંટ્યું. બહેન હવે એકદમ શાંત થઈ ગયાં. થોડીવાર પહેલાના બધા ધમપછાડા બંધ થઈ ગયા. જાણે એ બહેન હતા જ નહિ. જાણે તે આવું કરી જ ન શકે તેવું વ્યક્તિત્વ તેમનું બદલાઈ ગયું. સાથે આવેલા બહેનના સગા મામાને કહેવા લાગ્યા, “આ વખત બહેનનો ફેરો સફળ થયો. આપ અહીં પધાર્યા તેનો એને લાભ મળી ગયો. કેટલાય વખતથી અમે બહુ હેરાન થતા હતા. આપના પ્રતાપે આજે એ કષ્ટમાંથી છૂટી.” આમ કહી વારંવાર મામાને પગે લાગ્યા. જેને વળગાડ હતો એ બહેન પણ મામાને પગે લાગ્યા. મામા કહે, “મને નહિ અહીં મહારાજ-બાપાની મૂર્તિ છે તેને પગે લાગો. તમારું દુઃખ તેમણે દૂર કર્યું છે. મહારાજ અને બાપાનો આશરો દૃઢ રાખવો. એક અડગ નિશ્ચય રાખવો. મહારાજ સિવાય બીજા કોઈમાં શ્રદ્ધા અને નિષ્ઠા રાખવી નહિ. તો મહારાજ સદાય આપણી ભેળા જ છે.”

આમ એક બહેન વળગાડના કષ્ટમાં કેટલાય વખતથી પીડાતા હતાં તેની પીડા મુક્તરાજે દૂર કરી. હાજર રહેલા અનેક લોકો તેના સાક્ષી બની રહ્યા.

❋❋❋

# ૩૪

મુંબઈ શહેરમાં ભગવાનના એક સારા હરિભક્ત રહે. તેમણે ઘણા વર્ષોથી ધ્યાન કરવાનો અભ્યાસ કર્યો હતો. અનાદિ મુક્ત પૂજ્ય સોમચંદબાપાની કૃપાથી તેમને ધ્યાનની મૂર્તિ સિદ્ધ થઈ હતી. જ્યારે ઇચ્છે ત્યારે, હરતા-ફરતા, બેસતા-ઊઠતા ધ્યાનની મૂર્તિ જોઈ શકતા, ગમે ત્યારે અને ગમે ત્યાં ધ્યાન કરી શકતા. પ્રારબ્ધકર્માનુસાર તેમને લોહીનું કેન્સર થયું હોવાથી બીજી પ્રવૃત્તિ બંધ થઈ હતી. પથારીમાં પડ્યા રહેવું પડતું. પથારીમાં પડ્યા-પડ્યા ભગવાન સંભાર્યા કરે, પરંતુ વારંવાર તેમને દેહમાં કોઈ ને કોઈ તકલીફો થયા કરતી. ક્યારેક ચક્કર આવે તો ક્યારેક અચાનક ઝાડા થઈ જાય, તો કોઈવાર ઝાડામાં લોહી પડવા લાગે, તો વળી ક્યારેક અચાનક એકાદ કલાક સુધી બેશુદ્ધ થઈ જાય. આવું ચાલ્યા જ કરતું. દેહની આવી તકલીફો હોવા છતાં ભક્ત ભગવાનને ક્યારેય મટાડવા માટેની પ્રાર્થના કરતા નહિ. બસ ભગવાન ભજ્યા કરે. દેહની પીડા ક્યારેક બહુ વધી જાય ત્યારે મહારાજને એવી પ્રાર્થના કરે કે, ઘરના સર્વે મારા લીધે હેરાન થાય તેના કરતાં મને ધામમાં તેડી જાવ તો આ બધાને નિરાંત થાય.

આવા જ કોઈ એક સમયે હરિભક્ત ઘણા લાંબા સમય સુધી બેશુદ્ધ અવસ્થામાં રહ્યા. ડૉક્ટરો કાંઈ કરી

શકતા નહોતા. ઘરના સભ્યો ચિંતિત મને તેમને નિહાળ્યા કરતા હતા. ભાનમાં આવ્યા બાદ ભક્ત ભગવાનને તેડી જવા વિનંતી કરતા હતા. આવી વિનંતીથી ઘરના સર્વે પણ બહુ દિલગીર થઈ ગયા. બહેનો આંસુ વહાવવા લાગી. વાતાવરણ એકદમ ગમગીન થઈ ગયું હતું. અને એવામાં જ સૌના તારણહાર, સૌના બેલી મુક્તરાજ મામા પધાર્યા. મામાના દર્શન થતાં જ ઘરના સભ્યોની ચિંતા દૂર થઈ ગઈ. સૌના ચહેરા પર હરખ વર્તાઈ રહ્યો. મામા સીધા ભક્તના રૂમમાં ગયા. ભક્ત ઊભા થઈ પગે લાગવા ગયા, પરંતુ તેમની અવસ્થા બરાબર ન હોવાથી મામાએ તેમને રોકી લીધા. ઘરના સર્વે મામાની આગતા-સ્વાગતામાં પડ્યા અને મામા ભક્ત પાસે બેઠા. ભક્તને હરખના આંસુ છલકાઈ આવ્યાં. હાથ જોડી વારંવાર મામાને કહેવા લાગ્યા, “આજે મહારાજે જ આપને મોકલ્યા છે. આપને મારી અવસ્થાની જાણ થઈ અને મારો હાથ ઝાલવા દોડી આવ્યા એવું થયું છે. આજે દેહમાં ઘણી પીડા જણાય છે. હું મહારાજને તેડી જવા પ્રાર્થના કરતો હતો અને એવામાં આપ પધાર્યા હૈયામાં શાંતિ-શાંતિ થઈ ગઈ. આપના દર્શન માત્રથી દેહની બધી પીડા જાણે શમી ગઈ છે. અત્યારે દેહમાં કોઈ કષ્ટ નથી જણાતું.” મામા મીઠું હાસ્ય રેલાવતા બોલ્યા, “મહારાજને ખબર છે આપને ક્યારે ધામમાં તેડી જવા અને તમને તો વગર આયુષ્યે રાખ્યા છે. તેથી તેમની મરજી હશે ત્યારે તેડી જશે. આપણે શા માટે કાંઈ કહેવું પડે? દેહની પીડા તો મહારાજની મૂર્તિ સંભારીએ એટલે

વિસરાઈ જાય. આપને તો ધ્યાનનો સારો અભ્યાસ છે. ધ્યાનમાં ઊંડા ઉતરી જવું.” ભક્ત કહે, “એ વાત તો બરાબર, પરંતુ મને ધ્યાનમાં ફક્ત ધ્યાનની મૂર્તિ જ દેખાય છે એથી વિશેષ કાંઈ નહિ.” મામા કહે, “એનું ધ્યાન કરતાં-કરતાં જ પછી વ્યતિરેક સ્વરૂપના દર્શન થાય. ધામની મૂર્તિનું તો શું કહેવું?”

મામાએ ભક્તનો હાથ પોતાના હાથમાં લીધો અને આંખો બંધ કરી. ભક્તે પણ પોતાની આંખો બંધ કરી. મામા બોલવા લાગ્યા. “અક્ષરધામમાં જે મૂળવ્યતિરેક સ્વરૂપ છે તેની સુંદરતા આગળ બીજા બધા જીવો, મનુષ્યો, દેવો, ધામાધિપતિ, મુક્તો વગેરે બધાની સુંદરતા અતિ તુચ્છ લાગે છે. એવું અતિ સ્વરૂપવાન, અતિ સુંદર મહારાજનું દિવ્ય સ્વરૂપ છે. એ ચૈતન્યનું સ્વરૂપ છે. ઘન તેજની મૂર્તિ છે. એ કિશોરવયની હોય તેવી જણાય છે. એ મૂર્તિનું મુખારવિંદ બહુ ગોળ નહિ, તેમ જ લંબગોળ નહિ તે બંનેની વચ્ચેનું ખૂબ પ્રમાણસર મુખારવિંદ છે. મહારાજની શિરે દિવ્ય તેજોમય શિખા છે. આંખો અણિયાળી છે. અને બંને આંખોના ખૂણાઓ નાસિકા પાસે સુંદર ઘાટવાળા અણિયાળા છે. બહારની તરફના ખૂણા પણ અણિયાળા સુંદર ઘાટવાળા છે. કપોળ ઉન્નત છે. નેણ સુંદર વળાંકવાળા અને લાંબા છે. નાસિકાગ્રથી શરૂ થઈ કાન તરફ લંબાયેલા છે. બંને કાન ખૂબ પ્રમાણસર છે. બંને સરખા શ્રવણ છે. તેમનો ઘાટ ખૂબ જ સુંદર છે. કાન ઉપરથી સુંદર ગોળાકાર છે અને નીચે સાંકડા થાય છે. એટલે કાનની બૂટ સુંદર ઘાટવાળી

નમણી છે. નાસિકા અણિયાળી સુંદર ઘાટવાળી છે. મહારાજના હોઠ પાતળા છે અને તે મુખારવિંદને અત્યંત શોભાવે છે. મહારાજની મૂર્તિને મૂછો નથી, તેમ જ બીજા વાળ કે રોમ નથી. કારણ કે આ મૂર્તિ ચૈતન્યની દિવ્ય મૂર્તિ છે. હાડકા-ચામડાની કે લોહી-માંસની મૂર્તિ નથી. અમાયિક છે. માટે મૂર્તિના બધા જ અંગો ચૈતન્ય પ્રકૃતિના દિવ્ય છે. મહારાજના જેવો કોઈનો ચૈતન્ય નથી.”

મામાના ચહેરા પર એ વખતે પણ તેઓ સુખ ભોગવતા આનંદ અનુભવી રહ્યાના ભાવ સ્પષ્ટ જણાઈ આવતા હતા. તેમનું મુખ મંદ-મંદ હાસ્ય રેલાવતું હતું અને ભક્ત તે...મ...ને તો જે અનુભવ હતો તે તેઓ માણતા હતા. મામાએ ધામની વ્યતિરેક મૂર્તિનું વર્ણન આગળ ચાલુ રાખ્યું. ઘરના સર્વ સભ્યો એ વર્ણન ફક્ત સાંભળી રહ્યા હતા. ભક્તના અનુભવને કોઈ કળી શક્યું નહિ.

મામા કહે, “મહારાજના ખભા વિશાળ થોડા ઢળતા છે અને ખૂબ સપ્રમાણ છે. વક્ષ પણ વિશાળ છે. બંને સ્તન બહુ સુંદર ઘાટવાળા છે. હાથ સુંદર લાંબા છે. હાથના આંગળા પ્રમાણમાં લાંબા, પાતળા, સુંદર અને કોમળ છે. નખ પણ ઉપડતા તેજસ્વી છે. મહારાજની કમર પાતળી છે. ઉદર બહુ મોટું નથી. સુંદર સપ્રમાણ ઘાટવાળું છે. છાતીના મધ્યમાં ઊર્ધ્વપુંડ્ર તિલક જેવું સુંદર ચિન્હ જણાય છે. બંને સાથળ સરખા સપ્રમાણ છે. પીંડીઓ પણ સરખી સપ્રમાણ છે. બંને ચરણારવિંદો

સુંદર ઘાટવાળા અતિ કોમળ છે. મહારાજની મૂર્તિમાંથી બ્રહ્મ જે પ્રકાશ નીકળે છે તેને લીધે બીજા ચિહ્ન બહુ નથી જણાતા, પરંતુ ક્યારેક-ક્યારેક જે જગ્યાએ તલ કે ચિહ્ન હોય તેમાંથી અત્યંત પ્રકાશ નીકળે છે અને પાછો લીન થાય છે. તે સમગ્ર મૂર્તિમાંથી પ્રકાશના બીંબ છૂટતા હોય તેવું મુક્તોને જણાય છે. જો કે પ્રકાશ છે તે હાલે ચાલે તેવો નથી નહિ તો વધારે-ઓછો થાય. એ અમર્યાદિત પૂર્ણ છે. શ્વેત, શીતળ અને શાંત છે. એ તેજની ઉપમા આપી શકાય તેમ જ નથી. એ શ્વેત એવું છે કે, બીજા કોઈ પણ શ્વેત પદાર્થને તેની સાથે સરખાવી શકાય જ નહિ. આ તેજને જ બ્રહ્મ, અક્ષરધામ-ચિદાકાશ વગેરે પર્યાયોથી સંબોધ્યું છે. આ પ્રકાશ તે પ્રભુનું અન્વય સ્વરૂપ. જેમાંથી અનંત બ્રહ્માંડોમાં અણુએ અણુનું નિયમન થાય છે. આ દિવ્ય પ્રકાશ મુક્તોને અતિ સુખરૂપ છે તે મૂર્તિમાંથી નીત-નવીન સુખ પ્રગટ થયા જ કરે છે તેને અનાદિમુક્તો મૂર્તિમાં રસબસભાવે લીન રહી સુખ ભોગવ્યા જ કરે છે, પરંતુ ક્યારેય પાર પામતા નથી.

મહારાજની મૂર્તિ દિવ્ય સિંહાસનમાં છે. એનો અર્થ એમ નથી કે કોઈક સિંહાસન જેવું છે ને એમાં મહારાજ બેઠા છે એમ નથી, પરંતુ પ્રભુનો જે પ્રકાશ છે તે જ દિવ્ય સિંહાસનરૂપે શોભે છે. વસ્ત્રોરૂપે અને આભૂષણોરૂપે પ્રકાશે છે. અર્થાત્ મહાપ્રભુજીનું દિવ્ય સ્વરૂપ નિર્વસ્ત્ર છે. તેજરૂપી જ વસ્ત્રો અને અલંકારો છે. પરભાવમાં મહારાજની વ્યતિરેક મૂર્તિમાં અને તેના સાધર્મ્યપણાને પામેલા મુક્તોમાં સ્ત્રી પુરુષને દર્શાવતા

કોઈ અંગો નથી. ત્યાં ખાવું-પીવું દૈહિક ક્રિયાઓ વગેરે કોઈ ક્રિયાઓ પરભાવમાં નથી. પરભાવમાં માયાનો કોઈ જ ભાવ નથી. મહારાજ અને મુક્તો દિવ્ય ચૈતન્યમય સ્વરૂપો છે. કાળ-કર્મ અને માયાથી પર છે. નિર્ગુણ એટલે રજ-તમ-સત્ત્વગુણોથી પર છે. સ્થૂળ-સૂક્ષ્મ-કારણ અને મહાકારણથી પર છે. જેને મહારાજના દિવ્ય સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે ત્યારે અનાદિમુક્તની સ્થિતિવાળાને મૂર્તિમાં પ્રવેશ થાય છે. અને તે મૂર્તિમાં રસ-બસ નખથી શિખા પર્યંત લીન રહે છે. તેમ છતાં એ કિશોરવયની સુંદર મૂર્તિ અનંત મહાસાગર જેવી વિશાળ-અનંત-અગાધ જણાય છે. અને તે મૂર્તિમાં અનંત અનાદિમુક્તો રસ-બસભાવે સુખ લે છે. મુક્તોને એ સુખમાં કંટાળો નથી આવતો (Monotony) એકસૂરતા નથી. દરેક પળે વિવિધ પ્રકારનું સુખ મૂર્તિમાંથી નીકળ્યા જ કરે છે અને મુક્તો સુખ લીધા જ કરે છે. તે સુખભોક્તાપણામાં ક્યારેય તૃપ્ત નથી થવાતું. ક્યારેય (Saturation Period) નથી આવતો. અનંત કાળ સુધી અનંત સુખમાં મુક્તો કિલ્લોલ કરે છે. અનંત કલ્પ સુધી મૂર્તિનું સુખ ભોગવવા છતાં પણ એ સ્વરૂપ કેવું છે તેમ બરોબર કળી શકાતું નથી. આવું અત્યંત સુંદર, સુખરૂપ મહારાજનું વ્યતિરેક સ્વરૂપ છે.”

મામાએ બોલવાનું પૂરું કર્યું ને આંખો ઉઘાડી. મહારાજના વ્યતિરેક સ્વરૂપના આવા સુંદર વર્ણનથી બધા મૂર્તિમંત થઈ ગયા હતા. ભક્તની પીડા તો ક્યારની શાંત થઈ ગઈ હતી. આટલા વખતનો તેમનો

ધ્યાનનો અભ્યાસ આજે સફળ થયો હતો. મામા મૂર્તિનું વર્ણન કરતા હતા તે દરમ્યાન મામાના પ્રતાપે ભક્તને તેમની ધ્યાનની મૂર્તિના તેજોમય દર્શન થયા. આવા દર્શન થતાં તેઓ અત્યંત રાજી થઈ ગયા. ભાવ-વિભોર થઈ પગમાં પડી ગયા. ગદ્ગદ કંઠે મામાને પ્રાર્થના કરી, "આજે તો આપે બહુ દયા કરી મને ન્યાલ કરી દીધો. મારા પર અગણિત ઉપકાર કર્યો છે. આપે આજે જે સુખનો અનુભવ કરાવ્યો છે એ અવર્ણનીય છે. મારી સાધનાનું સાફલ્ય આજે આપે આપી દીધું." મામાએ ભક્તને એ વિશે વધુ બોલતાં અટકાવી કહ્યું, "એ વિશે બહાર બધાને બહુ વાતો કરવી નહિ. અંદર અંતરમાં એ સુખનો અનુભવ કરી સુખ ભોગવજો." ભક્ત કહે, "સારું, પરંતુ અંતકાળે આવી રીતે દયા કરી ધામમાં તેડી જજો." મામાએ સંમતિ આપી. પછી બધાને આશીર્વાદ આપી અને વિદાય થયા. ભક્ત વિચારવા લાગ્યા ઓ...હો! મારી ધ્યાનની મૂર્તિ આવી તેજોમય પ્રકાશિત છે તો ધામની વ્યતિરેક મૂર્તિ તો અવર્ણનીય હોય જ. આજે મામાએ મારા પર બહુ જ દયા લાવી કૃપા વરસાવી. તેઓએ દયા ન કરી હોત તો મને આવા અલૌકિક દર્શન કોણ કરાવત? કહે છે ને કે આધ્યાત્મિક માર્ગમાં એ જ મદદ કરી શકે જે અનુભવી હોય. મામા આજે ભક્ત માટે ભોમિયા બની આવ્યા હતા અને ભક્તની પાત્રતા પ્રમાણેનું સુખ આપી આગળનો માર્ગ બતાવી ગયા હતા. ભક્તને મામાનો મહિમા હતો તેનાથી અનેક ગણો વધી ગયો.

અનાદિમુક્તમાં એ સામર્થ્ય છે કે પોતે જે સુખ અખંડ ભોગવે છે તેનો અનુભવ બીજાને કરાવે, પરંતુ જીવ પાત્ર ન હોવાથી તે આપતા નથી. બાકી અનાદિમુક્તનું પૃથ્વી પર આગમન જ બીજા જીવોને એ સુખ પમાડવા સહાય કરવા માટે હોય છે. આથી જે જીવની જેવી અને જેટલી પાત્રતા તેને તેવું અને તેટલું સુખ આપે છે. પાત્રતા વગર આપે તો જીવથી જીરવાય નહિ. અનાદિમુક્ત શું ન કરી શકે? તેઓ તો મહારાજનું સુખ પીરસવા જ દૃષ્ટિગોચર થયા હોય, પણ આપણે જીવો આ લોકનું માંગી અને તે મળતા રાજી થઈ મુક્ત મહાન છે તેમ કહીએ છીએ, પરંતુ મુક્તની ખરી મહાનતા તેમનું સામર્થ્ય તો ભગવાનની મૂર્તિનું સુખ આપવામાં છે. આપણે બધા જ્યારે એ સુખ પામવા માટેના પ્રયત્નોમાં ખરા અર્થમાં સક્રિય થઈશું ત્યારે મામાના ખરા શિષ્યો કહેવાઈશું.

❋❋❋

## ૩૫

પૂર્ણ સ્થિતિને પામેલા અનાદિમુક્ત સાથે રહેવાથી જીવનમાં નાના-મોટા એવા ઘણા પ્રસંગો બને છે, જેનાથી જીવન જીવવાની સાચી દિશા પ્રાપ્ત થાય, જેનાથી જીવન ઘડતર થાય. એવી નાની બાબતો પણ સેવકોને મોટી વસ્તુ શીખવી જાય. એ જ તો મુક્ત સાથે રહેવાનો લ્હાવો અને લાભ છે.

બળદિયા છત્રી સ્થાનમાં સમૈયો હોય ત્યારે મોટે ભાગે મામા ત્યાં હાજર રહે અને ત્યાં હોય ત્યારે અચૂકપણે તેમનો ઉતારો ચાર નંબરના ઉતારામાં જ હોય. એવે સમયે સેવકોને મામાની વધુ નજીક રહેવાનો લહાવો મળે. સેવા કરવાનો અવસર મળે અને સાથે-સાથે વ્યક્તિત્ત્વવિકાસ તેમ જ જીવના વિકાસ અંગે કેટલુંય શિખવા મળે. એક વખત મામા અને સેવકો ઉતારામાં બેઠા હતા એ વખતે મામાએ એક સેવક પાસે પાણી માગ્યું. સેવક તરત ઊભો થઈ અંદરની રૂમમાંથી ગ્લાસમાં પાણી લઈ આવ્યો. ગ્લાસ હાથમાં લેતાં જ તેને મામાએ કહ્યું, “હાથ ધોઈને પછી ગ્લાસ ભરવો જોઈએ ને?” પોતે હાથ ધોયા વગર પાણી ભર્યું છે તે મામા અંતર્યામીપણે જાણી ગયા, તે વાતથી સેવકને આશ્ચર્ય થયું, પણ પછી કહ્યું, “મામા, મારા હાથ તો સ્વચ્છ જ હતા.” મામા કહે, “મુક્તને તો તમે પોતે જ અશુદ્ધ હો અને પાણી આપો તો પણ તેમને કોઈ મલિનતા સ્પર્શ

કરતી નથી, પરંતુ આ વાત પૂર્ણ મુક્તને જ લાગુ પડે છે. સાધનદશાવાળાએ તો સંપૂર્ણ સ્વચ્છતા રાખવી ઘટે. સ્વચ્છતા મહારાજને પ્રિય છે, એટલે મહારાજને રાજી કરવાના આશયથી પણ સ્વચ્છતા આવશ્યક છે. દેખીતી રીતે તમારા હાથ સ્વચ્છ લાગે, પરંતુ તમે બેઠા હો ત્યારે તમારા હાથ માથામાં ફર્યા હોય કે પગને લાગ્યા હોય કે નાકમાં આંગળી ગઈ હોય તેવા હાથે જ તમે પાણી ભરો તે અશુદ્ધિ કહેવાય. વૈજ્ઞાનિક રીતે પણ તે આરોગ્યપ્રદ ન કહેવાય. તમારા ઉપયોગ માટે કે બીજાના ઉપયોગ માટે તે અશુદ્ધ તો કહેવાય જ. 'Cleanlyness is Godlyness' સ્વચ્છતા પ્રભુને પ્યારી છે. આવી નાની-નાની બાબતોથી જ જીવન સુંદર-સ્વચ્છ અને પ્રભુભક્તિનું પાત્ર બને છે. તેથી નાની બાબતો પ્રત્યે પણ દુર્લક્ષ ન સેવવું.

નાની-નાની બાબતો વિશે પણ ટકોર કરી મામા સેવકોના સંસ્કાર ઘડતર કરતા. આવી બાબતોથી જ આદર્શગુણો અને વ્યક્તિત્વ ખીલે છે.

❋❋❋

## ૩૯

મુક્તરાજ મામા વલ્લભવિદ્યાનગર પધાર્યા છે. સેવકો ખાલી પ્લોટ્સ મામાને બતાવે છે. મામા જ્યાં પધાર્યા છે, ત્યાં ઘણી ખાલી જમીન છે. અને એ ખાલી જમીનના પ્લોટ્સમાં મામા વારાફરતી ફરી રહ્યા છે. જમીનને બરોબર જુએ છે. કેવડી જમીન છે? રોડ કઈ દિશામાં છે? વગેરે વિશે સેવકો સાથે ચર્ચા કરે છે. જમીન જોવાનો આશય મામાનો વિચાર વિદ્યાનગરમાં સંસ્થાનું કેન્દ્ર સ્થાપવાનો છે. અને એ વિચારના અમલીકરણ માટે જમીનો જુએ છે. કેટલાય પ્લોટ્સમાં આંટા મારે છે. કોઈ પ્લોટમાં જઈને થોડીવાર બેસે છે, મહારાજ સંભારે છે, ધૂન બોલે છે. ફરી બીજો પ્લોટ જોવા જાય છે. આમ ઘણા પ્લોટ્સ મામાએ જોયા. તેમાંથી કોઈક પ્લોટ પસંદ પણ પડે છે, પરંતુ પાછું બધું મુલતવી રહે છે. જો કે પછી વિદ્યાનગરમાં સંસ્થાનું કેન્દ્ર કરવાનો વિચાર બંધ રહ્યો. અત્યારે એ પ્લોટ્સમાંના ઘણામાં મકાનો થઈ ગયા છે અને એ મકાનોમાં જે રહે છે તેઓ બધા સુખી અને સમૃદ્ધિવાન છે. ત્યાં રહેનારાઓને તો જાણ પણ નહિ હોય કે આ જમીન પર અનાદિમુક્તના પાવન ચરણો પડ્યા છે. તેઓએ આવી શુભ સંકલ્પ કર્યા છે. જેને કારણે આપણે સુખી સમૃદ્ધિવાન છીએ. ત્યાં જઈને પૂછવાથી કેટલાક લોકો કહે પણ છે કે આ જગ્યામાં ખૂબ જ શાંતિ લાગે છે.

અનાદિમુક્ત પોતે જે જમીન પર ફર્યા હોય જે જમીન પર પોતાના પાવન પગલાં પાડ્યાં હોય તે જમીનના ભાગ્યની તો શું વાત કહેવી? જ્યાં અનાદિમુક્તના પગલાં પડે તે જમીન શુદ્ધ, પવિત્ર બને તેમાં શું કહેવું? પછી તે જમીનના શુદ્ધિકરણ માટે કોઈ પણ પ્રકારના હોમ-હવન કે વાસ્તુ કરાવવાની આવશ્યકતા રહેતી નથી. તેમાં રહેનારા સુખી, સમૃદ્ધિવાન થાય જ તે નિઃસંશય વાત છે. એવું સાંભળવામાં આવ્યું છે કે સ્વામીશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી ઘણાના મુહૂર્ત કાળીચૌદશને દિવસે પણ કરતા, છતાં પણ તેમનો ધંધો કે જેનું પણ મુહૂર્ત કરાવ્યું હોય ત્યાં સહુ ખૂબ સુખી થતા. આથી અનાદિમુક્તના પાવન પગલાં પડે એ જ શુભ મુહૂર્ત અને એ જ શુભ ચોઘડિયું કહેવાય. અનાદિમુક્ત પધારે ત્યારે દિવસ, ચોઘડિયા કે મુહૂર્ત જોવા ન બેસાય. તેઓ આવે તે જ શુભ દિવસ, તે કરે ત્યારનું જ શુભ મુહૂર્ત અને જે સમયે કરે તે જ શુભ ચોઘડિયું બની જાય છે. તેમના આગમન માત્રથી ચોતરફ શુભ જ શુભ થઈ જાય છે.

❋❋❋

## ૩૭

નિર્જલા એકાદશીનો દિન સત્સંગમાં હરિભક્તો માટે મોટો દિવસ ગણાય. એ દિવસે હરિભક્તો વધુ ભક્તિમય બને. પ્રભુસ્મરણ કરી દિવસ પસાર કરે અને જાગરણ કરી ભગવાનનું ભજન-સ્મરણ કરી દિવસ પૂરો કરી પોતાને ધન્ય માને. આવી જ એક નિર્જલા એકાદશીને દિવસે મામા સ્વામી ભગવત્સ્વરૂપદાસજીને આસને પધાર્યા હતા. સ્વામી ભગવત્સ્વરૂપદાસજી એટલે મહાન સંત. સાધુતાના દરેક નિયમ તેઓમાં જીવંત દેખાય. સાધુતાનાં લક્ષણ તેઓના જીવનમાં સહજ રીતે વણાયેલા હતાં. તેઓ મૂર્તિને ફળ કે કોઈ વસ્તુ ધરાવે તો મહારાજ પ્રત્યક્ષરૂપે તે ગ્રહણ કરતા તેવો તેમને મહારાજ પ્રત્યે દિવ્યભાવ રહેતો. તેઓએ પૂર્ણ સ્થિતિ પ્રાપ્ત કરી હતી. અને આ સ્થિતિ તેમને અનાદિ મહામુક્તરાજ બાપાશ્રીએ કરાવી હતી. બાપાશ્રીએ સ્વામીને મહારાજના દિવ્ય વ્યક્તિરેક સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવ્યો હતો. અને સ્વામી તેનું સુખ ભોગવતા હતા. આવા પૂર્ણ સ્થિતિને પામેલા સંત જ્યારે ધામમાં જવાના હતા, ત્યારે સૌના સમાસને અર્થે મામાને કહ્યું હતું કે, "તમે સમાધિ કરી મહારાજને પૂછી આવો કે મને ક્યારે ધામમાં તેડી જશે?" મામા કહે, "તમારાથી શું અજાણ્યું છે?" ત્યારે કહે, "તમે આવી રીતે સમાધિમાં જઈ પૂછી આવો તો લોકોને તમારો

મહિમા થાય, તમારા પ્રત્યે ભાવ થાય તો તેમના જીવનું રૂડું થાય." અને પછી મામા એ રીતે મહારાજને પૂછી આવ્યા હતા અને એ પ્રમાણે જ સ્વામી ધામમાં પધાર્યા હતા.

આવા મહાન સંતના આસને મોટી એકાદશી હોવાથી મામા દર્શને પધાર્યા હતા. મામા દર્શન કરી સ્વામીને પગે લાગી બેઠા. સ્વામી કહે, "મુક્તરાજ, તમારે પગે લાગવાનું ન હોય તમારે તો ભેટવાનું હોય." એમ કહી સ્વામી રાજી થઈ મામાને ભેટ્યા. સ્વામીએ મામાને પૂછ્યું, "કાંઈ ફરાળ કર્યું છે?" મામા કહે, "આજે તો નિર્જલા એકાદશી છે, એટલે ફરાળ ક્યાં કરવાનું જ છે?" સ્વામી કહે, "એ બીજા માટે છે, જે સાધનિક છે. તમે તો પૂર્ણ છો, તમારે ક્યાં કોઈ સાધન કરવાના બાકી છે? પૂર્ણ સ્થિતિ પ્રાપ્ત કરેલા માટે આવા વ્રત ઉપવાસની ક્યાં આવશ્યકતા છે? હા, બીજાના સમાસ અર્થે તમે ક્યારેય કાંઈ ગ્રહણ નથી કરતા એ જુદી વાત છે, પરંતુ આજે મોટી એકાદશી છે તો મારું વચન માની મહારાજને થોડું જમાડો તો મહારાજ અને હું બંને રાજી થઈએ." મામાએ ના પાડી છતાં સ્વામીએ ઘણો આગ્રહ કરતાં તેમનું વચન માની થોડું ફરાળ કરવા બેઠા. અને એવે સમયે જ એક હરિભક્ત સ્વામીના દર્શને આવ્યા. મામાને ફરાળ કરતા જોઈ તેમને સંકલ્પ થયો. સ્વામી પાસે આવી સ્વામીને ફરિયાદ કરવા લાગ્યા કે સ્વામી, "આ નારાયણભાઈ આમ તો ભગવાનના મોટા ભક્ત છે. બહુ ધ્યાન-ભજન કરનારા કહેવાય છે અને

આજે એકાદશીને દિવસે ફરાળ કરે છે? એક દિવસ રહી ન શક્યા?" આવું સાંભળી સ્વામી જરા અકળાયા. હરિભક્તને કહે, "તે કોણ છે તેનાથી તું અજાણ છે. એમની સ્થિતિ તારી સમજની બહાર છે. હું સમજાવીશ છતાં તું સમજી નહિ શકે. તારી બુદ્ધિ સીમિત છે. માટે તું આવા સંકલ્પ કરે છે. જો સાંભળ હું તને સમજાવું. બાપાશ્રીએ તેમની વાતોમાં કહ્યું છે જ્યારે કૂવો ખોદવો હોય, ત્યારે ઘણા સાધનોની આવશ્યકતા પડે છે. કોદાળી, પાવડો, તગારું વગેરે અને જ્યારે કૂવો ખોદાઈ રહે અને પાણી મળતું થાય પછી ખોદકામ માટેના બધા સાધનોનો ત્યાગ કરી દઈ તેને બાજુએ મૂકી દઈએ છીએ. તેમ એકાદશી જેવા વ્રત-ઉપવાસ એ બધા સાધન છે. એકાદશી કેવી રીતે કરાય તેનો સૂક્ષ્મ અર્થ તને ક્યાં ખબર છે? એકાદશી એટલે ફક્ત ઉપવાસ કરી જ્યાં-ત્યાં ભટકી ઇંદ્રિયોને તેના આહાર આપ્યા કરવાથી વ્રતની ફળશ્રુતિ નથી. એકાદશી એટલે દસ ઇંદ્રિયો અને અગિયારમું મન તે બધાને એ દિવસે સંયમમાં રાખી ઇંદ્રિયોને ભગવાન તરફ વાળી અને નિયમમાં રાખવી અને એમ કરતાં તે સંયમિત જીવન એક દિવસનું ન રહેતા સદાયનું બને તેવા પ્રયત્ન કરવા અને પ્રભુપ્રાપ્તિના માર્ગમાં ઊર્ધ્વીકરણ કરવું. એ એકાદશીનો સાચો અર્થ છે. હવે આવી એકાદશી કોણે કરવી જોઈએ? જેને ઇંદ્રિયો અને મન પોતાના કહ્યામાં ન હોય, ભગવાન તરફ વળ્યા ન હોય તેવા માટે મહારાજે આ વ્રત-નિયમો લખ્યા છે, પરંતુ જે પૂર્ણ હોય જેને પૂર્ણ સ્થિતિ પ્રાપ્ત

હોય, જેઓ પૂર્ણકામ હોય તેને આવા સાધનોની ક્યાં આવશ્યકતા છે? કૂવો ખોદાઈ રહ્યા પછી ખોદાઈના સાધનોની શું જરૂર? તેવી જ રીતે જેને પ્રભુ પ્રાપ્તિ થઈ રહી તેને પ્રભુપ્રાપ્તિના સાધનોની આવશ્યકતા રહે ખરી? નારાયણભાઈને તું ઓળખતો નથી, એટલે આવા સંકલ્પ કરે છે. એ તો મહારાજના અનાદિમુક્ત છે. પૂર્ણકામ છે. તેમને કોઈ સાધન કરવાના બાકી રહ્યા નથી. મહારાજના વ્યતિરેક સ્વરૂપના દર્શન કરી તેના સુખનો અખંડ અનુભવ કરે છે. એકાદશી વગેરે વ્રત-નિયમો તારા જેવા માટે છે. કારણ તું સાધનિક છે. માટે મહારાજે કહેલા દરેક વ્રત-નિયમો તારે કરવા જરૂરી છે. તેમાં તારે પ્રમાદ ન કરાય. પણ જે સિદ્ધ છે તેમને તેની આવશ્યકતા નથી. છતાં તેઓ બીજાના સમાસને અર્થે દરેક વ્રત-નિયમ પૂર્ણપણે પાળે છે, પરંતુ આજે મહારાજને અને મને રાજી કરવા મારા વચને તેઓ ફરાળ કરવા બેઠા છે. આ પૂર્ણ મુક્ત પ્રત્યે સંકલ્પ કરીશ તો તેમનો અપરાધ થશે અને જીવનું બગડશે. માટે જેને બરાબર ઓળખતા ન હોઈએ, વાત જાણતા ન હોઈએ અને સંકલ્પો કરવા મંડી ન પડવું! હવે તેમની પાસે જઈ તેમની માફી માંગી તેમને રાજી કર. કારણ કે તેં મને જે વાત કહી, તેઓ ત્યાં બેઠા જાણી ગયા છે. મોટા દયાળુ હોય માફી માગનાર પર રાજી થઈ ગુનો માફ કરે છે.”

મામાનો મહિમા સાંભળી હરિભક્ત અવાચક થઈ ગયો. કહે, “નારાયણભાઈ તો કેવા સાદા અને સરળ

દેખાય છે. તેમને જોઈને કોઈ જાણી પણ ન શકે કે તેઓ આવી ઉચ્ચ સ્થિતિ ધરાવનારા મહારાજના અનાદિમુક્ત છે." સ્વામી કહે, "સાચા મુક્ત આવા જ હોય તેમને કોઈ બાહ્યાડંબર કે માન, મોટપ મળે તેવું ન હોય, છતાં તેમને આદર આપી તેમનું સન્માન કરવું આપણી ફરજ બને છે. કારણ કે તેમની સાથે સદાય મહારાજ હોય છે. આથી તેમનું સન્માન તે મહારાજનું જ સન્માન છે. નારાયણભાઈ તો પોતાનું સામર્થ્ય બહુ ઢાંકીને વર્તે છે. કોઈને જણાવા દેતા નથી. જે તેમને ઓળખે તે જ તેમને જાણી શકે. બાકી બીજાને ખ્યાલ પણ ન આવે." આવું સાંભળી હરિભક્ત તરત ઊભા થઈ મામા પાસે ગયા અને હૃદયના ખરા ભાવથી મામાની માફી માગી કે "આપનો મહિમા હું જાણતો ન હોવાથી મને સંકલ્પ થયો. મારો અપરાધ માફ કરો અને મારા પર રાજી થાઓ. મારા જીવનું રૂડું થાય તેવા આશીર્વાદ આપો તેવી મારી આપને ગદ્‌ગદ કંઠે પ્રાર્થના છે." મામાએ હરિભક્ત પર રાજી થઈ આશીર્વાદ વરસાવ્યા. હરિભક્ત પણ આજે પોતાની મોટી એકાદશી સાચા અર્થમાં ફળી તેમ જાણી રાજી થયા.

❋❋❋

## ૩૮

સંપ્રદાયમાં બંને ગાદી સ્થાનમાં મામાને મોટેભાગે બધા ઓળખે. મામા મોટા મુક્ત છે અને મહારાજને જેમ છે તેમ ઓળખે છે. અને મહારાજનું અખંડ સુખ ભોગવે છે તેવું મોટાભાગના જાણે. અમદાવાદ ગાદી સ્થાનમાંથી સ્વામિનારાયણ નામનું સામાયિક બહાર પડે છે. તેમાં એક વખત સર્વોપરી ઉપાસના પર લેખ લખવાનો વિચાર થયો. પ.પૂ.ધ.ધૂ. આચાર્યશ્રી તથા કમિટી મેમ્બરની મીટિંગ બોલાવાઈ અને ચર્ચા થઈ કે આ વિશે સારામાં સારો લેખ કોણ લખી શકે? વિચાર કરતાં સર્વાનુમતે એવું નક્કી થયું કે અનાદિમુક્ત નારાયણભાઈ સિવાય ઉપાસના વિશે કોઈ સારામાં સારો લેખ લખી નહિ શકે. આથી બધાએ મામાને વિનંતી કરી. મામાએ વિનંતી સ્વીકારી અને 'સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ અને વિશ્વધર્મ' એ શીર્ષક હેઠળ સુંદર લેખ લખી આપ્યો. જે તેઓએ વિશેષાંકમાં છાપ્યો. પૂર્ણ મુક્ત જ્યારે કાંઈ લખે, ત્યારે તે પરફેક્ટ જ હોય. દરેક વાક્ય અને દરેક શબ્દ યથાસ્થાને મૂકાયેલો હોય. કોઈ પણ એક વાક્ય કે શબ્દ વિશે વિચારીએ તો ખ્યાલ આવે કે અહીં તેમણે વાપરેલો શબ્દ જ યોગ્ય છે. તેના સિવાય બીજો શબ્દ હોઈ જ ન શકે! આવું મામા દ્વારા લિખિત બીજા પુસ્તકોમાં પણ જણાશે. એ લેખ વાંચી પૂ. આચાર્ય મહારાજશ્રી પણ ઘણા રાજી થયા હતા. એ લેખ લખાયા

બાદ બંને દેશોમાં ઉપાસના શુદ્ધિ થઈ અને હરિભક્તો મહારાજને સર્વોપરી સમજતા થયા.

આ લેખ અત્યંત સુંદર અને સર્વેને ઉપયોગી થાય તેમ હોવાથી શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન દ્વારા ‘સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ અને વિશ્વધર્મ’એ શીર્ષક હેઠળ જ તેને પુસ્તિકારૂપે બહાર પડાયું, જેથી અનેક લોકો તેનો લાભ લઈ શકે.

કેવળ કૃપા કરી જીવોના ઊર્ધ્વીકરણ અને કલ્યાણ માટે જ જેમનું પૃથ્વી પર આગમન હોય તેઓ જીવોના કલ્યાણ અર્થે કાંઈ લખે તે જીવોને અસર કરે જ. તેમનો સંકલ્પ કાર્ય કરે જ. ઉપાસના વિશે અનાદિમુક્ત દ્વારા લખાયેલા લેખથી ઉપાસના શુદ્ધ થઈને ફેલાય જ તે સહજ છે.

❋❋❋

## ૩૯

બાપાશ્રીની વાતોમાં અનાદિમુક્તના લક્ષણ વાંચીએ તો જાણ થાય કે, બાપાએ કહ્યું છે કે અનાદિમુક્ત હોય તે કોઈને આયુષ્ય હોવા છતાં તેની ઇચ્છા હોય તો જીવને ધામમાં મૂકી દે. અને કોઈને આયુષ્ય ન હોય છતાં રાખી પણ જાય. અનાદિમુક્તના એ ગુણની સાક્ષી પૂરતો એક પ્રસંગ અહીં પ્રસ્તુત છે.

મામાને ત્યાં સેવામાં રહેલ એક સેવકના દીકરાને મેનેનજાઈટીસ થઈ ગયો હતો. ડૉક્ટરોએ દીકરાના બચવાની આશા છોડી દીધી હતી. તેઓએ હાથ ઊંચા કરી દીધા હતા. આવું થતાં સેવક ખૂબ ચિંતિત થઈ જઈ મામા પાસે આવ્યો. મામાને બધી વાત કરી. વાત કરતાં સેવક ગળ-ગળો થઈ ગયો. મામાને કહે, “હવે આપ જ કાંઈ કરો. ડૉક્ટરો કાંઈ કરી શકે તેમ નથી.” મામા કહે, “તારા દીકરાનું આયુષ્ય છે નહિ, માટે મહારાજ તેને તેડી જશે. આપણે ભગવાનની મરજીમાં રાજી રહેવું.” આવું સાંભળતાં સેવક શૂન્યમનસ્ક થઈ ગયો. તેને થયું હવે નક્કી દીકરો ધામમાં જશે. એ વખતે બીજા સેવકો પણ મામા પાસે હતા તેઓએ મામાને કહ્યું, “મામા, સેવક મિશનની તથા આપની ઘણી સેવા કરે છે. તેને એક જ દીકરો છે જે જતો રહે તો સારું ન કહેવાય. દીકરાનું આયુષ્ય ભલે પૂરું થઈ ગયું હોય, પરંતુ તમારે કાંઈક તો કરવું પડશે. તમે એને બચાવી લો. આપ તો સમર્થ છો, દયાળુ છો,

ઘણી વખત આપે જીવોને આયુષ્ય વધારી જીવાડ્યા છે. આ તો આપનો સેવક છે. સાચા ભાવથી સેવા કરે છે. આના દીકરાને આપે આયુષ્ય બક્ષવું પડશે.” આમ બંને સેવકોએ મામાને ઘણી પ્રાર્થના કરી. થોડીવાર મામા આંખો બંધ કરી બેસી રહ્યા. પછી કહે, “સારું, તમે આટલી બધી પ્રાર્થના કરો છો તો હું અને તમે આપણે બધા મહારાજને પ્રાર્થના કરીએ કે દીકરાને આયુષ્ય આપી જીવાડે અને નીરોગી કરે.” આમ કહી થોડીવાર આંખો બંધ કરી પોતે પ્રાર્થના કરી. સેવકોએ પણ મહારાજને પ્રાર્થના કરી. આમ થતાં દીકરાના પિતાને થોડી હિંમત આવી ને આશ્વાસન મળ્યું. તેને વિશ્વાસ આવ્યો કે ડૉક્ટરે ભલે જેમ કહ્યું હોય તેમ પણ મારો દીકરો હવે ચોક્કસ બચી જશે. મહારાજને પ્રાર્થના પહોંચી ગઈ છે. અને મહારાજ મામાની પ્રાર્થના સાંભળે જ છે.

પ્રાર્થના થઈ અને આશીર્વાદ મળતાં દીકરો સાજો થઈ ગયો. આવો ચમત્કાર જોઈ ડૉક્ટર પણ આશ્ચર્ય પામ્યા. સેવકને કહે, “તમારા ગુરુજી નક્કી કોઈ મહાન પુરુષ છે. નહિ તો આમ કોઈને બચી જતાં અમે જોયો નથી. અત્યારે પણ એ દીકરો સ્વસ્થ છે અને હવે તે પોતે પણ મિશનની સેવા કરે છે.”

❋❋❋

# ૪૦

શ્રીજીમહારાજના અનાદિમુક્ત મહારાજની મૂર્તિનું અખંડ સુખ ભોગવતા થકા શ્રીજીમહારાજમાં રસબસ હોવાથી મહાપ્રભુજીની જેમ તેઓમાં પણ શ્રીજીમહારાજના પ્રતાપે એવું સામર્થ્ય હોય છે કે તેઓ ધારે તે કરી શકે, સંકલ્પ કરે તેમ થઈ જાય અને આશીર્વાદ આપે તે ફળે. આવું સામર્થ્ય મુક્તમાં સહજ હોય છે. તેઓએ તો માત્ર સંકલ્પ કરવાનો હોય છે અને કાર્ય સફળ થઈ જાય છે કે પરિસ્થિતિ પલટાઈ જાય છે. સળંગ મૂર્તિમાં રહી સુખ ભોગવનારા જ્યારે આશીર્વાદ આપે, ત્યારે આ લોકની દૃષ્ટિએ અશક્ય લાગતી બાબત પણ શક્ય બને છે. જેને સામાન્ય જીવો ચમત્કારમાં લેખે છે, પરંતુ મુક્ત તો ફક્ત જીવોને દુઃખી ન દેખી શકવાના પોતાના સ્વાભાવિક ગુણને કારણે શુભ સંકલ્પ કરી આશીર્વાદ વરસાવી તેમનું દુઃખ દૂર કરે છે. આવી જ બાબતનો એક પ્રસંગ અહીં પ્રસ્તુત છે.

એક હરિભક્ત ભગવાનનું ભજન ઘણું સારું કરતા. ધ્યાન-ભજન-ભક્તિ વગેરે પ્રભુ પરત્વેની ઘણી સાધનાઓ કરતા, ધ્યાનની મૂર્તિ મામાના આશીર્વાદથી તેમને સિદ્ધ હતી, પરંતુ કમનસીબે તેમને લોહીના કેન્સરનો રોગ થયો હતો. આ દરદથી તેઓ વર્ષોથી પીડાતા હતા. ભગવાનની પ્રસન્નતાના વિશેષ સાધનો કરતા હોવાથી મામા તેમના પ્રત્યે હેત જણાવતા ને અવાર-નવાર ભક્તની ખબર જોવા

તેમના ઘરે આવી મહારાજના મહિમાની વાતો કરી ભક્તને હિંમત આપે. આવા વચનોથી ભક્ત વધુ ને વધુ પ્રભુ તરફ વૃત્તિ રાખતા જાય. આવી જ રીતે એક વખત મુક્તરાજ મામા હરિભક્તને ઘરે પધાર્યા. મહારાજની આરતી ઉતાર્યા બાદ મામાએ ભક્તને પ્રસાદી આપી. ભક્તે આંખે અડાડી બાજુમાં મૂકી દીધી. મામાએ આ જોઈ પૂછ્યું, "કેમ આમ ભક્તરાજ?" હરિભક્ત કહે, "મામા, આપના હાથની પ્રસાદી તો ભાગ્યશાળીને મળે, પરંતુ અત્યારે આ પ્રસાદી ગ્રહણ કરવા હું સમર્થ નથી." મામાએ કારણ પૂછતાં ભક્તે જણાવ્યું, "મારે અમુક દાંત પડી ગયા છે અને જે છે તે હલે છે ને તેમાં બહુ દુઃખાવો થાય છે જેથી કાંઈ જમી શકાતું નથી." મામા ભક્ત પાસે આવ્યા અને પોતે ભક્તના એકે-એક દાંતને અડીને જોયું પછી કહે, "આ બધા તો અડી જ રહ્યા છે. તમે અત્યારે જમો છો કઈ રીતે?" ભક્ત કહે, "હમણાં ઘણા સમયથી પ્રવાહી ઉપર જ છું. જમી શકાતું નથી." મામા કહે, "આ તો બહુ તકલીફ કહેવાય. ફક્ત પ્રવાહી લેવાથી તો શરીર અશક્ત થઈ જાય. આમ પણ તમારું શરીર નબળું જ છે. તમે દાંત પડાવી નાંખોને." ભક્તે દિલગીરી સાથે જણાવ્યું, "તેમાંય મહારાજની મરજી હોય તેમ જણાતું નથી. ડૉક્ટરો મારા દાંત પાડતા ગભરાય છે. અને મારે પણ ઘણી હેરાનગતિ ભોગવવી પડે છે. મારા દાંતના મૂળીયા મજબૂત છે અને લ્યૂકેમિયા હોવાથી ડૉક્ટર કેસ હાથમાં લેતા નથી. આ દરદમાં એક વખત શરીરના કોઈ પણ ભાગમાંથી લોહી નીકળવું શરૂ થાય પછી જલદી બંધ ન થાય. થોડા વખત

પહેલાં એક દાંત પડાવ્યો હતો ત્યારે દિવસો સુધી લોહી બંધ નહોતું થયું ને એક દાંત પાછળ જ હજારો રૂપિયા ખર્ચાઈ ગયા હતા. આથી મારી પણ હવે દાંત પડાવવાની હિંમત થતી નથી." મામા વાત સાંભળી થોડીવાર આંખો બંધ કરી બેસી રહ્યા. પછી બોલ્યા, "તમને દાંતની તકલીફ તો ઘણી છે. આને પડાવવા તો પડે જ. એના વગર ખોરાક કઈ રીતે લઈ શકાય? તમે વડોદરામાં ડૉક્ટર હોમી ગઝદર છે તેમની પાસે જજો. તેમને મારું નામ આપજો. તેઓ તમારા દાંત પાડી આપશે. ભગવાન સૌ સારા-વાના કરશે." મામા હરિભક્તને આશીર્વાદ આપી ગયા.

હરિભક્ત તો પહોંચ્યા વડોદરા. કાંઈ વાત થાય એ પહેલાં ડૉક્ટરે બધા રિપોર્ટ જોવા માગ્યા. રિપોર્ટ જોઈ કેસ હાથમાં લેવાની એણે ના જ પાડી દીધી. કહેવા લાગ્યા, "આટલા બધા દાંત પાડું તો-તો આ મરી જ જાય, આમનું લોહી બંધ ન થાય. તમારે આ દુઃખ સાથે જ જીવવું પડશે. કોઈ ડૉક્ટર તમારા દાંત પાડી નહિ આપે. હરિભક્ત ધીરે રહીને બોલ્યા, તમારી વાત સાચી છે. તમે મારી વાત સાંભળો પછી નિર્ણય કરજો. મને પણ ખબર છે કે મારાથી આ દરદને કારણે દાંત ન પડાવી શકાય. અને કોઈ ડૉક્ટર આ કામ ન કરે. સિવાય તમારા. તમે જ આ કામ કરી શકશો. કારણ કે મને અમદાવાદવાળા પૂજ્યશ્રી નારાયણભાઈએ આશીર્વાદ આપી આપની પાસે મોકલ્યો છે. અને કહ્યું છે કે, આપ ઘણા કુશળ ડૉક્ટર છો અને તમે મારા દાંત પાડશો તો મને કાંઈ નહિ થાય." મામાનું

નામ સાંભળતાં જ ડૉક્ટરના ચહેરા પર ચમક આવી ગઈ. તરત જ તેમણે મામાના ખબર અંતર પૂછ્યા.

આ ડૉક્ટર જાતે પારસી, પણ અનાદિમુક્ત મામાનો મહિમા બહુ જાણે. તેમને મામાના આશીર્વાદ ફળ્યા હોવાથી જ મામાને બહુ મોટા દિવ્ય પુરુષરૂપે જુએ. હરિભક્તે મામાનો ઉલ્લેખ કર્યો એટલે હસતા-હસતા કહે, “ઓ...હો તો એમ કહોને કે તમે તેમના આશીર્વાદરૂપી કવચ પહેરીને જ આવ્યા છો. તેઓના આશીર્વાદ તમારી સાથે છે. એટલે હું તમારા દાંત પાડવા પ્રયત્ન કરીશ. તેમના આશીર્વાદ હોવાથી તમને કાંઈ થવાનું નથી, છતાં હું એક-એક દાંત જ પાડીશ અને એક દાંત પાડ્યા પછી ચાર-પાંચ દિવસ જવા દઈ પછી બીજો દાંત પાડીશ. જેથી લોહી બંધ થાય છે કે નહિ તે ખ્યાલ આવી જશે.” હરિભક્ત કહે, “હું તમારી મૂંઝવણ સમજી શકું છું અને હું પણ તેમના કહેવાથી જ આપની પાસે આવ્યો છું.”

પ્રક્રિયા શરૂ થઈ એક દાંત પાડ્યો. થોડા દિવસના વિરામ બાદ બીજો-ત્રીજો શરૂઆતમાં વધારે દિવસોનું અંતર રાખ્યું. પછી લોહી ન નીકળતાં ડૉક્ટર અને ભક્ત બંનેને હિંમત આવી. પછી તો એક દિવસના અંતરે દાંત પાડ્યા. આમ કુલ વીસથી બાવીસ દાંત પાડ્યા. ડૉક્ટર પણ નવાઈ પામી ગયા. હરિભક્તને કહે, “મોટા પુરુષના આશીર્વાદ આવો ચમત્કાર સર્જી શકે છે. તમે જોયુંને સામાન્ય માણસના દાંત પાડતાં જેટલું લોહી નીકળે એટલું લોહી પણ તમારા દાંત પાડતાં નીકળતું નથી. કોઈ બીજાના મોઢે જો મેં આ વાત સાંભળી હોત કે લ્યુકેમિયાના દર્દીને સહેજ

પણ લોહી નીકળ્યા વગર દાંત પાડ્યા તો હું એ વાત ક્યારેય માનત નહિ, પરંતુ આ સ્વાનુભવ થવાથી માનવું પડે છે. મુક્તપુરુષ શું ન કરી શકે? તે તમારા દ્વારા બતાવ્યું છે. તમે જાવ ત્યારે મારા પ્રણામ જરૂરથી કહેજો."

ભૌતિક વિજ્ઞાનના હાથ જ્યાં હેઠા પડે છે, ત્યાં મહારાજના અનાદિમુક્ત આશીર્વાદ આપી ચમત્કાર સર્જે છે અને આવા ચમત્કારો માટે કોઈ સ્પષ્ટીકરણ હોતું નથી. તે બસ થઈ જાય છે.

❋❋❋

## ૪૧

બાપાશ્રીનો સાર્ધશતાબ્દી મહોત્સવ ઉજવવાનો હોવાથી મામા પોતે ઉત્સાહથી દરેક બાબતમાં રસ લઈ કાર્ય પાર પાડતા હતા. નાની એવી બાબતોમાં પણ પોતે અંગત રસ દાખવતા. પોતે બધાને એમ કહેતા કે, “મહારાજના અનાદિમુક્તની ઉજવણી કરવાથી મહારાજ વધુ રાજી થાય.” આવું જ્ઞાન બધાને કરે એટલે બીજા બધા પણ ઉત્સાહથી સેવા કાર્યમાં જોડાય. એ વખતે સાથેના સેવકોને આખો દિવસ મામાની સાથે રહેવાનું મળવાથી નાની-નાની બાબતોમાંથી જીવન જીવવાના સારા બોધપાઠો મળી રહેતા. આથી સેવકોને મામા સાથે રહી સેવા કરવાનો ઉત્સાહ બેવડાય.

મહોત્સવમાં બાપાશ્રીની મૂર્તિઓનું પ્રદર્શન તૈયાર કરવાનું હોવાથી મામા મૂર્તિઓ માટેની ફ્રેમ નક્કી કરવા ગયા હતા. સાથે સેવકો પણ હતા. મામા બધી ફ્રેમને ચીવટપૂર્વક જોઈ એ વિશે વિચારતા હતા. ત્યારે એક સેવકે મામાને એક ફ્રેમ બતાવતાં કહ્યું કે, “મામા, આ ફ્રેમ સારી છે. તેનાથી મૂર્તિમાં ડેપ્થ (ઊંડાણ) આવશે.” આવું સાંભળી મામા કહે, “એ વિશે તમે પછી વિચારજો. મૂર્તિમાં તો ડેપ્થ આવશે જ, પરંતુ આપણા જીવનમાં ડેપ્થ આવે તેવું જીવન જીવવું. ભગવાન અને તેમના અનાદિમુક્તનો મહિમા સમજવામાં ડેપ્થ લાવવી જોઈએ. તેમનું જ્ઞાન સમજવામાં ડેપ્થ આવે તો સારું. આપણું કાર્ય કરવામાં, કર્તવ્ય

બજાવવામાં ડેપ્થ આવે એ આપણે જોવાનું. ઉચ્ચ પ્રકારનું જીવન જીવવામાં ડેપ્થ આવે એ અગત્યનું છે. જીવનમાં આ બધા તરફ ડેપ્થ આવે તેવા પ્રયત્નો થવા જોઈએ."

મામાના આવા વચનો સાંભળી સાથે રહેલા સેવકોને શીખવા મળ્યું કે આપણું ખરું કર્તવ્ય શું છે? અને આપણે જીવન કઈ રીતે જીવવું જોઈએ. અને જીવનમાં શું શીખવાનું છે. ફ્રેમ વિશેની વાત કરનાર સેવક તો સાંભળી જ રહ્યો કે નાની અમથી ફ્રેમની વાત પરથી મામાએ જીવનના ડેપ્થની વાત કહી નાખી!

❊❊❊

## ૪૨

સર્વમંગલ સોસાયટીના એક સત્સંગી હરિભક્ત મામાને વિશે બહુ ભાવવાળા, મામાને અનાદિમુક્ત જાણનારા, મામાને વિશે સંપૂર્ણ શ્રદ્ધા રાખનારા. તેમને મનમાં એવી દૃઢ શ્રદ્ધા કે અનાદિમુક્તના જોગ-સમાગમમાં આવનારા જીવનું કલ્યાણ થઈ જાય, તેમના અનેક જન્મોના કર્મો કપાઈ જાય અને જીવ ઊર્ધ્વગતિને પામે. આવું માનતા હોવાથી તેમના મિત્રમંડળમાં બધાને મામાનો મહિમા કહે. તેમને એવી ઇચ્છા રહે કે બધાને મામાના દર્શન કરાવું જેથી તેઓના જીવનું સારું થાય. તેમના એક મિત્ર જૈન હતા તેમને પણ તેઓ મામાનો મહિમા કહે અને આગ્રહ કરે કે તમે એક વખત એ મુક્તપુરુષના દર્શન કરો. માનવું ન માનવું એ પછીની વાત છે. આમ કહેવાથી જૈન મિત્ર મામાના દર્શને આવ્યા. તેમને જોતાં મામાએ અત્યંત રાજીપો દર્શાવ્યો. તેમને મહારાજનો મહિમા કહ્યો. જૈન ભાઈને મામાનું વ્યક્તિત્વ એકદમ પ્રભાવશાળી લાગ્યું. તેમને મનમાંથી એમ થયું કે નક્કી આ મોટા સંત પુરુષ છે અને તેઓ જે કહે છે તે સત્ય વાત છે. મામાએ તેમને કહ્યું, “બધા નામોમાં સ્વામિનારાયણ નામ સ્મરણ વધારે સુખદાયી છે. આથી એ સ્મરણ તમારે કરવું જોઈએ.” મામાએ થોડીવાર વાતો કરી પછી તેમણે રજા માગી. ઊઠતી વખતે મામાએ તેમના મસ્તક ઉપર પોતાના બંને હાથ મૂક્યા અને આશીર્વાદ આપ્યા. સત્સંગી ભાઈ તથા

તેમના મિત્ર બંને મામાની રજા લઈ બહાર આવ્યા, પણ જૈન મિત્રને સ્વામિનારાયણ મંત્ર મનમાં શરૂ થઈ ગયો. થોડીવાર તો એ તરફ તેમનું ધ્યાન ન ગયું, પણ પછી તેમનું ચિત્ત એમાં જ ચોંટી ગયું. ગમે-તે કામ કરે 'સ્વામિનારાયણ' નામ મનમાં ચાલ્યા જ કરે. તેમને ન કરવો હોય છતાં અખંડ મંત્ર ચાલ્યા જ કરે. જે મેળવવા જીવ અથાગ પ્રયત્ન કરે છે. કેટલાય સાધનો કરે છતાં જે હાથ ન લાગે તે મામાના આશીર્વાદથી આમને અખંડ શરૂ થઈ ગયો. આવું થતાં તેમને બહુ નવાઈ લાગી. તેમને થયું આ શું થાય છે? મારે નામ રટણ નથી કરવું છતાં આપોઆપ થયા કરે છે! આ તો અચરજકારી બીના કહેવાય! નામ રટણ કેટલાય દિવસ સુધી તેમના મનમાં ચાલ્યા કર્યું. જેથી મામાને વિશે તેમને અનહદ દિવ્યભાવ થઈ ગયો કે નક્કી આ કોઈ મોટા સંત પુરુષ છે. મારા માથે હાથ મૂકતાં જ મને અખંડ જાપ થવા લાગ્યો. પછી તો તેઓ સાચા સત્સંગી થયા ને તેઓ મહારાજનું ધ્યાન કરી એ તરફ પ્રગતિ સાધવાના પ્રયત્નો કરવા લાગ્યા. જીવનું ભલું શેમાં છે તે રસ્તો તેમને હાથ લાગી ગયો હતો. જીવનમાં કરી-કરીને આ જ કરવાનું છે તે વાત તેમને સમજાઈ ગઈ હતી. જીવનમાં તેમને અનેક વ્યાવહારિક, આર્થિક, કૌટુંબિક એવી ઘણી મુશ્કેલીઓ આવવા છતાં તેઓએ મામાનો મહિમા અને સત્સંગ બરાબર જાળવી રાખેલો અને એ વિશ્વાસ અને શ્રદ્ધામાંથી તેઓ ક્યારેય ડગ્યા નહોતા.

જે મુમુક્ષુ જીવ હોય પછી ભલે તે ગમે તે ધર્મ

પાળતો હોય કે ગમે તે સંપ્રદાયનો હોય અનાદિમુક્ત તરફ આકર્ષાયા વગર રહે નહિ. અને મુક્ત પણ તેને મુમુક્ષુત્ત્વ પ્રાપ્ત કરવા સહાય કરતા હોય છે, જેથી તેઓ એ માર્ગે આગળ વધી શકે.

❊❊❊

## ૪૩

અનાદિમુક્ત સૂક્ષ્માતિસૂક્ષ્મ બાબતને પણ ભગવાનલક્ષી કરી બતાવી જીવને ભગવાન તરફ વાળવાની જ વાત કરે. આવી જ એક નાની બાબત, પરંતુ મુક્તરાજ મામાએ એ નાની બાબતમાં કેવડું મોટું આધ્યાત્મિક રહસ્ય સમાયેલું છે તે સમજાવ્યું.

વાત ત્યારની છે જ્યારે આપણા દેશના નેતા મોરારજીભાઈ જીવિત હતા. તેઓ ઘણા બુદ્ધિશાળી હતા. અને ખૂબ સાદું, સરળ અને નૈતિક જીવન તેઓ જીવ્યા. દેશના લોકોને તેમના પ્રત્યે ઘણો આદરભાવ. તેઓ ગુજરી ગયાના થોડા સમય પહેલાં તેઓએ એવી વાત કરી હતી કે, “મને હવે લૌકિક કે બીજી કોઈ પણ જાતની સ્પૃહા રહી નથી. હું બિલકુલ નિઃસ્પૃહ થઈ ગયો છું. મને શેમાંય આસક્તિ જણાતી નથી.” આવી વાત કર્યાના થોડા સમયમાં જ તેઓ ગુજરી ગયા. છાપામાં તેમની આ વાતના ઘણા વખાણ થયા. તેઓ મહાન આત્મા હતા. બધી બાબતો પ્રત્યેથી તેઓ નિઃસ્પૃહ અને નિરાસક્ત બની ગયા હતા. તેમના આ ગુણના વખાણ કરતા મોટા લેખો છપાયા. સેવકે મામાને તેમના આ ગુણ વિશે પૂછ્યું ત્યારે મામાએ તેનો ઉત્તર આપતાં કહ્યું, “તેઓ મહાન હતા સાચી વાત છે, તેઓ સાદું, સરળ અને નૈતિક જીવન જીવ્યા તે પણ ઘણી સારી વાત કહેવાય. આ દેશના સારા નેતાઓમાંના તેઓ એક હતા તે પણ ખરું છે, પરંતુ પોતે સદંતર નિઃસ્પૃહ થઈ ગયા છે અને તેઓને ક્યાંય આસક્તિ નથી એવી જે તેમની સમજણ હતી તે બરાબર

નહોતી. જીવને ભલે લૌકિક પદાર્થમાં સ્પૃહા કે આસક્તિ ન રહે, પરંતુ ભગવાન પ્રત્યે અનુરાગ, પ્રભુ પ્રત્યે પ્રેમ, એ વ્હાલા પ્રત્યે આસક્તિ અને સ્પૃહા તો હોવી જ જોઈએને! મહાપ્રભુજી પ્રત્યે પ્રેમ કર્યા વગર તેમના અનંત સુખોની પ્રાપ્તિ કઈ રીતે થાય? પ્રભુ પ્રત્યે રાગ, આસક્તિ રાખ્યા વગર તેમની સાથે એકતા થવી અશક્ય છે. પ્રભુ સાથેની સ્પૃહા વગર કે પ્રભુ પ્રત્યે અનુરાગ કેળવ્યા વગર કોઈ તેમના સુખને પ્રાપ્ત કરી શક્યું નથી. એટલે ક્યાંય આસક્તિ ન હોવી કે શેનીયે સ્પૃહા ન હોવી તેવી સમજણ તો ચૈતન્યને બ્રહ્મસુષુપ્તિમાં લીન કરી નાંખે છે. પછી એ જીવને પૂર્ણ પ્રાપ્તિ થતી નથી. છાપાવાળા ભલે તેમના વખાણ કરે, પરંતુ આવી સમજણ તેમને પૂર્ણ પ્રાપ્તિ નહિ કરાવે. ચાલો આપણે સૌ શ્રીજીમહારાજને પ્રાર્થના કરીએ કે તેમને સારી જગ્યાએ બીજો જન્મ આપે ત્યારે તેમને ભગવાનની સાચી સમજણ પ્રાપ્ત થાય. જેથી તેઓ પ્રભુ પ્રાપ્તિના સાધન કરી આધ્યાત્મિકતાના સાચા પથ પર ડગ માંડી પ્રગતિ કરે." મામાએ દયા આણી એ જીવ માટે પણ પ્રાર્થના કરી.

છાપાવાળાઓને આવા રહસ્યોની ક્યાંથી ખબર હોય? તેઓને તો નિઃસ્પૃહ અને નિરાસક્ત એ બે સારા શબ્દો જણાયા એટલે વખાણ કરતા લેખો લખી નાંખ્યા. પણ એ ખબર ન પડી કે એ વાત પણ ખામીયુક્ત છે.

અનાદિમુક્ત ન સમજાવે ત્યાં સુધી આવી સૂક્ષ્મ બાબતો સામાન્ય જીવો સમજી શકવા અસમર્થ છે.

❋❋❋

## ૪૪

હરિભક્તના મનમાં આજે આનંદના ઓઘ ઊમટ્યા હતા. હરખમાં ને હરખમાં આમથી તેમ આંટા માર્યા કરતા હતા. વારંવાર બધી વ્યવસ્થા યોગ્ય છે કે નહિ તેની ચકાસણી કર્યા કરતા હતા. બારણે તોરણ બાંધ્યા હતા, ઉંબરે રંગોળી પૂરી હતી, આરતી સુંદર રીતે સજાવીને તૈયાર રાખી હતી. થાળ તૈયાર કરાવી રાખ્યા હતા. આજે કેટલાય વખતની તેમની મનોકામના પૂર્ણ થઈ હતી. ઘણા વખતથી મનમાં ઓરતા હતા કે મામાને મારે ત્યાં થાળ જમાડવા માટે આવવાની પ્રાર્થના કરવી. અને આજે મુક્તરાજે તેમની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો હતો. ગામમાં નાનકડો બ્રહ્મયજ્ઞ હતો અને મામા એ બ્રહ્મયજ્ઞમાં હાજરી આપવા આવવાના હતા. આથી હરિભક્તે મામાને પ્રાર્થના કરી કે આપ ઠાકોર મારે ત્યાં જમાડવાની કૃપા કરશો. મારે ઘણા વખતથી સંકલ્પ રહ્યા કરે છે. આપ રાજી થઈ હા પાડો તો આપની બહુ દયા. મામાએ રાજી થઈ હા પાડી.

ભક્તરાજ તૈયારીમાં લાગી ગયા. કેટલાય સંકલ્પ કરે આ બનાવું કે પેલું બનાવું મામાને શું જમાડી રાજી કરું? મામા તો સાવ થોડું ગ્રહણ કરે છે. અને તેમાં તેમને ન ફાવે તો? પછી વિચાર્યું થોડું-થોડું બનાવરાવવું. મામાને જે ફાવશે તે લેશે, બાકીનું હરિભક્તો જમાડશે. ભક્તે વિવિધ પકવાન બનાવડાવ્યા હતા. કંઈ કેટલાય વખતનો સંકલ્પ

આજે પૂરો થયો હોવાથી ભક્ત એકે વાતે કચાશ રાખવા નહોતા માંગતા.

બ્રહ્મયજ્ઞ પૂરો થયો. મામા તથા હરિભક્તો ભક્તના ઘરે પધાર્યા. ભક્તે બધી તૈયારી રાખી હતી. મામાએ મહારાજની આરતી ઉતારી. ભક્ત મામાને અંદરની રૂમમાં લઈ ગયા. જ્યાં મામા માટે ઠાકોર જમાડવાની વ્યવસ્થા કરી હતી. મામા બેઠા. થાળ આવ્યો. મામાએ પૂછ્યું, “બીજા હરિભક્તોની ક્યાં વ્યવસ્થા કરી છે?” ભક્ત કહે, “મામા, બહાર બધાને આપવાનું શરૂ થઈ ગયું છે.” મામા કહે, “તો વાંધો નહિ. બધાને ખૂબ પ્રેમથી જમાડજો.” થાળ જોઈ મામા કહે, “બીજી ખાલી થાળી લાવો મારે જેટલું જોઈતું હશે તે લઈ લઈશ.” મામાએ જરાક અમસ્તું જ થાળમાંથી લીધું. ભક્ત દિલગીર થઈ વિચારવા લાગ્યા. મામા સદાય આમ આટલો જ ખોરાક લે છે. બીજો કોઈ આમ રહેવા જાય તો દેહ રહે જ નહિ. પરંતુ આજે જો મામા થોડુંક વધારે ગ્રહણ કરે તો સારું. મારો ઓરતો પૂર્ણ થાય અને મને સંતોષ થાય. મહારાજના વખતમાં જેમ સંતો મહારાજને બધું જમાડી દેતા તેમ મામા કરી શકતા હશે કે કેમ? મામા પણ અનાદિમુક્ત જ છે. સદાય મહારાજના દિવ્ય સુખમાં ગુલતાન રહે છે, તો પછી સંતોની જેમ મહારાજને જમાડી શકતા નહિ હોય? પણ પછી તુરત પશ્ચાતાપ કરતા વિચારવા લાગ્યા, કે મારાથી આ કેવો સંકલ્પ થઈ ગયો. કાયમ જરાક જ ખોરાક લે છે તે જ બતાવે છે તેમનો ખોરાક તો મહારાજની મૂર્તિનું સુખ છે. તે સુખે કરીને જ તેમનો આ દેહ ટક્યો છે. પછી

મારાથી કેમ આવો સંકલ્પ થઈ ગયો? મહારાજ મને માફ કરજો મારી ભૂલ થઈ.

ભક્ત વિચારોમાં ખોવાયેલા હતા તેમાં મામાને પીરસવાનું ભૂલી ગયા. એક હરિભક્તે તેમનું ધ્યાન દોર્યું, કે “શું સંકલ્પ કરો છો? મામાને પીરસો તો ખરા.” ભક્ત કહે, “મામા વધારે લેશે?” હરિભક્ત કહે, “તમે પીરસો તો ખરા નહિ જોઈતું હોય તો ના પાડશે.” ભક્ત પીરસવા ગયા. મામા તો આંખો બંધ કરી મહારાજને જમાડતા હતા. ભક્તે ગભરાતા-ગભરાતા થોડું પીરસ્યું. મામા કાંઈ બોલ્યા નહિ. ભક્તને થયું મામાનું ધ્યાન નથી, હશે. મામા મહારાજને જમાડે છે. થોડીવારે થાળી ખાલી જોતાં ભક્તે ફરીથી પીરસ્યું. મામા મહારાજને જમાડતા રહ્યા. ભક્ત રાજી થઈ ગયા. વાહ! મામાએ મારી પ્રાર્થના સ્વીકારી. આજે વધારે ગ્રહણ કર્યું. થોડી-થોડીવારે ભક્ત પીરસતા રહ્યા. મામાએ તો એક પણ વખત આંખો ખોલી જ નહિ. મહારાજને જમાડતા રહ્યા. શરૂઆતનો ભક્તનો ઉત્સાહ હવે આશ્ચર્યમાં પરિણમવા લાગ્યો. હરિભક્ત રાજી થઈ પીરસતા રહ્યા. તેમને મામાના અંતર્યામીપણાનો વધુ એક અનુભવ થયો હતો. ભક્ત આનંદમાં ને આનંદમાં ઉત્સાહથી દરેક પકવાન પીરસવા લાગ્યા. એમ કરતા મામાએ તો ઘણી રસોઈ મહારાજને જમાડી દીધા બાદ આંખો ખોલી હરિભક્તને કહે, “બસ? રાજી? મહારાજે તમારો સંકલ્પ પૂરો કર્યોને?” હરિભક્ત મામાને પગે લાગી કહેવા લાગ્યા, “હા મામા. તમે કાયમ એક જ રોટલી મહારાજને જમાડો છો તેથી મને સંકલ્પ થયો હતો કે

પહેલાના સંતોની જેમ આપનામાં રહી મહારાજ જમતા હશે કે કેમ? પણ આજે હું ધન્ય થઈ ગયો. તમારા દ્વારા મહારાજે આજ થાળ ગ્રહણ કર્યો, હું તો કૃતાર્થ બની ગયો." મામા કહે, "અનાદિમુક્તમાં રહી મહારાજ સદાય જમતા હોય છે. આજે તમને સંકલ્પ થયો તે દયાએ કરીને મહારાજે પૂર્ણ કર્યો." હરિભક્ત કહે, "આપના દ્વારા મહારાજ બધું ગ્રહણ કરે છે તે આજ પ્રત્યક્ષ નિહાળ્યું."

મામા કહે, "હું શું જમ્યો કેટલું જમ્યો મને કાંઈ ખબર જ નથી. જમવું કરવું બધું મહારાજ કરતા હતા." હરિભક્ત મામાના પગમાં પડી જઈ કહે, "મામા, આપે તો આજે મને જીવનના અવિસ્મરણિય દર્શન કરાવ્યા છે. આ દર્શન હું ક્યારેય નહિ ભૂલું." બીજા હરિભક્તો પણ મામાને પગે લાગી પોતાને ધન્ય માનવા લાગ્યા.

❋❋❋

## ૪૫

આદરજ ગામ ધન્ય બન્યું હતું. મુક્તરાજ સોમચંદબાપા અને મુક્તરાજ મામા બંને મુક્તો ગામમાં બિરાજમાન હતા. સવારથી જ લોકસમૂહ જોગ-સમાગમ કરવા ઊમટી પડ્યો હતો. બપોર થતાં સૌ આરામ કરવા પધાર્યા. વૈશાખનો ઉનાળો. તડકો બરાબર જામ્યો હતો. મામાના કોમળ શરીરે આ ગરમી સહન થતી નહોતી. આથી સોમચંદબાપાને દૂરનું વટવૃક્ષ બતાવતા બોલ્યા, “ચાલો આપણે ત્યાં જઈએ. ઝાડ નીચે થોડી ઠંડક લાગશે અહીં તો બહુ ગરમી થાય છે.” મામાએ જે જગ્યા બતાવી તે જગ્યાએ જવાય તેવું ન હતું. બરોબર જગ્યા નહોતી. આથી સોમચંદબાપાએ કહ્યું, “ભાઈ, ત્યાં જવાય તેવું નથી. તમારે લાયક તે જગ્યા નથી.” મામા કહે, “પણ અહીં તો ગરમી બહુ લાગે છે. ઝાડનો પવન આવે તો કંઈક સારું લાગે.” આ લોકની દૃષ્ટિએ સોમચંદબાપા મામા કરતાં ઉંમરમાં મોટા, પણ તેઓ મામાની સ્થિતિ જાણતા. આથી કહે, “ભાઈ, ત્યાં જવાનું રહેવા દઈએ. હું આપને અહીં જ ઠંડક કરી આપું તો કેમ?”

સોમચંદબાપાએ બે-ત્રણ સેવકો બોલાવ્યા. એક ધોતિયું ભીનું કર્યું. ભાઈને કહે, “આપ મહારાજ પોઢાડો.” મામા સૂતા એટલે ખાટલા પાસે ઊભા રહી ભીનું ધોતિયું સામ-સામે છેડે પકડ્યું. એક બાજુ પોતે અને બીજી બાજુ સેવક એમ પકડી ઉપર-નીચે કરવા લાગ્યા જેથી ઠંડી હવા

આવવા લાગી. મામાએ બાપાને તેમ કરવાની ના પાડી છતાં બાપા કરતા રહ્યા. કહે, “હું કરીશ તો આ બધાને તમારી સેવા કરવાનો મહિમા થશે. મને કરવા દો.” આમ કહી પોતે પાછા પવન નાખવા લાગ્યા. મામાએ ઊભા થઈ ફરી ના પાડી એટલે થોડીવાર પોતે પવન નાખી અન્ય સેવકોને કેવી રીતે પવન નાખવો તે શિખવાડ્યું અને એમ સેવા કરતા શિખવ્યું. આવી ઠંડકની રીતથી મામા ઘણા રાજી થયા. કહે, “આ કિમીયો તમે ઠીક શોધી કાઢ્યો.”

આમ સોમચંદબાપાએ સેવા કરવાની રીત શિખવાડી શિખવ્યું કે મુક્તોની તકલીફ ગમે તે રીતે સેવાનો ભાવ સમજી તરત દૂર કરવી. તેમાં બહુ મોટો લાભ મળી જાય છે.

❊❊❊

## ૪૯

અનાદિમુક્તને મહારાજે પોતાની ઇચ્છાથી પૃથ્વી પર મોકલ્યા હોવાથી અને પોતે અનાદિની સ્થિતિને પામેલા હોવાથી પૂર્ણ જ હોય છે. તેઓનું દરેક કાર્ય બધાને પ્રેરણાદાયી હોય છે. આ લોકના જીવો સીમિત બુદ્ધિના હોવા છતાં મુક્તને પોતાની મર્યાદિત બુદ્ધિ દ્વારા, પોતે બનાવેલી વ્યાખ્યા પ્રમાણે મુક્તની ચકાસણી કરવા મથીને પછી તેઓ મુક્ત છે તેવું સર્ટિફિકેટ આપે છે. અને પાછું દરેક જીવોની પોતાની બુદ્ધિ મર્યાદા પ્રમાણેની મુક્ત હોવાની વ્યાખ્યા જુદી-જુદી અને દરેક પોતાની રીતે મુક્તને મુલવવાના પ્રયત્ન કરે.

અનાદિમુક્તનું જીવન સત્‌શાસ્ત્રોમાં કહેલી મુક્તની વ્યાખ્યા પ્રમાણેનું હોય છે. કારણ કે તેઓ પૂર્ણ છે. અપૂર્ણ એવા જીવો વિચારી-વિચારીને પણ શું વિચારવાના? અનાદિમુક્તને એ પ્રમાણેનું જીવન સહજ હોય છે. જીવોની વ્યાખ્યા મુજબનું થવા તેમણે કોઈ યત્ન કરવા પડતા નથી. ધારો કે જીવે ક્ષુલ્લક એવું કાંઈ વિચાર્યું હોય અને એ પ્રમાણે ન થતાં કે ન દેખાતાં જીવ તરત સંકલ્પ કરવા મંડી પડે છે અને પોતાના જીવનું બગાડી બેસે છે. માટે જ બાપાશ્રીએ મુક્ત પાસે પરચા-ચમત્કાર જોવા ઇચ્છવા નહિ એમ કહ્યું છે. આ લોકના જીવોને મુક્તની મહાનતા અમુક ક્ષુલ્લક પરચા-ચમત્કારો જોઈને જ નક્કી થતી હોય છે. એ પરચા-ચમત્કાર પણ પોતે નક્કી કરેલા હોય તેમાંથી કોઈ

એક કરે ત્યારે મુક્ત મહાન, નહિ તો નહિ! આવી ઓછી બુદ્ધિ હોવા છતાં મુક્ત એવા દયાળુ છે કે તેઓના એવા ક્ષુલ્લક સંકલ્પો પણ સત્ય કરે છે, જેથી જીવને તેમનામાં વિશ્વાસ બેસે અને તેનું રૂડું થાય અને તે પ્રભુના પંથે આગળ વધે. કારણ કે મુક્તનો મહિમા સમજાય એટલે મહારાજનો મહિમા સમજાય અને મહારાજનો મહિમા સમજે તેથી તેના જીવની પ્રગતિ થવાની જ છે.

બળદિયા છત્રી સ્થાનના ઉતારા નંબર ચારમાં મામા હરિભક્તો અને સેવકો સાથે બેઠા હતા. તેવામાં કેટલાક હરિભક્તો બહારગામથી મામાના દર્શને આવ્યા. મામાને પગે લાગી બેઠા એટલે મામાએ તેમને કહ્યું, “પહેલાં તમે ઠાકોર જમાડી આવો. પછી રસોડે મોડું થશે. તેઓને પણ પરવારવાનું હોય. ઠાકોર જમાડી પછી અહીં આવજો.” હરિભક્તો રસોડે જમવા ગયા. જમતાં-જમતાં એક હરિભક્તને મનમાં સંકલ્પ થયો કે પહેલાંના વખતમાં જેમ સંતો અંતર્યામીપણું દાખવતા તેવી સામર્થી મામા જણાવતા હશે કે કેમ? આજે તેવું કાંઈક જણાવે તો તેઓ અનાદિમુક્ત છે તેની ખરી ખાતરી મને થઈ જાય. આ છે આ લોકના જીવોના સંકલ્પ. બિચારા પોતાની સામર્થી પ્રમાણે મુક્તની સામર્થી જોવા-જાણવા ઇચ્છે. અલ્યા ભાઈ! અનાદિમુક્ત તો જીવોને સીધા પહોંચાડે અક્ષરધામમાં. એ તેમની સામર્થી છે. શ્રીજીમહારાજે એ કાર્ય માટે તેમને અહીં મોકલ્યા હોય છે. જીવ મહારાજ પાસે પહોંચે એવો પાત્ર બનાવવો, ત્યાં પહોંચવાનો સાચો રાહ દર્શાવી યોગ્ય માર્ગદર્શન આપવું અને જે ખરો મુમુક્ષુ પાત્ર જીવ હોય તેને મહારાજની મૂર્તિના સુખભોક્તા કરવો એ

તેમની મહાનતા અને સામર્થ્ય છે. એ માંગવાને બદલે આવા નાના-નજીવા ચમત્કારો જોઈને જીવ મન મનાવે છે કે, મને ખબર છે તેઓ કેવા મોટા ને મહાન છે!

હરિભક્ત મહારાજના સારા ભક્ત હતા. જમીને જ્યારે તેઓ મામા પાસે આવ્યા, ત્યારે હરિભક્તે કરેલા સંકલ્પની ખાતરી મામાએ તેમને કરાવી આપી. અનાદિમુક્ત આમ કરી તે જીવને પ્રભુ તરફ આગળ વધવાનું બળ પ્રાપ્ત કરાવે છે. મામાએ તેમને પૂછ્યું, “શું જમ્યા?” હરિભક્તોએ દાળ-ભાત-શાક આમ જે જમ્યા હતા તે કહ્યું. મામાએ પાછું પૂછ્યું, “બસ બીજું કાંઈ ખાધું ન હતું?” એટલે ના પાડી. આથી મામાએ કહ્યું, “જમ્યા પછી સ્વામીએ ધાણાની દાળ આપી હતી તે કેમ ભૂલી જાઓ છો?” પછી જેને સંકલ્પ થયો હતો તે હરિભક્ત સામું જોઈ કહે, “કેમ બરાબર છે ને? ધાણાની દાળ ખાધી હતી ને?” જમવામાં શું હતું એ તો ખબર જ હોય, પણ સ્વામીએ ધાણાની દાળ આપી છે તે મામા અંતર્યામીપણે જાણી ગયા તેવું જાણતા હરિભક્ત ઘણા રાજી થયા. મામાને પગે લાગી બોલ્યા, “મામા, મને જ એવો સંકલ્પ થયો હતો કે આપ અંતર્યામીપણું જણાવો તો! અને આપે મારો એ સંકલ્પ સત્ય કર્યો. આપ ખરેખર અનાદિમુકત છો.”

જો મુમુક્ષુ જીવ હોય અને આગળ વધી શકે તેવો હોય તો મામા તેવાના નજીવા સંકલ્પ પણ સત્ય કરી તેને મહારાજના મહિમામાં વધારો થાય તેવું કરતા. જેથી જીવ ભગવાન તરફ વધુ ને વધુ આગળ વધે.

❋❋❋

## ૪૭

આધુનિક ચિકિત્સા પદ્ધતિવાળા હજી હવે સ્પર્શ ચિકિત્સા પ્રત્યે સભાન થયા છે. તેના વિશે સંશોધનો કરવા લાગ્યા છે. માંદા માણસોને સાજા માણસોનો સ્પર્શ થવાથી તેઓ જલદી સાજા થાય છે તેવું માનતા થયા છે. આવું શા કારણથી થાય છે તે તેઓ માટે સંશોધનનો વિષય છે. આધ્યાત્મિક ક્ષેત્રે આ સદીઓથી ચાલતું આવ્યું છે. મોટા-મોટા ઋષિમુનિઓ ફક્ત હાથના સ્પર્શ વડે શારીરિક તકલીફ દૂર કરી શકતા હતા. ઘણા વડીલોએ એ અનુભવ્યું હશે. અન્ય દેવી-દેવતાના આશ્રિતો પાસે આવી શક્તિઓ હોય તો પૂર્ણ પુરુષોત્તમ નારાયણના અનાદિમુક્તમાં એથી અતિ વિશેષ સામર્થ્ય હોવું એ સ્વાભાવિક છે.

ભગવાનના એક બહુ સારા હરિભક્ત. મામાને વિશે હેતવાળા ને મામામાં વિશ્વાસ રાખનારા. હંમેશાં મામાના દર્શને આવે થોડીવાર મામા પાસે બેસે આશીર્વાદ મેળવી પાછા જાય. વયોવૃદ્ધ થતાં તેમને વિચારોની વિચિત્ર બિમારી લાગુ પડી ગઈ. એમાં એમને એવું થતું કે કોઈ એક વ્યક્તિને થોડા વખત પહેલાં મળ્યા હોય પછી એ વ્યક્તિ વિશે વિચારો આવતા જો તે વ્યક્તિનું નામ કે તે વ્યક્તિ વિશેની કોઈ માહિતી તેમને યાદ ન આવે તો જ્યાં સુધી તે વ્યક્તિનું નામ કે તેના વિશેની માહિતી તેમને ન મળે, ત્યાં સુધી તેમને ચેન ન પડે. રાત-દિવસ બસ એ એક જ વિચાર મનમાં ઘોળાયા કરે. એ વિચાર એમના

મન ઉપર એટલો બધો કાબૂ જમાવી લેતો કે મન બીજા વિચારો કરવા અસમર્થ બનતું. જેથી બીજા કોઈ કામ કરી શકે નહિ. આ વિચારો તેમના મન ઉપર કબજો જમાવી લે પછી તેમને રાત્રે ઊંઘ પણ ન આવે. જેથી શરીર થાકી જઈ માંદુ પડી જાય. આવું ત્યાં સુધી ચાલે કે તે વ્યક્તિ ગમે-ત્યાં રહેતી હોય, બહારગામ કેમ ન રહેતી હોય, પૈસા ખર્ચી તેને ઘરે જાય. તે વ્યક્તિનું નામ અથવા તેના વિશેની જે માહિતી તેમને જોઈતી હોય તે પૂછે ત્યારે જ વિચારો બંધ થાય અને બીજું કોઈ કાર્ય તેઓ કરી શકે. આમ કરવામાં શારીરિક તેમ જ આર્થિક ઘસારો પણ લાગતો, છતાં તેઓ ત્યાં જવા મજબૂર થઈ તે વ્યક્તિ પાસે જતા જ. ડૉક્ટરો પાસે આનો ઇલાજ નહોતો એટલે લાઇલાજ થઈ આને સહન જ કરવું પડતું.

આવા જ કોઈ એક વખતે તેઓ મામાના દર્શને આવ્યા અને પોતાની તકલીફની વાત કરી. ત્યારે પણ તેઓ "ચેઈન ઓફ થોટ્સ"થી પીડાઈ રહ્યા હતા. મામાને કહે, "અત્યારે આપના દર્શન કરું છું છતાં મારું મગજ એક વ્યક્તિના નામ પાછળ પડ્યું છે. જે આપના દર્શનનો પૂરો લાભ પણ લેવા દેતું નથી." મામા કહે, "એનું જે નામ હોય તે તમારે તેથી શું? તે નામ ધરાવનારી વ્યક્તિ દુનિયામાં ઘણી હશે. અને તેનું નામ જાણીને પણ શું કરશો?" હરિભક્ત કહે, "મામા, એ વાતથી હું પણ વાકેફ છું. મારે તે વ્યક્તિનું કોઈ કામ નથી અને કદાચ ભવિષ્યમાં મારે તેનું કોઈ કામ પણ નહિ પડે. આ બધું હું મારા મનને સમજાવવા ઘણા પ્રયત્નો કરું છું, પરંતુ મારું મન

બીજા વિચારો કરવા તૈયાર થતું નથી. ઘણા પ્રયત્નો કરવા છતાં હું બીજા કાર્યો કરવામાં નિષ્ફળ જાઉં છું. એ ભાઈને મળીને તેમનું નામ જાણીશ પછી જ મને માનસિક શાંતિ મળશે. હું તો દવાઓ પાછળ અને આમ બધાના ઘરે જવામાં પૈસા ખર્ચી ખર્ચીને હવે થાકી ગયો છું. મામા હવે આપ જ મને આમાંથી ઉગારો. હવે શરીર પણ હડદા ખમી શકતું નથી. તમે દયા નહિ કરો ત્યાં સુધી મારો આમાંથી છૂટકારો નથી.” હરિભક્ત સાવ ઢીલા થઈ રડમસ થઈ ગયા.

હરિભક્ત પર મામાને દયા આવી. કરૂણા કરી અતિ હેતે સહિત મામાએ તેમના મસ્તક ઉપર હાથ મૂક્યો. થોડીવાર સંકલ્પ કર્યો. મામાના હાથનો સ્પર્શ થતાં જ હરિભક્તની “ચેઈન ઓફ થોટ્સ” બંધ થઈ ગઈ. વ્યક્તિના નામ જાણવાના વિચારો એકાએક બંધ થઈ ગયા. વિચારોની દ્વિધા ને મૂંઝવણ સદંતર બંધ થઈ ગયા. ઉચાટ ને મૂંઝવણની જગ્યા શાંતિએ લીધી. મન મામાના દિવ્ય સ્પર્શનો અનુભવ કરી આનંદમાં ગરકાવ થઈ ગયું. મનના તળાવમાં વિચારોના તરંગો એક પછી એક ઊઠ્યા જ કરતા હતા. તે તળાવ મામાના સ્પર્શ માત્રથી શીતળ અને શાંત થઈ ગયું. માનસિક મૂંઝવણ ક્યાંય વિસરાઈ ગઈ. ભક્તને મહારાજ અને બાપાશ્રીના અલૌકિક દર્શન થવા લાગ્યા. આ દિવ્ય અનુભવને ભક્ત માણતા રહ્યા. થોડીવાર સુધી તો ભક્ત અને મુક્ત કોઈ કાંઈ બોલ્યું જ નહિ. દિવ્ય સુખની આપ-લેમાં શબ્દોને ક્યાં સ્થાન હોય? મુક્તએ આજે ભક્તનું દુઃખ દૂર કર્યું હતું અને ભક્ત... ભક્ત તો પોતાની કેટલાય દિવસોની મૂંઝવણ એકાએક દૂર થતાં અને

અલૌકિક દર્શન થતાં તેના આનંદમાંથી બહાર આવવા નહોતા માંગતા. થોડીવારે ભક્ત ઊભા થઈ મામાના પગમાં પડી ગયા. ગળગળા થઈ કહેવા લાગ્યા, “આપે આજે મારું દુઃખ ટાળ્યું. કેટલાય દિવસોથી હું મૂંઝાતો હતો. અત્યારે તો જાણે ક્યારેય એ વિચાર હતો જ નહિ તેવું થઈ ગયું. આપના સ્પર્શ અને દિવ્ય દર્શનથી મને શાંતિ થઈ અનેરા આનંદની અનુભૂતિ થઈ. આપના સ્પર્શથી મને આજે મહારાજ તથા બાપાશ્રીના અલૌકિક દર્શનનો લ્હાવો મળ્યો એ મારા મોટા ભાગ્ય.”

મામાએ તેમને સમજાવતાં કહ્યું, “મેં મહારાજને પ્રાર્થના કરી કહ્યું કે આમને મટાડી દો અને મહારાજે મારી પ્રાર્થના સાંભળી ને તમને મટી ગયું.” ભક્ત કહે, “મહારાજને અને તમારે એકતા છે, મહારાજ તમારું સાંભળે છે, તમારા દ્વારા મહારાજ કાર્ય કરે છે તે હું જાણું છું.” મામા કહે, “હંમેશાં કર્તા શ્રીજીમહારાજને જ રાખવા. દરેક કાર્ય મહારાજ કરે છે એમ સમજણ રાખવાથી મહારાજનો વધુ ને વધુ રાજીપો ઊતરે છે. તમને અત્યારે મટી ગયું છે. ફરી કોઈ વખત આવી ‘ચેઈન ઓફ થોટ્સ’ થઈ જાય તો પૈસા ખર્ચી વ્યક્તિના ઘરે ન જતાં અહીં આવજો. ભગવાનના દર્શન કરજો. ભગવાન તમને સારું કરી દેશે.” હરિભક્ત રાજી થઈ જય સ્વામિનારાયણ કરી પોતાને ઘરે ગયા.

❋❋❋

# ૪૮

અનાદિમુક્તને મહારાજ સાથે તાદાત્મકભાવ હોવાથી શ્રીજીમહારાજની શું મરજી છે? શ્રીહરિ શેમાં રાજી થશે? તે બધાથી સુપેરે અવગત હોવાથી દરેક કાર્ય શ્રીજીમહારાજની મરજી જાણીને જ કરે છે. ઘણી વખત આ લોકના જીવને તેમના નિર્ણયો યોગ્ય ન લાગ્યા હોય, પરંતુ અંતે તો ખ્યાલ આવે જ કે મુક્તએ લીધેલ નિર્ણય જ યોગ્ય હતો. અનાદિમુક્ત અખંડ શ્રીજીમહારાજના સુખમાં રસબસ રહે છે. કોઈ પણ કાર્ય કરતા તેઓ એ સુખમાંથી બહાર આવતા નથી. શ્રીજીમહારાજની વ્યતિરેક મૂર્તિના સુખનો અનુભવ તેઓ અખંડ ભોગવતા હોય છે.

એક વખત એક સંસ્થાની મીટિંગ વખતે અમુક નિર્ણયો લેવાના હતા. મામાએ તેમાં અમુક સૂચનો કર્યા તે હાજર રહેલા અમુક અગ્રણીઓને માન્ય ન હતા. મામાએ કોઈ વિરોધ ન દર્શાવ્યો કે કોઈ નારાજગી પણ ન દાખવી. પછી સેવકો સાથે બેઠા હતા ત્યારે મામાએ કહ્યું, “અત્યારે આ લોકોને સમજાતું નથી, પણ પાછળથી માનશે. મુક્ત દ્વારા શ્રીજીમહારાજ પોતે બોલતા હોય છે. આમાં શ્રીજીમહારાજની મરજી હોવાથી મેં એ સૂચનો કર્યા હતા. છતાં કેટલાક સમજી શકતા નથી. હશે ભગવાનને જ્યારે કાર્ય કરાવવું હશે, ત્યારે તેઓમાં પ્રેરણા કરશે ને તેઓ આ વાત માનશે. હું ક્યારેય શ્રીજીમહારાજની મરજી વિરુદ્ધનું કોઈ કાર્ય કરતો નથી. આ એકદમ સત્ય હકીકત

તમને કહું છું. પર્વતભાઈએ જે રીતે સમ ખાઈને કહ્યું હતું કે, "મહારાજ, આ લોકમાં મને સાંઈઠ વર્ષ થયા તેમ લોકો કહે છે, પરંતુ તમારી મૂર્તિ વિના મેં બીજું કાંઈ જોયું હોય તો મને પાંચસો પરમહંસના સમ છે."એવી જ રીતે હું પણ સમ ખાઈને કહી શકું છું કે, મેં મહારાજની મૂર્તિ વિના કાંઈ જોયું નથી."

આ કેટલી બધી ઉચ્ચ કક્ષાની વાત કહેવાય! જીવનમાં મહારાજ સિવાય કોઈ બીજો સંકલ્પ નહિ. અખંડ મહારાજનું દિવ્ય સુખ ભોગવવું તે સુખમાં રહ્યા થકા સર્વે ક્રિયા કરવી અને દરેક કાર્ય મહારાજની મરજી જાણી કરવું. જેમને ખરેખર અનુભવ હોય, આ વસ્તુ જેમણે સિદ્ધ કરી હોય તેમના થકી જ આમ કહી શકાય. બીજા કોઈથી આમ છાતી ઠોકીને કહી શકાય નહિ.

આ છે અનાદિમુક્તપણું અને અનાદિમુક્તની સ્થિતિ.

❋❋❋

## ૪૯

ભાવિક ભક્તોને કોઈ કષ્ટ પડે કે મુશ્કેલી આવે ત્યારે પૂર્ણમુક્ત દયા લાવી તેને દૂર કરી દે છે. એ માટે પોતે કષ્ટ સહન કરવું પડે તો કરે છે અને તેને ગણકારતા નથી. આપણે તો ક્યારેક કોઈકને જરાક મદદરૂપ થયા હોઈએ તો તેનો અહેસાસ મદદ લેનારને કરાવી દેતા હોઈએ છીએ. ભલે તેની પાસેથી એ વખતે કોઈ અપેક્ષા ન હોય, પણ હું મદદરૂપ થયો છું તેવી જાણ તો કરીએ જ છીએ. અને આશા રાખીએ છીએ કે ભવિષ્યમાં તે પણ મને જરૂર પડે મદદરૂપ થશે. જ્યારે અનાદિમુક્તને જીવો પાસેથી કાંઈ લેવાનું હોતું નથી. તેઓ તો સદાય આપતા જ રહે છે. કૃપાદૃષ્ટિ વરસાવતા જ રહે છે. અને ઘણી વખત જીવોને તેની જાણ પણ થવા દેતા નથી. આવા અનેક ગુણોને લઈને તેઓ અનાદિમુક્તની પંક્તિમાં સ્થાન પામ્યા હોય છે. નિઃસ્વાર્થતા તો ખરી જ, પરંતુ મદદરૂપ થવા પોતે કષ્ટ વેઠવા પણ તૈયાર. એ કેવડી મહાનતા!

એક વખત એક ભાવિક હરિભક્ત મામાને મળવા આવ્યા. મામા પાસે થોડીવાર બેઠા અને કોઈ સેવા હોય તો બતાવવા મામાને કહ્યું. મામા કહે, “કામ તો છે, પણ તમે જમીને બપોરે એક વાગે તમારું સ્કૂટર લઈને આવજો. આપણે પુસ્તકો ખરીદવા જવાનું છે. મોડું નહિ કરતા.” આવું સાંભળતાં ત્યાં ઊભેલા સેવકે કહ્યું, “મામા, સામે સેવકની ગાડી ઊભી જ છે. તમે તેમાં જજો અત્યારે મે

મહિનામાં બપોરે સ્કૂટર પર બહુ તડકો લાગશે ને ગરમી ઘણી થશે.” મામા કહે, “તેનો કાંઈ વાંધો નહિ. ભલે ગરમી લાગે. આજે તેમની સાથે જ જવું છે.” સેવક કહે, “દયાળુ! આપ ભલે તેમની સાથે જ જજો પણ ગાડીમાં જેથી તડકો ઓછો લાગે.” મામા કહે, “ના, તેમના સ્કૂટર પર જ જવું છે.” આવો આગ્રહ સેવકને સમજાયો નહિ. આ વિશે મામાને પૂછતાં મામાએ જણાવ્યું, “એમાં તને સમજ ન પડે. હું જે કરું છું તે બરાબર કરું છું. મારે કેમ કરવું તે મને ન ખબર હોય?” સેવક કહે, “મામા, આપને તો બધી ખબર જ હોય આપ બરાબર જ કરતા હો.” મામા કહે, “બસ ત્યારે. તેમને વ્યાવહારિક મુશ્કેલીઓ છે. અત્યારે મને પુસ્તકો લેવા લઈ જશે એટલી અલ્પ સેવાથી પણ તેમની એ મુશ્કેલી દૂર થઈ જશે. મુક્તની સેવામાં મહારાજની સેવા આવી જાય છે. આટલી અમથી સેવાથી મહારાજ તેમની તકલીફ દૂર કરશે.” સેવક સાંભળી રહ્યો કહે, “મામા, મને આવી ખબર નહિ. મને તો એમ કે, આવા તડકામાં તમે સ્કૂટર પર એટલે દૂર સુધી જશો તો લૂ લાગી જશે, તેથી હું ગાડી લઈ જવાનું કહેતો હતો. આવા રહસ્યની તો મને કઈ રીતે ખબર પડે? પણ તેમની તકલીફ દૂર કરવા આપ તકલીફ ઉઠાવશો?” મામા કહે, “આ તો કાંઈ નથી. ભક્તોની તકલીફ દૂર કરવા મહારાજ પોતે કષ્ટ વેઠતા તો આપણે શું? આ અલ્પ સેવાથી તેનું સારું થશે.” સેવક કહે, “આ વાતની તેમને જાણ છે?” મામા કહે, “જાણ નથી અને જાણ કરવી પણ નથી. એવું જણાવવાની આવશ્યકતા નથી. સેવા થશે એટલે આપોઆપ

તકલીફ દૂર થઈ જશે.”

હરિભક્ત સમયસર આવી ગયા ને મામા તેમની સાથે ભર ઉનાળામાં સ્કૂટર પર બેસીને ગયા. હરિભક્તને જાણ પણ ન થઈ કે આ એક અલ્પ સેવામાં પોતાની મોટી તકલીફ દૂર થઈ જવાની છે. સેવક આવી કરુણા નિહાળી મામાને વંદી રહ્યો. ત્યાર બાદ તે હરિભક્તની તકલીફ દૂર થઈ ગયેલી.

❋❋❋

## ૫૦

અનાદિમુક્તની સાથે રહીએ, તેમની સાથે આપોપું કરીએ, ખરા અર્થમાં તેમના સંગી થઈએ ત્યારે જ તેમને થોડા-ઘણા જાણી શકાય. તેમનો કહેવાનો ભાવાર્થ શું છે? તેઓ જે કાંઈ પણ કહે છે તે આપણા ભલા માટે જ છે. તેમાં તેમનો કોઈ સ્વાર્થ નથી. આવી સમજણ તેમને ઓળખીએ ત્યારે જ આવે. કહેવાય છે ને કે મહારાજ અને મુક્ત પાસે રહેવું તે ખાંડાની ધારે રહેવા જેવું છે, પરંતુ એક વખત જીવના કલ્યાણનો ખપ થાય તો પછી તેમનો સમાગમ અત્યંત પ્રિય થઈ પડે છે. જો મહિમા ન સમજાયો હોય તો ઘણી વખત મુક્તના કાર્યો, તેમની વાણી, જીવની પોતાની ખામીને કારણે સંકલ્પ કરાવી જાય તો તેના જીવનું બગડી જાય. જો કે મુક્ત એવા દયાળુ હોય છે કે જીવને પાછો પડવા દેતા નથી.

એક વખત સેવકો જ્ઞાનભવનમાં પુસ્તકો ગોઠવવાની સેવામાં આવ્યા હતા. મામા દરેકને યોગ્ય સૂચનાઓ આપી કામની સોંપણી કરતા હતા. દરેક જણ મામાએ સોંપેલા કાર્યો ઉપાડી લઈ કામમાં પરોવાયા હતા. આવા સમયે મામા પોતે પણ સેવકોની સાથે કામ કરતા. એવામાં મામાને બહાર જવાનું થયું. સેવકોને જરૂરી સૂચનાઓ આપી કહ્યું, દોઢથી બે કલાકમાં તેઓ પરત ફરશે. ત્યાં સુધીમાં જો કામ પતી ગયું હોય તો દરવાજો બરાબર બંધ કરી બધા નીચે ઊતરે. સેવકોએ તેમ કરવા હા પાડી.

મામા ગયા ને સેવકોની કામ કરવાની ગતિ ધીમી પડી ગઈ. ધીમે-ધીમે બધા વાતોએ વળગ્યા. બધાને એમ કે મામા બે કલાકે આવશે તેટલા સમયમાં તો કામ થઈ જશે. વાતો કરતા કામ કરવાથી યોગ્ય ધ્યાન રહ્યું નહિ ને વાતોમાં ને મશ્કરીમાં સમય વ્યતિત થઈ ગયો. સમય આપ્યા કરતાં મામા થોડા વહેલા આવી ગયા. પુસ્તકાલયમાં જોયું તો બધા ઠઠ્ઠા-મશ્કરી કરતા ગમે-તેમ કામ કરી રહ્યા હતા. મામાને હાસ્ય-વિનોદ પસંદ નહોતા એવું નહોતું. ઘણી વખત વાતો કરતા તેઓ કહેતા, "શ્રીજીમહારાજ આનંદરૂપ છે. ધામમાં ગ્લાનિ જેવું કાંઈ છે જ નહિ, ત્યાં તો કેવળ સુખ અને આનંદ જ છે." પરંતુ તેઓ એ વાતના આગ્રહી હતા કે જ્યારે કામ કરતા હોઈએ, ત્યારે એક ચિત્તે કામ કરવું. નહિ તો કાર્યની ગુણવત્તા ઘટી જાય છે. આરામની પળોમાં તમે આનંદ-વિનોદ કરી શકો છો. મામા પોતે કાર્ય કરવામાં એટલા બધા પરફેક્ટ (પૂર્ણ) હતા કે તેમના કાર્યમાં ક્યારેય કોઈ ત્રૂટિ હોય જ નહિ. અને બીજાના કાર્યમાં ત્રૂટિ તેઓ ચલાવી લેતા નહિ. તેમનું વ્યક્તિત્વ એવું પ્રભાવશાળી કે કામના સમયે તેમની હાજરીમાં કોઈ હાસ્ય-વિનોદ કરી શકતું નહિ.

મામાને આવેલા જોઈ સૌ શાંત થઈ ગયા. મામાએ દરેકને તેના કામ વિશેની પૃચ્છા કરી. દરેકે પોતાના કામની વિગતો આપી. મોટા ભાગનાનું થોડું કામ બાકી હતું. મામાએ દરેકનું કામ તપાસ્યું. દરેકે-દરેક સેવકના કામમાં ભૂલો હતી. કોઈનું કામ વ્યવસ્થિત થયું ન હતું. મામાએ સેવકો ઉપર ક્રોધ વરસાવ્યો. એ ક્રોધ એવો હતો

કે દરેક જણ ડઘાઈ ગયા. ગભરાવા લાગ્યા કે આજે મામા નારાજ થયા છે. મામા ક્રોધિત થઈ બોલ્યા, “મહારાજનું કામ છે એમ હજી મનાતું નથી એટલે આમ થાય છે. હું ગયો એટલે મને ખબર નહિ પડે એમ ધારો છો? મારી તો અહીં કાયમ હાજરી હોય છે. ફરક માત્ર તમારી નજરનો છે. આ ચક્ષુથી તમે આ જ રૂપ જોઈ શકો છો. આથી હું અહીં નથી ને બહાર ગયો છું તેમ માનો છો. મહારાજ સાથે હું સદાય હોઉં જ છું. કોન્સનટ્રેશનવાળા (એકાગ્રતાવાળા) કામમાં વાતો કરો તેથી જ કામમાં ભૂલો થાય છે. વાતો કરવામાં મારી સૂચનાનું કોઈ પાલન કરી શક્યું નથી ને મનફાવે તેમ કામ કર્યું છે. બધું કામ ફરીથી કરવું પડશે. સમય અને શક્તિ બંને વેડફાયા.”

મામાના ક્રોધ સામે સેવકો સૂન થઈ ગયા. ફક્ત હાથ જોડી મામા સમક્ષ ઊભા રહ્યા. એક સેવકે હિંમત કરી બધા વતી માફી માંગી ને રાજી રહેવા કહ્યું. બધા સેવકો મામાના ચરણોમાં પડી ગદ્‌ગદ ભાવે પ્રાર્થના કરી માફી માગવા લાગ્યા. મામાએ રાજી થઈ દરેકને આશીર્વાદ આપ્યા. પછી પ્રેમસહિત સમજાવ્યું, “અત્યારે મારું આવું વર્તન જોઈ સંકલ્પો કરવા મંડી ન જવું. આ ક્રોધ હું નથી બતાવતો. આ તો શ્રીજીમહારાજ તમને પોતાના જાણી ક્રોધ બતાવે છે. જેથી જીવનમાં ફરી ક્યારેય આવી ભૂલ ન થાય. બાકી મને તો ક્યારેય ક્રોધ આવતો જ નથી. મેં મારા જીવનમાં ક્યારેય ક્રોધ કર્યો જ નથી. આ હું તમને એકદમ સત્ય વાત કહું છું. મહારાજ જ ક્રોધ દર્શાવે છે.”

સેવકો કહે, "મામા, અમે જાણીએ છીએ. શ્રીજીમહારાજ તમારા દ્વારા દરેક કાર્ય કરે છે. અને આપનું દરેક વર્તન જીવોના કલ્યાણ માટે જ હોય છે. અમે આપનો મહિમા જાણીએ છીએ. તમારા કોઈ પણ વર્તનમાં અમને ક્યારેય સંકલ્પ ન થાય તેવા આશીર્વાદ આપો, સદાય તમારો મહિમા વધુ ને વધુ જાણીએ તેવી કૃપા કરજો." સેવકો મામાના પગમાં પડી ગયા. મામાએ પણ રાજી થઈ બધાને ખૂબ આશીર્વાદ આપ્યા.

શ્રીજીમહારાજે મામા દ્વારા આજે ક્રોધ દર્શાવ્યો તે પણ આશીર્વાદ કહેવાય તેવું જ્ઞાન આજે સેવકોને થયું હતું. દરેક જણ મામાની સૂચના પ્રમાણે પાછા કામે લાગી ગયા.

❊❊❊

# ૫૧

સ્વામિનારાયણ મંદિર સરસપુરમાં સ. ગુ. શ્રી વૃંદાવનસ્વામીના શિષ્ય વયોવૃદ્ધ સંત મૂર્તિ શ્રી હરિજીવનદાસજીને મામાને વિશે ખૂબ હેત અને દિવ્યભાવ. મામા પોતે પણ આ લોકમાં રહ્યા ત્યાં સુધી સ્વામીની સંભાવના રખાવતા. વાર-તહેવારે ફળ-ફળાદિ, સૂકો મેવો, ફૂલહાર, બીજી જરૂરી ચીજ-વસ્તુઓ સ્વામીને મોકલાવતા. તેમના પછી પૂ. લીલામાસીએ પણ એ ચીલો ચાલુ રાખેલો.

આ સંત મૂર્તિ મામાનો બરોબર મહિમા જાણતા અને મામાની સ્થિતિથી પણ વાકેફ હતા. એક વખત મામા સેવક સાથે લાઈબ્રેરીના પુસ્તક ખરીદવા નીકળેલા. ધાર્યા કરતાં કામ વહેલું પતી જવાથી મુક્તરાજ સરસપુર સ્વામીના દર્શને આવ્યા. મુક્તરાજને આવેલા જોઈ સ્વામી ઘણા રાજી થયા. તરત ઊભા થઈ મામાને ભેટ્યા અને અભિવાદન કર્યું. મામા પણ સ્વામીને પગે લાગી બેઠા. થોડી વાતો થયા પછી સ્વામી કહે, “મેં સદ્‌ગુરુઓશ્રીની સેવાનો ઘણો લાભ લીધેલો તેથી આમ આંતરિક સુખ-શાંતિ વર્તે છે. ભગવાન પણ બરોબર સંભારાય છે, પણ તમે જેમ મહારાજની દિવ્ય મૂર્તિનું અલૌકિક સુખ ભોગવો છો તેવું સુખ મને નથી આવતું. તો આપ મહારાજને પ્રાર્થના કરો કે મને એવું સુખ આપે. આપ સ્વતંત્રમુક્ત છો અને એ સુખ આપવા સમર્થ છો માટે આપને કહું છું.” મામા કહે, “તમે તો એ સુખમાં જ છો.” ત્યારે સ્વામી એકદમ

નિખાલસભાવે, નિર્દંભ થઈ કહે, “હું સત્ય કહું છું મને આપના જેવા સુખનો અનુભવ નથી.” આમ એકદમ નિર્દોષભાવે સત્ય વાત મામાને કરી. મામા કહે, “અંત વખતે મહારાજ આપને એવા સુખનો ચોક્કસ અનુભવ કરાવી તેડી જશે.”

આમ જ્યારે વયોવૃદ્ધ સંત જેઓ નિષ્કામી અને ત્યાગ-વૈરાગ્યયુક્ત હોવા છતાં મામાનો મહિમા જાણી તેમને પ્રાર્થના કરતા હોય, ત્યારે મામાની મહાનતા, તેમના સામર્થ્યનો ખ્યાલ આવે કે, કેવા જબરદસ્ત સામર્થ્ય ધરાવનારા મુક્તનો આપણને જોગ-સમાગમ થયો. તેમના આશીર્વાદ મળ્યા, તેમની સેવાનો લાભ મળ્યો તે વિચારી પોતાને ધન્ય માની તેની ખુમારી રાખવી.

❊❊❊

# પર

મુંબઈની એક હૉસ્પિટલમાં મામા સેવક અને હરિભક્ત સાથે કામ હોવાથી ગયા હતા. ડૉક્ટરને મળવા જતાં વ્હીલચેર પર ત્યાંથી પસાર થતા એક દર્દી પાસે મામા ઊભા રહ્યા. તેના શરીરે હાથ ફેરવ્યો, માથા પર હાથ મૂક્યો કાંઈક સંકલ્પ કર્યો અને ત્યાંથી પસાર થઈ ગયા. ન તો એ દર્દીને કાંઈ પૂછ્યું કે ન તેને કાંઈ કહ્યું. બસ એક ક્રિયા થઈ અને પાછા પોતે ચાલવા લાગ્યા. ન તો દર્દી મામાને ઓળખતો હતો અને ન તો મામા દર્દીને. સાથેના સેવકને કાંઈ સમજાયું નહિ અને દર્દીને પણ કાંઈ સમજાયું નહિ. બંને પક્ષે મનોમન સંકલ્પો ચાલતા રહ્યા. સેવકને થયું મામાએ આ શું કર્યું? અને દર્દી પણ એ જ વિચારે કે આ શું કર્યું? અને શા માટે? દર્દીને એ જ સમજાતું નહોતું કે આમ અચાનક જ એક વ્યક્તિ તેની પાસે ઊભી રહી શરીર પર હાથ ફેરવ્યો માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા અને ચાલી ગઈ... બસ. દર્દી વિચારમગ્ન અવસ્થામાં જ મામાને જતા જોઈ રહ્યો.

કામની વ્યસ્તતાને કારણે સેવક પણ એ વિશે પૂછી શક્યો નહિ ને વાત વિસરાઈ ગઈ, પરંતુ થોડા વખત પછી એ દર્દી હરિભક્તને એક ક્લબમાં મળ્યા ત્યારે હરિભક્તને પૂછ્યું કે, “તે દિવસે હૉસ્પિટલમાં તમારી સાથે હતા એ કોણ હતા? જેમણે મારા શરીરે હાથ ફેરવી મને આશીર્વાદ આપ્યા હતા.” હરિભક્તે તેમને મામાનો થોડો

પરિચય આપ્યો કે તેઓ અમારા ગુરુ છે. આધ્યાત્મિકતામાં પૂર્ણ સ્થિતિને પામેલા છે. ભગવાન સ્વામિનારાયણની આજ્ઞાથી તેઓ કેવળ જીવોના કલ્યાણ અર્થે પૃથ્વી પર પધાર્યા છે. પેલા ભાઈ કહે, "તેઓ આવા મહાન છે તેવી તો અત્યારે ખબર પડે છે, પરંતુ તેઓ ચમત્કારી પુરુષ તો છે જ. ત્યારે તેમણે મારા શરીરે હાથ ફેરવી આશીર્વાદ આપ્યા એ વખતે મને કાંઈ સમજાયું નહોતું, પરંતુ અત્યારે તમે મને જુઓ, ત્યારે હું વ્હીલચેરમાં હતો અને મને પેરેલીસીસનો એટેક આવ્યો હતો. હું તેમને ઓળખતો નહોતો કે તેઓ પણ મને ઓળખતા નહોતા. છતાં તેમણે કરુણા કરી મને આશીર્વાદ આપ્યા ને હું સાજો થઈ ગયો! કેવી અદ્ભુત વાત! આ યુગમાં આવા અકારણ કૃપા કરનારા પણ છે તે જાણી મને સાનંદાશ્ચર્ય થાય છે. એક અજાણી વ્યક્તિ પર કેટલી બધી કૃપા!!! આ વાત સાંભળી હરિભક્ત પણ ભાવવિભોર થઈ મનોમન મામાને વંદી રહ્યા.

"કોઈને દુઃખીયો રે દેખી ન ખમાય." એને સાર્થક કરતા હોય તેમ મામા નિઃષ્કારણ કૃપા વરસાવતા. પોતાના કરુણા વરસાવવાના સહજ ગુણને લીધે દુઃખી વ્યક્તિને જોઈ કુદરતી જ એ તરફ કરુણા વરસાવી તેને ન્યાલ કરી જીવનભરનું સંભારણું કરી આપ્યું.

❋❋❋

## ૫૩

એક હરિભક્ત મામાની રૂમમાં ચિંતાગ્રસ્ત થઈ મામાને વાત કરી રહ્યા હતા. મામા ધ્યાનથી તેમની વાત સાંભળી રહ્યા હતા. હરિભક્ત કહી રહ્યા હતા કે, "મામા, અમારી પાસેથી એક્સાઈઝનો ખોટો ચાર્જ કરી વધારે રકમ લઈ લીધી છે. તે રકમ ઘણી મોટી છે. એ બાબતનો કેસ આપણે કર્યો છે. અત્યારે સુપ્રીમ કોર્ટમાં કેસ ચાલે છે. આજે જજ ચુકાદો આપવાના છે તો મામા આપ આશીર્વાદ આપો કે બધું સમુંસૂતરું પાર ઉતરે. રકમ નહિ મળે તો અમને ઘણો આર્થિક ઘસારો પડશે." મામા કહે, "તમારી પાસેથી જો ખોટી રીતે વધારે પૈસા લીધા હશે તો ભગવાન તે જરૂરથી પાછા અપાવશે. ચાલો આપણે બંને ભગવાનને પ્રાર્થના કરીએ." આમ કહી મામા પ્રાર્થના કરવા લાગ્યા. સાથે હરિભક્ત પણ પ્રાર્થના કરવા લાગ્યા.

થોડીવારે મામાએ આંખો ખોલી અને જજ આ પ્રમાણે ચુકાદો આપશે એમ હરિભક્તને કહી સંભળાવ્યું. હરિભક્ત મામા પાસે બેઠા હતા. દિલ્હીથી તેમના ભાઈનો ફોન આવ્યો અને જજે જે ચુકાદો આપ્યો હતો તે સંભળાવ્યો. સાંભળી હરિભક્ત એકદમ ચકિત થઈ ગયા. તેમને ઘણું જ આશ્ચર્ય થયું. થોડીવાર પહેલાં મામા જે શબ્દો બોલ્યા હતા, બરાબર એ જ શબ્દો વાપરી જજે પોતાનો ચુકાદો આપ્યો હતો. ફોન પર એના એ જ શબ્દો સાંભળી હરિભક્તને ઘણું આશ્ચર્ય થયું. તેમને ખાતરી થઈ

કે મામાએ પ્રાર્થના કરી તેનું જ આ પરિણામ છે. ચુકાદો તેમના પક્ષમાં આવ્યો હતો. અને મામા બોલ્યા હતા તે પ્રમાણે હરિભક્તને તેમના પૈસા વ્યાજ સાથે પાછા મળ્યા હતા. આથી હરિભક્ત ઘણા રાજી થયા. તેમને મામાની સંકલ્પ શક્તિનો પરચો મળી ગયો. હરિભક્ત મામાને પગે લાગ્યા. મામા કહે, "તમે સાચા હતા અને તમારી પાસેથી ખોટી રીતે પૈસા લઈ લીધા હોવાથી ભગવાને તમારી સહાય કરી અને તમને વ્યાજ સાથેના પૈસા પરત મળ્યા." હરિભક્ત કહે, "મામા, આ બધો આપના વચનનો પ્રતાપ છે. નહિતર આપ જે બોલ્યા એ જ શબ્દો જજ કઈ રીતે બોલે? તમે કહ્યું હતું તે રીતે જ પૈસા મળી ગયા."

સાચી વ્યક્તિની સહાયમાં મહારાજ અને તેમના મુક્ત હોય જ છે. જીવનમાં કસોટીનો સમય આવે ત્યારે સંકલ્પે ચડ્યા વગર, મહારાજ અને મુક્તમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખી, હૃદયના ખરા ભાવથી તેમને પ્રાર્થના કરવાથી તેઓ સહાય કરી કસોટીમાંથી પાર ઉતારે છે. જીવન-વ્યવહારમાં સારા-માઠા સંજોગો તો આવે, તેમાં ધીરજ રાખી તે સમય પ્રભુભજન કરી તેમનામાં પૂર્ણ શ્રદ્ધા રાખી પસાર કરવાથી કૃપાળુ પરમાત્મા અને તેમના લાડીલા મુક્ત ચોક્કસ સહાય કરે છે.

❊❊❊

## ૫૪

શ્રીજીમહારાજની ઇચ્છાથી જીવોના કલ્યાણ કરવા પૃથ્વી પર પધારેલા અનાદિમુક્તનું એક જ લક્ષ્ય હોય છે કે કેમ કરી જીવો મહારાજ સન્મુખ થાય. કેમ કરી તેઓ મહારાજનું તત્ત્વજ્ઞાન સાચા અર્થમાં સમજે, કે બાહ્ય રીતે સારું દેખાય એ સાચો સત્સંગ નથી. ભગવાનની મૂર્તિ અંતરમાં દેખાય એ સાચો સત્સંગ છે. અખંડ ભગવાનનું દિવ્ય સુખ અનુભવાય તે છે સાચો સત્સંગ. આ જ્ઞાન જીવો સુધી પોતાના વાણી-વર્તન દ્વારા અનાદિમુક્ત પહોંચાડે છે. અને એ સંદેશ જીવો સુધી તેમના હૃદય પરિવર્તન થઈ જાય એટલી હદે પહોંચે છે, છતાં પણ આ લોકના સામાન્ય જીવોને ક્યારેય પણ તેમના પહેરવેશ જેવી ક્ષુલ્લક બાબતમાં પણ જો સંકલ્પ થાય તો પણ અનાદિમુક્ત તે બાબતનું પણ ધ્યાન રાખી તેમાં બદલાવ લાવે છે.

અનાદિમુક્ત મામાએ આ લોકની કહેવાતી વિજ્ઞાન શાખામાં પોતાનો અભ્યાસ સંપન્ન કર્યો હતો. અને મહારાજનું તત્ત્વજ્ઞાન પણ તેઓ વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં મૂકી જીવોને સમજાવતા કે જેથી આજના બુદ્ધિશાળી વર્ગને એ બરાબર સમજાય અને એ જ્ઞાનમાં વિશ્વાસ ધરાવતા થાય. મામા જેમ વ્યવહારુ બની મહારાજનું જ્ઞાન સમજાવતા, તેમ વ્યવહારમાં પણ તેઓ એવા જ વ્યવહારુ હતા. પોતાના વ્યાવસાયિક કાળ દરમ્યાન તેઓ સાદા, પરંતુ પ્રસંગોચિત્ત વસ્ત્રો ધારણ કરતા. એવા સાદા વસ્ત્રોમાં પણ

તેમનું વ્યક્તિત્વ પ્રભાવશાળી જ લાગતું.

એક વખત શાળામાં મિટિંગ હોવાથી મામા મિટિંગને અનુરૂપ કોટ, પેંટ, ટાઈ, હેટ જેવો પહેરવેશ પહેરી મિટિંગમાં હાજરી આપવા ગયા હતા. મિટિંગ પૂરી થયા પછી ત્યાંથી સીધા મંદિરે દર્શન કરવા ગયા. પોતાની ટેવ પ્રમાણે મામા એક ચિત્તે દર્શન કરતા હતા. એ વખતે જ એક હરિભક્તે મામાને આવા પહેરવેશમાં જોયા. એને એમ સંકલ્પ થયો કે મામા જેવા મુક્તએ પણ જો કેવો લોક રીત પ્રમાણેનો પહેરવેશ પહેર્યો છે. આમ સંકલ્પ કરી મામાને મળ્યા વગર તેઓ ચાલ્યા ગયા. અને મામા પણ દર્શન કરી ઘરે આવ્યા.

થોડા દિવસે એ હરિભક્ત ખિન્ન મને, ઉદાસ ચહેરે અને હાથમાં પાટો બાંધેલો, એવા મામા પાસે આવ્યા. આવીને મામાના પગમાં પડી ગયા. મામાની માફી માંગવા લાગ્યા. પશ્ચાત્તાપ કરતા માફી આપવા મામાને વિનવવા લાગ્યા. મામા કહે, “આમ કેમ કરો છો? ઊભા થાઓ. શું વાત છે તે તો કહો?” હરિભક્ત કહે, “આપ કોટ, પેંટ પહેરી તે દિવસે મંદિરમાં દર્શન કરતા હતા. એ જોઈ મને સંકલ્પ થયો કે મહારાજના મુક્ત થઈને કેવો પહેરવેશ પહેર્યો છે? આવો સંકલ્પ થયા પછી હું કામે ગયો. ભગવાને તમારા વિશે સંકલ્પ કર્યાની મને સજા કરી. મારો હાથ મશીનમાં આવી ગયો. આપના જેવા મુક્તપુરુષને વિશે સંકલ્પ થયો તે બદલ આપની ક્ષમા માંગવા આવ્યો છું. હવે પછી ક્યારેય આપના વિશે મનુષ્યભાવના સંકલ્પ ન થાય એવા આશીર્વાદ આપો.”

હરિભક્તના મુખે આવી વાત સાંભળી મામા આશ્ચર્યમાં પડ્યા. કહે, “તમે મારા વિશે સંકલ્પ કર્યો માટે આમ થયું એ વાત શક્ય નથી. મનમાંથી એ વાત કાઢી નાંખો. એ તો થવા કાળ થયું. બાકી તમારા સંકલ્પને અને આ અકસ્માતને કોઈ સંબંધ નથી. ભગવાન તો દયાળુ છે. સંકલ્પ થાય તેમાં સજા કરે એવા નથી. એ તો દયાના સાગર છે. કુપાત્ર જીવ પર પણ દયા કરી પોતા પાસે રાખે છે. તો તમે તો સત્સંગી છો. પછી સજાનો સવાલ જ ક્યાં ઉદ્‌ભવે છે?” હરિભક્ત કહે, “મેં સંકલ્પ કર્યો અને તરત મને અકસ્માત થયો. મારું અંતરમન એ વખતે જ ડંખ્યું, કે નક્કી આ મારા સંકલ્પ કર્યાનું જ પરિણામ છે. માટે હું આપની પાસે માફી માંગવા આવ્યો છું.”

મામા કહે, “ગમે તેવો ગુનો કર્યો હોય અને તેને હૃદયના ખરા ભાવથી પશ્ચાત્તાપ થાય તો ભગવાન પણ એને માફ કરે છે. આપે તો એવો કોઈ ગુનો કર્યો નથી. છતાં માફી માંગી પશ્ચાત્તાપ કરો છો તો ભગવાન માફી આપે જ. એમાં કોઈ પ્રશ્ન રહેતો નથી, પરંતુ હું તમને એક પ્રશ્ન પૂછું નિખાલસતાથી તેનો ઉત્તર આપજો. આપને મારા વિશે એવો સંકલ્પ શા માટે થયો?” હરિભક્ત કહે, “અમારા જેવા દરેક સામાન્ય જીવના મનમાં ભગવાનના મુક્ત માટેની એક માનસિક છબી તૈયાર હોય છે. એ પ્રમાણે ન દેખાતાં સંકલ્પ થઈ જાય.” મામા કહે, “તમારી વાત બરાબર છે. તમે નિખાલસતાથી જવાબ આપ્યો છે. હવે હું તમને સમજાવું. આધ્યાત્મિકતાને અને વસ્ત્રોને કોઈ નિસ્બત ખરી? કોઈ નહિ. એવું થોડું છે કે કોટ, પેંટ

પહેરનારી વ્યક્તિ ઓછી આધ્યાત્મિક હોય અને સાવ સાદા કપડાં પહેરનારી વ્યક્તિ વધુ આધ્યાત્મિક. જો એમ હોત તો દરેક ગરીબ વ્યક્તિ આધ્યાત્મિક હોવી જોઈએ. જેમ વધુ રંક તેમ વધુ આધ્યાત્મિક. કારણ કે જેમ વધુ રંક હોય તેમ તેના કપડાં વધુ સાદા રહેવાના. પણ એવું હોતું નથી. હા, ભગવાનના મુક્તો આ લોકના કહેવાતા રજોગુણી, ભાત-ભડકીલા અને ચિત્ર-વિચિત્ર કપડાં પહેરતા નથી. તે બરાબર છે. પરંતુ આ લોકમાં આવી તેમણે જે વ્યવસાય અપનાવ્યો હોય તે વ્યવસાયને અનુરુપ તો પહેરવેશ પહેરવો પડે કે નહિ? કાંઈ જુદો પહેરવેશ પહેરવાથી આધ્યાત્મિક સ્થિતિ ઓછી વધુ થઈ જવાની છે? મુક્તની આધ્યાત્મિક સ્થિતિનું માપદંડ કાંઈ વસ્ત્રો નથી. બરાબર છે? મારી વાત તમને સમજાય છે? તમને અકસ્માત નડ્યો એ તો બનવાકાળ હતું. આથી મગજમાંથી સંકલ્પવાળી વાત સાવ કાઢી જ નાંખજો. હવે નિર્વિકલ્પ થઈને જાવ." હરિભક્તને મનમાં શાંતિ થઈ. પોતાની અપરાધભાવના નીકળી ગઈ. અને તેમને એ પણ જાણવા મળ્યું કે ક્ષુલ્લક ગણાતી બાબતોને મોટું સ્વરૂપ આપી મુક્તને વિશે સંકલ્પ કરવા મંડી ન પડાય. મામાને પગે લાગી તેઓ ઘરે ગયા.

જે પહેરવેશ હરિભક્તોને સંકલ્પ કરાવે, મનમાં શંકા જગાડે તે પહેરવેશ મુક્તને ન ઘટે. આમણે તો એવો કોઈ સંકલ્પ કર્યો નહોતો, પરંતુ કદાચ ભવિષ્યમાં કોઈ બીજાને એવો કોઈ બીજો સંકલ્પ થઈ જાય તો તેના જીવનું બગડી જાય. જ્યારે અનાદિમુક્તનું પૃથ્વી પર આગમન જીવોના કલ્યાણ માટે હોય છે. તેઓ દરેક જીવ પર દયા આણી

તેને પ્રભુ સન્મુખ કરે છે. નહિ કે તે પ્રભુથી દૂર થાય. આવા સંકલ્પો તેમને ચોક્કસ પ્રભુથી દૂર કરે. એ માટે વાણી-વર્તન કે પછી પહેરવેશ કાંઈ પણ જીવોને સંકલ્પ કરાવી ભગવાનથી દૂર કરે તેવા ન હોવા જોઈએ. આવું વિચારી મામાએ ત્યાર પછી ક્યારેય કોટ, પેંટ પહેર્યા નહિ અને સર્વમાન્ય ધોતિયું અને ઝભ્ભો એને કાયમનો પહેરવેશ બનાવી દીધો. જે પહેરવેશ કોઈને સંકલ્પ ન કરાવે અને મનમાં આદરભાવ જન્માવે.

લોકોના મગજમાં એક ગ્રંથિ પડી ગઈ છે કે મહારાજના મુક્ત હોય તેઓ સાદા વસ્ત્રો જ ધારણ કરેલા હોય. આ ગ્રંથિને મગજમાંથી કાઢી શકતા નથી. આથી જેને જ્ઞાને કરીને અનાદિમુક્ત માન્યા હોય તેને પણ બીજા પહેરવેશમાં જોવા તેમનું મન તૈયાર થતું નથી. સામાન્ય જીવોએ મુક્ત માટેની આવી કેટલીયે ગ્રંથિઓ બાંધી રાખી હોવાથી મુક્ત પોતાનો પહેરવેશ સાદો રાખે છે કે જેથી જીવોને તેમના પ્રત્યે આદરભાવ રહે. એ આદરભાવ પણ તેમને ભગવાન તરફ જવા સહાયરુપ થાય છે.

જેઓ પૂર્ણ નથી તેમને જ રજોગુણી વસ્ત્રોની આવશ્યકતા રહે છે. જે પહેરી તેઓ પ્રભાવ પાડવા મથતા હોય છે. જ્યારે અનાદિમુક્તને આ લોકના કહેવાતા પ્રભાવ પાડી આપનારા કોઈ બાહ્ય સાધનોની આવશ્યકતા હોતી નથી. તેઓ પૂર્ણ છે. તેમની પાસે જે અસીમ જ્ઞાન, જે અગાધ સામર્થ્ય, જે કૃપા સાધ્યતા છે તે કોઈ બાહ્ય આવરણોની મોહતાજ નથી. જે તેમના પરિચયમાં આવે છે તેને એ બાબતનો ખ્યાલ આવ્યા વગર રહેતો નથી.

અનાદિમુક્તમાં સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ રાખવાથી તેઓ જે અખંડ સુખના ભોક્તા છે તેનો અનુભવ પાત્ર જીવને કરાવે તેવા સમર્થ હોય છે. આથી ક્યારેક આપણે નક્કી કરેલી મુક્ત વિશેની ખોટી વ્યાખ્યા પ્રમાણે ન દેખાય ત્યારે સંકલ્પે ચડી જઈ મનુષ્યભાવ ન લાવવો. એક વખત અનાદિમુક્ત જાણ્યા પછી તેમના પ્રત્યે સદાય દિવ્યભાવ જ રાખવો. તો તેમનો રાજીપો પ્રાપ્ત થાય છે. અને તેઓ આપણને ભગવાનની નજીક પહોંચવામાં મદદરૂપ થાય છે.

❋❋❋

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન શાને માટે ?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે–

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

ભગવાન અને તેમના મુક્ત જ્યારે પ્રગટ થાય છે,

ત્યારે જેને ભગવાન મેળવવાની ઈચ્છા હોય

તેને પ્રભુ અને મુક્ત પોતે જ શોધી કાઢે છે.

- પૂજ્યશ્રી નારાયણભાઈ

Website: www.shriswaminarayandivinemission.org

Email: info@shriswaminarayandivinemission.com